ISSN 0976-9809 V-Vidyanagar

વર્ષ : ૧૬ અંક : ૭

જુલાઈ ૨૦૧૪

સળંગ અંક : ૫૧૩

# વિ-વિદ્યાનગર




CHARUTAR VIDYA MANDAL
VALLABH VIDYANAGAR




ચારુતર વિદ્યામંડળ (સીવીએમ) સંચાલિત એચ.એમ. પટેલ કૅરિયર ડૅવલપમેન્ટ સેન્ટર(સીડીસી)આયોજિત સૅમકોમના અધ્યાપકોના ફૅકલ્ટી ડૅવલપમેન્ટ પ્રોગ્રામ(એફડીપી)ના અધ્યક્ષસ્થાનેથી સંબોધન કરતા સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ. મંચસ્થોમાં મુખ્ય અતિથિ જીસીએમએમએફના પૂર્વ એમ.ડી. શ્રી બી.એમ. વ્યાસ, સૅમકોમના નિયામક ડૉ. નિખિલ ઝવેરી અને સીડીસીના નિયામક ડૉ. હરિ દેસાઇ છે.




આણંદ પ્રીમિયર લીગ(એપીએલ)-પના શુભારંભ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ. પટેલ, જીસીએમએમએફના વર્તમાન એમ.ડી.શ્રી આર.એસ. સોઢી, આણંદ નગરપાલિકાના પ્રમુખ શ્રી પ્રજ્ઞેશ પટેલ, શ્રી હેમંતભાઇ પટેલ, શ્રી દેવાંગભાઇ પટેલ, એપીએલ-પના પ્રમુખ શ્રી શૈલુભાઇ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.




# વિ-વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

જુલાઈ ૨૦૧૪

વર્ષ : ૧૬ અંકઃ ૭

(સળંગ અંક ૫૧૩)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**



**તંત્રી**

હરિ દેસાઈ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ. એસ.એમ. પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

*कर्मण्येवाऽधिकारस्ते*

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ. આર.સી. દેસાઈ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચઃ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમઃ ₹ ૧૦૦/- • આજીવન લવાજમઃ ₹ ૧૫૦૦/-**

# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

જુલાઈ ૨૦૧૪

વર્ષ : ૧૬ અંકઃ ૭

(સળંગ અંક ૫૧૩)

**ISSN 0976 - 9809 V-Vidyanagar**


आर्तेषु विप्रेषु दयान्वितश्चेच्छ्द्धेन यः स्वल्पमुपैति दानम् ।
अनन्तपारं समुपैति दानं यद्दीयते तन्नलभेद् द्विजेभ्यः ॥

દુઃખી અને વિદ્વાનને જે થોડું પણ દાન કરે છે તેને તેનાથી અનેકગણું આપમેળે જ મળી જાય છે.

ચાણક્યનીતિ અધ્યાયઃ ૧૨:૨


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ પરિવર્તન અને પ્રજાની માંગ • ડૉ.સી.એલ. પટેલ

॥ પ્રાથમ્ય ॥ કાર્યસંસ્કૃતિમાં સુધારો • હરિ દેસાઈ / 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ (પદ્ય વિભાગ)
• મીરાંબાઈ, પ્રીતમ, બાલમુકુંદ દવે, ઝવેરચંદ મેઘાણી / 2

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ)
સરદાર, નરીમાન અને ખેર • મોરારજી દેસાઈ / 3

॥ નવાં કાવ્યો ॥ • રાકેશ હાંસલિયા, હરીશ પંડ્યા, વૈશાલી આર. ખેર, કુલદીપ કારિયા / 5

॥ સુવાચક ॥ બચપન કે વો દિન સુહાને • જ્યોતીન્ પટેલ / 6

॥ આશીર્વચન ॥ ભારતીય મહિલા વિશ્વકોશને આવકાર
• ડૉ.સી.એલ. પટેલ / 8

॥ રમન્તે તત્ર દેવતા ॥ સ્વપ્ન થયું સાકાર • પારુલટીના દોશી / 9

॥ સમાજદર્પણ ॥ હિંદુઓ અને લઘુમતી ધર્મો • ગૌરાંગ જાની / 14

॥ भाषाविमर्श ॥ हिन्दी और गुजराती भाषा में वर्णित वाच्य व्यवस्था
• भावना ठक्कर / 16

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ ગ્લોબલ વોર્મિંગ-ચિંતાથી ચિંતન સુધી
• દર્શન મરજાદી / 19

॥ આરોગ્ય ॥ વિટામીન-ડીની ઉણપથી બચવાના ઉપાયો
• સાગર એમ. ભીડે / 22

॥ રમતજગત ॥ એપીએલઃ ચરોતરના ક્રિકેટરોનું આદર્શ પ્લેટફોર્મ
• વિપુલ ભટ્ટ / 23

॥ કલાવિશ્વ ॥ કલાદૃષ્ટિ • નંદલાલ બોઝ અનુ. કનુ પટેલ / 26

॥ પ્રતિભાવ ॥ • ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી, ડી.કે. ઓઝા / 31

॥ વિદ્યાવૃત્ત ॥ / 31


વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચારકણિકા**

સવળું કે'તાં અવળું લાગે, કહીએ મદઈ થાવું,
વાદ કરે ને વઢવા ધોડે એને અમૃત તજીને વિષ પાવું.

(મદઈ = શત્રુ) - **ભોજા ભગત**

# પરિવર્તન અને પ્રજાની માંગ

ભારત દેશ કેટલાંય બલિદાનો બાદ આઝાદ દેશ બન્યો. આઝાદીના સંગ્રામમાં કૉંગ્રેસ પક્ષે ઘણી મોટી લડત આપી. લોકોએ કૉંગ્રેસના નેતૃત્વમાં સંગઠિત બનીને આ દેશમાંથી અંગ્રેજોને વિદાય આપી. આઝાદ બનતાંની સાથે જ બ્રિટિશ ભારતના બે દેશોમાં ભાગલા પડ્યાઃ પાકિસ્તાન અને ભારત. ભારતમાં હજારો વર્ષોથી જે ધર્મે તેના સંસ્કાર જાળવી રાખ્યા છે તેવા હિંદુ ધર્મે, દેશ પર આક્રમણ કરીને આવેલા કોઇપણ ધર્મના લોકો જે અહીં સ્થિર થવા અને રાજ્ય કરવા આવ્યા, તેમને અપનાવી લીધા; પરંતુ દેશની કમનસીબી છે કે, હિંદુસ્તાનના ભાગલા પછી પાકિસ્તાનનો ઉદ્ભવ થતાંની સાથે જ ધાર્મિક લાગણી ઉશ્કેરીને દેશની શાંતિમાં ખલેલ પહોંચાડાતી રહી. એક બાજુ, ગાંધીજીએ કૉંગ્રેસીઓને હાકલ કરી હતી કે આપણે સ્વતંત્રતાની લડતમાં જે પ્રાપ્ત કરવાનું હતું તે પ્રાપ્ત કરી શક્યા છીએ. હવે હરેક કૉંગ્રેસીની એ ફરજ બને છે કે તેણે ગામડે ગામડે પહોંચી જઇને ગ્રામીણ જનતા એટલે કે આ દેશના નાગરિકોમાં સ્વતંત્રતાની સાચી સમજ પેદા કરવી, જેથી રાષ્ટ્રપ્રેમ સાથે તેઓ વિકાસની તકો મેળવીને વિકાસ કરી શકે. ગાંધીજીની હાકલને આઝાદીના સંગ્રામમાં બધા કૉંગ્રેસીઓએ બરાબર સાંભળીને પૂરેપૂરો સહકાર આપ્યો હતો, પરંતુ આઝાદી બાદ જેઓ સત્તાલાલચુ હતા અને જેઓનું મન સેવાને બદલે સત્તા મેળવવાની લાલસામાં હતું, તેવા રાજકીય નેતાઓએ પણ પાકિસ્તાનની જેમ જ ધાર્મિક લાગણી ઉશ્કેરીને તેમને હંમેશા દેશના બીજા ધર્મોથી અલગ પાડીને મતો મેળવવાનું રાજકારણ ખેલવાનું ચાલુ રાખ્યું. સેવાને બદલે સત્તા મારફતે નાણાં કમાવાનું અને વંશવાદને પોષવાનું ચાલુ રાખી તેમણે છેલ્લાં ૬૭ વર્ષથી આ દેશને છિન્નભિન્ન કરવામાં કાંઇ બાકી રાખ્યું નથી. આ દેશના હિતચિંતક અને સેવાને વરેલા માણસો એક તરફ હડસેલાઇ ગયા. દેશના વિકાસ માટે જે કાંઇ કરવાનું હોય તેને બદલે પોતાના અને કુટુંબના વિકાસની જ ચિંતા રાખીને દેશના વિકાસમાં વાપરવા જોઇતા અબજો રૂપિયા વ્યક્તિવિશેષ અને પોતાના કુટુંબ માટે વાપરવા આવાં નાણાં વિદેશી બેંકોમાં જમા કરાવ્યાં. જરૂરી વિકાસ નહીં થતાં દેશમાં કોઇ દેશહિતચિંતક પેદા થાય તેવું છેલ્લાં પાંચ વર્ષથી પ્રત્યેક નાગરિક વિચારતો હતો. તેમાંય ૪૦ ટકા નાગરિકો યુવાપેઢીના હોય ત્યારે તેઓ પોતાનો અને દેશનો વિકાસ થાય તેવું ઇચ્છે તે અસ્થાને ના ગણાય.

એટલે જ છેલ્લી ત્રણ મુદતથી ગુજરાતમાં ભારતીય જનતા પક્ષની આગેવાની લઇને મુખ્યમંત્રીપદ સુધી પહોંચનાર શ્રી નરેન્દ્રભાઇ મોદી આવું કાંઇક કરી શકશે તેવી પ્રતીતિ નાગરિકો અને યુવાનોને થઇ હતી. ગુજરાતની વિકાસયાત્રા ‘સૌનો સાથ, સૌનો વિકાસ’ થી ભારતીય જનતા પક્ષના મોભીઓ પ્રભાવિત હતા. ભાજપના પ્રમુખશ્રી રાજનાથ સિંહે આ બાહોશ રાજકીય નેતા શ્રી નરેન્દ્રભાઇ મોદીની કથની અને કરની એક જ હોવાનું પારખી લીધું અને ૨૦૧૪ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં તેમને ભારત દેશના ભાવિ વડાપ્રધાન તરીકે

પ્રોજેક્ટ કર્યા. શ્રી નરેન્દ્રભાઇ મોદી પોતાની વાક્છટાથી દેશ પર છવાયા. તેમના નેતૃત્વમાં ગુજરાતના વિકાસની ગાથા તથા તેઓ વંશવાદ સિવાયના શાસનકર્તા હોઇ તેમના માટે કોઇ વિરોધાભાસ નહોતો. સારાય દેશની પ્રજાએ તેમના બોલવામાં વિશ્વાસ મૂક્યો અને આઝાદી પછી સૌ પ્રથમ વખત ભાજપને લોકસભામાં સ્પષ્ટ બહુમતી આપી.

પ્રજાને શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિશ્વાસ રાખવા જે વચનો આપ્યાં તે વચનોને લઇને પ્રજાએ તેમનામાં વિશ્વાસ મૂક્યો હોય ત્યારે તેમની પહેલી ફરજ આ દેશનો ૪૦ ટકા યુવાવર્ગ બેકાર ના રહે અને તેને યોગ્ય શિક્ષણ સાથે કામકાજ મળે તે માટે પૂરતું ધ્યાન આપવાની છે. બધાં ક્ષેત્રમાં મહિલાઓની જ્યારે ૩૩ ટકાની ભાગીદારી હોય ત્યારે મહિલાઉત્કર્ષમાં શરૂઆતથી ધ્યાન અપાય. દેશના ગૃહમંત્રી થકી પોલીસ-સીઆરપીએફ વગેરે દેશનાં રક્ષક બને અને કાયદાની જાળવણી રાખે. કાયદાને એક બાજુ મૂકી પોલીસતંત્ર રક્ષકને બદલે ભક્ષક ના બને તેની કાળજી રાખે.

આ દેશમાં જે રાજયો પ્રગતિશીલ છે ત્યાં પ્રોફેશનલ કૉલેજીસ જેવી કે ઍન્જિનિયરિંગ, ફાર્મસી, એમસીએ, એમબીએ જેવી સંસ્થાઓ સ્થપાઇ ગઇ છે. કોઇપણ રાજયમાં આવી સંસ્થાઓ સ્થપાય ત્યાર પહેલાં રાજયના શિક્ષણ અને ઉદ્યોગમંત્રીએ સાથે બેસીને જે યુવાનો આ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે તેમના માટે રાજ્યમાં રોજગાર મેળવવા માટે કેટલી તક રહેલી છે તે જોવું જરૂરી છે. રાજ્યમાં સ્થપાનાર ઉદ્યોગોને ઉદ્યોગ સ્થાપવાની પરવાનગી આપતી વખતે જે તે પ્રદેશના કેટલા લોકોને તે રોજી આપી શકે તેની શરૂઆતથી જ બાંહેધરી લઇને આવા ઉદ્યોગ સ્થાપવા માટે જમીન અને બીજી સગવડ આપવી જોઇએ. વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ માટે ઝોન પ્રમાણે આઇટીઆઇ અને આઇટીસી જેવી સંસ્થાઓ સ્થાપીને કુશળ કારીગરો તૈયાર કરવા. આ રીતે ઉદ્યોગોને શરૂઆતથી કુશળ કારીગર મળે અને તેનું ઉત્પાદન ગુણવત્તા અને પ્રમાણ (ક્વૉન્ટિટી)ની દૃષ્ટિએ સારું થાય, જેથી ઉદ્યોગના વિકાસ માટે સુગમતા રહે. સરકારે આવા તૈયાર થતા કુશળ કારીગરોને ઉદ્યોગોમાં સ્થાન આપવામાં અગ્રીમતા રહે તેવી વ્યવસ્થા ગોઠવવી. ભારત દેશના માનવ સંસાધન વિભાગની જવાબદારી સંભાળતાં પ્રધાનની ફરજ બને છે કે તેમના નેજા હેઠળ રચાયેલી એઆઇસીટીઇ, યુજીસી, મેડિકલ કાઉન્સિલ, ફાર્મસી કાઉન્સિલ, આર્કિટેક્ચર કાઉન્સિલ વગેરેનાં ધારાધોરણો સચવાય અને જે અભ્યાસક્રમ માટે મંજૂરી મળે તેવા અભ્યાસક્રમો માટે ૨૧મી સદીને અનુરૂપ માળખાકીય અને બીજી તમામ સવગડો પ્રાપ્ત હોય. હવે તો જે સંસ્થાઓ આ બાબતમાં ઊણી ઊતરે તેવી સંસ્થાઓને બંધ કરી ત્યાં આઇટીસી અને આઇટીઆઇ જેવી સંસ્થાઓ થાય, જેથી કરીને દેશના ઉદ્યોગો, જાહેર સાહસો અને દવાખાનાંને જરૂરિયાત હોય તેવા કર્મચારીઓ પ્રાપ્ય થાય તેવી એક નૂતન સફર શરૂ કરવાની જરૂરિયાત છે અને એ આજની માંગ છે.

સી.એલ.પટેલ

(૪ જૂન ૨૦૧૪)

॥ પ્રાથમ્ય ॥

## કાર્યસંસ્કૃતિમાં સુધારો

### હરિ દેસાઈ

વડા પ્રધાન નરેન્દ્ર મોદી કામગરા(વર્કોલિક) ગણાય છે અને એમના વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)માં આગમનની સાથે જ નોકરશાહોની કાર્યસંસ્કૃતિ (વર્કકલ્ચર)માં સુધારણા જોવા મળ્યાના અહેવાલો રાષ્ટ્રીયસ્તરનાં અંગ્રેજી અખબારોમાં ચમકવા માંડ્યા છે. સાચા અર્થમાં નોકરશાહો કે સનદી અધિકારીઓ કામગરા થઇને દેશની સમસ્યાઓ ઉકેલવાની દિશામાં આગળ વધવા સક્રિય થાય તો એ આવકાર્ય ઘટના ગણાવી શકાય. આશા રાખીએ કે આ સઘળું પ્રારંભિક પ્રચારનું (પ્રપોગન્ડાનું) નિમિત્ત બની ના રહે. અન્યથા વડાપ્રધાન ઈન્દિરા ગાંધીની ૧૯૭૫-'૭૭ની કટોકટી (ઇમર્જન્સી)માં બધું સમયસર થવા માંડ્યાના અહેવાલોની જેમ દેવકાન્ત બરૂઆની અને 'રૉ'ના વડા આર.એન.કાઓની વાણીમાં 'ઇન્દિરા ઇઝ ઇન્ડિયા'નો ભ્રમ પ્રસરવા જેવું મોદી યુગમાં પુનરાવર્તન થાય નહીં એવો ડર જરૂર રહે.

દિલ્હીના પ્રતિષ્ઠિત અંગ્રેજી અખબાર 'હિંદુસ્તાન ટાઇમ્સ' અને કોલકાતાના આર્થિક દૈનિક 'બિઝનેસ સ્ટાન્ડર્ડ'ને મોદી થકી બદલાવા માંડેલી વડાપ્રધાન કાર્યાલયની કાર્યસંસ્કૃતિના અહેવાલો આપણને હરખપદુડા જરૂર કરી મૂકે છે. સમગ્ર દેશની પ્રજામાં આવી સુધારિત કાર્યપ્રણાલી કે કાર્યસંસ્કૃતિ અમલમાં આવે અને બદ્ધેબદ્ધું સમયબદ્ધ થવા માંડે તો એને ખરા અર્થમાં 'મોદી ચમત્કાર' ગણવો. નરેન્દ્રભાઇ અને એમની કામગરી ટીમ નવી કાર્યસંસ્કૃતિ અમલમાં લાવે એનાં એંધાણ દિલ્હીનાં ભારત સરકારનાં મંત્રાલયોનાં ભવનોમાં વર્તાવા લાગ્યાં છે. એ અખંડ રહે એવી અપેક્ષા જરૂર કરીએ.

દિલ્હી સ્થિત પર્યાવરણભવનમાં પર્યાવરણ મંત્રાલયનું કાર્યાલય છે. વરિષ્ઠ અધિકારીઓથી લઇને કનિષ્ઠ અધિકારી સુધીના અહીં સમયથી વહેલા આવવા માંડ્યા છે. ફાઇલો નિપટાવવાની કામગીરી સમયબદ્ધ કરવાની સૂચનાઓનો અમલ થવા માંડ્યો છે. વરિષ્ઠ અધિકારીઓ મોડે સુધી કચેરીમાં બેસતા થયા છે. એટલે જુનિયર કર્મચારીઓ પણ સમય સાથે તાલ મિલાવતા થયા છે. કારણ સ્પષ્ટ છેઃ તેમનો ગુપ્ત અહેવાલ (કૉન્ફિડેન્શિયલ રિપોર્ટ- સીઆર) એમના વરિષ્ઠો લખવાના હોય એટલે ડરની અનુભૂતિ સ્વાભાવિક છે.



'વિ'ના તંત્રી ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજાની એચ.એમ. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇંગ્લિશ ટ્રેનિંગ ઍન્ડ રિસર્ચના નિયામક તરીકે વયોચિત નિવૃત્તિ પછી આ જ સંસ્થાના ઍકેડેમિક ઍડવાઇઝર તરીકે સેવારત રહેશે. 'વિ'ના સંપાદક મંડળની બેઠકમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે ડૉ. જાડેજાના સેવાકાર્યની 'વિ' પરિવાર વતી નોંધ લઇને શુભેચ્છા પાઠવી હતી.

શાસ્ત્રી ભવનમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયનું કાર્યાલય છે. અહીંના અધિકારીઓ તો રાતના અગિયાર વાગ્યે ઘર ભણી જઇને બીજા દિવસે સવારે નવ વાગ્યામાં તો હાજર થવા માડ્યા છે. શહેરી વિકાસ મંત્રાલય સંભાળતા એમ. વેંકૈયા નાયડુ પોતાના કાર્યાલયમાં નવ વાગ્યે પધારી જાય છે અને ક્યારેક તો તેમના વરિષ્ઠ અને કનિષ્ઠ અધિકારીઓનું એમનાં કાર્યાલયમાં જઇને સ્વાગત કરે છે એટલે ફડકો પેઠો છે.

વડાપ્રધાન પોતે મોડે સુધી ફાઇલો વાંચે છે, વહેલી સવારે કે ગમે તે સમયે મંત્રીઓ અને અધિકારીઓને તેડાવીને માહિતી મંગાવે છે. સ્વાભાવિક છે કે જાગતો રાજા હોય ત્યારે એના દરબારીઓ અને કર્મચારીઓ પણ જાગતા રહે. પ્રજાલક્ષી કામો સમયબદ્ધ થવા માંડે તો મોદી સરકારની વાહ વાહ  થવી સ્વાભાવિક છે. ક્યારેક અભિનેતામાંથી આંધ્રના મુખ્યમંત્રી બનેલા એન.ટી. રામારાવ તો સવારે ત્રણ વાગ્યે કેબિનેટની બેઠક બોલાવતા એટલે તેમના મંત્રીઓનો અને અધિકારીઓને ફડકો રહેલો. મોદીના દિલ્હીમાં સત્તારૂઢ થવાની સાથે દિલ્હીનાં મંત્રાલયોથી માંડીને સમગ્ર દેશના સરકારી તંત્રની નીંદર ઉડે તો ગનીમત.છઠ્ઠા પગારપંચના અમલ પછી સાતમા પગાર પંચ ભણી મીટ માંડી બેઠેલાઓ માટે મોદી સંસ્કૃતિ નવા ચમત્કાર સર્જી શકે અને દેશ જલદી સુપરપાવર બની શકે.

(૧૫ જૂન ૨૦૧૪)

## મોહે લાગી રે લગન

મોહે લાગી રે લગન ગુરુ ચરણન કી
ચરણન વિના મુજે કછું નહીં ભાવે,
જૂઠી માયા સબ સપનન કી,
મોહે લાગી રે લગન ગુરુ ચરણન કી. મોહે...
ભવસાગર સબ સુખ ગયા હૈ,
ફિકર નહીં અબ તરનન કી. મોહે....
મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર
ઉલટ ભયે મોરે નયન કી. મોહે.....

**- મીરાંબાઈ**

## સદ્‌ગુરુની આરતી

આનંદ મંગલ કરું આરતી હરિ ગુરુ સંતની સેવા
પ્રેમ ધરી મારે મંદિરે પધરાવું, સુંદર સુખડાં લેવા રે
રે વ્હાલા સુંદર સુખડાં લેવા.
આનંદ મંગલ કરુ આરતી.
જેને આંગણ તુલસીનો ક્યારો, શાલિગ્રામની સેવા,
સકલ તીરથ મારા સંતોના ચરણે ગંગા, જમુના, રેવા
રે વ્હાલા આનંદ મંગલ કરુ આરતી
શિવ સનકાદિક આદિ બ્રહ્માદિક નારદ શારદ જેવા
અધમ ઉદ્ધારણ ત્રિભુવન તારણ અજર અમર પ્રભુ સેવા
આનંદ મંગલ કરું આરતી
થાળ ભરી મુકતાફળ લાવું, આરોગો મીઠા મેવા
સંત મળે તો મહાસુખ પામું, ગુરુજી મળે તો મેવા
આનંદ મંગલ કરું આરતી
જે ચાલીને ચરણે આવે, ચરણામૃત ને લેવા
કહે પ્રીતમ ઔર સુનો મેરે સાધુ હરિના જન હરિ જેવા
આનંદ મંગલ કરું આરતી

**- પ્રીતમ**

## આ શ્રાવણ નીતર્યો

આ શ્રાવણ નીતર્યો સરવડે કાંઇ ઝીલોજી
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઇ ઝીલોજી
આ કપૂર-કાયા સરી જશે કોઇ ઝીલોજી
પેલાં ઊડી ચાલ્યાં ધૂપ હો કોઈ ઝીલોજી
આ જલધારામાં ઝૂલતી કોઇ ઝીલોજી
પેલી તૂટે મોતનમાળ હો કોઇ ઝીલોજી
આ લટ લહેરાતી લળી લળી કોઇ ઝીલોજી
પેલું કોણ હસે મરમાળ હો કોઇ ઝીલોજી
આ નથી ટપકતાં નેણલાં કોઇ ઝીલોજી
આ વરસે અમરત મેહ હો કોઈ ઝીલોજી
આ શમણાં કેરા કરા પડે કોઇ ઝીલોજી
આ નરદમ વરસે મેહ હો કોઈ ઝીલોજી
આ ચળકે વાદળ તલાવડી કોઇ ઝીલોજી
આ રાત ચલી રઢિયાળ હો કોઇ ઝીલોજી
આ દૂધે ધોયા ડુંગરા કોઇ ઝીલોજી
પેલાં ઝરણાંની વણજાર હો કોઇ ઝીલોજી
આ જતિસતીનાં તપ રે કોઇ ઝીલોજી
પેલાં શિવ લોચન અંબાર હો કોઇ ઝીલો જી
આ શ્રાવણ નીતર્યો સરવડે કોઇ ઝીલોજી
પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઇ ઝીલોજી

**- બાલમુકુંદ દવે**

## અષાઢી સાંજના અંબર ગાજે

અષાઢી સાંજના અંબર ગાજે,
અંબર ગાજે, મેઘાડંબર ગાજે,
અષાઢી સાંજના અંબર ગાજે
માતેલા મોરલાના ટૌકા બોલે,
ટૌકા બોલે, ધીરી ઢેલડ ડોલે,
અષાઢી સાંજના અંબર ગાજે
ગરવા ગોવાળિયાના પાવા વાગે,
પાવા વાગે સૂતી ગોપી જાગે,
અષાઢી સાંજના અંબર ગાજે
વીરાની વાડીઓમાં અમૃત રેલે
અમૃત રેલે, ભાભી ઝરમર ઝીલે,
અષાઢી સાંજના અંબર ગાજે
ભાભીની રાતીચોળ ચૂંદડ ભીંજે,
ચૂંદડ ભીંજે, ખોળે બેટો રીઝે,
અષાઢી સાંજના અંબર ગાજે

**- ઝવેરચંદ મેઘાણી**

(જુલાઇ મહિનામાં ગુરુપૂર્ણિમા અને વર્ષાના આગમન નિમિત્તે)

# સરદાર, નરીમાન અને ખેર

## મોરારજી દેસાઈ

મુંબઈ ઈલાકાની ધારાસભા માટેની (૧૯૩૭ની) ચૂંટણીમાં ૧૭૫ બેઠકોમાંથી અમને ૮૭ જેટલી જ બેઠકો મળી હતી. એટલે અમારી બહુમતીને માટે એક જગ્યા ઓછી હતી. આ ચૂંટણીથી ૧૯૩૫નો ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાનો-હિંદી સરકારી-કાયદો અમલમાં આવ્યો હતો અને તેથી પ્રધાનમંડળ (પાછળથી આ માટે મંત્રીમંડળ શબ્દનો વપરાશ ચાલુ થયો હતો.) રચવાનો પ્રસંગ પણ ઊભો થયો હતો. આ ચૂંટણીમાં મુસ્લિમ લીગ તરફથી અને દલિત-પછાત વર્ગના નેતા ડૉ. આંબેડકર તરફથી કૉંગ્રેસની સામે કોમવાદને ધોરણે મોરચા મંડાયા હતા. એ બંને કોમોને માટે અનામત બેઠકો હતી એટલે એમાંથી ઘણી જગ્યાઓ એ બંને જૂથો મેળવી શક્યાં હતાં. કૉંગ્રેસને એ બેઠકો બહુ જ ઓછી મળી હતી.

ચૂંટણી પછી ધારાસભામાંના કૉંગ્રેસ પક્ષના નેતાની પસંદગી કરવાનો પ્રસંગ ઊભો થયો. આ વખતે શ્રી કે.એફ. નરીમાન મુંબઈ શહેરની કૉંગ્રેસ કમિટીના પ્રમુખ હતા. તેઓ બૅક બેના પ્રકરણમાં લોકપ્રિય થયેલા હતા અને વીર નરીમાનને નામે જાણીતા થયેલા હતા. એમની નેતાની ચૂંટણી માટે પસંદગી થાય એમ તેઓ ઈચ્છતા હતા અને એમનો દાવો પણ હતો કે એ જ એના ખરા હકદાર છે. આ ચૂંટણીઓ દરમિયાન અને તે પહેલાં એમણે મુંબઈમાં કૉંગ્રેસ વિરુદ્ધના ઉમેદવાર સર કાવસજી જહાંગીર, જે વડી ધારાસભાને માટે ઊભા હતા, એમને મદદ કર્યાનો આક્ષેપ એમની સામે હતો અને સરદારસાહેબ એ આરોપ ખરો છે એમ માનતા હતા તેમ બીજા ઘણા પણ એમ માનતા હતા. આ ઉપરાંત વીર નરીમાનની કાર્યપદ્ધતિથી સરદારસાહેબ નારાજ હતા અને એમને નેતા તરીકે પસંદ કરવામાં આવે તો એથી કૉંગ્રેસને નુકશાન થશે તેમ તેઓ માનતા હતા.

સરદારસાહેબ તે વખતે કૉંગ્રેસની પાર્લમેન્ટરી બોર્ડના પ્રમુખ હતા એટલે એમણે નેતા તરીકે શ્રી નરીમાનને પસંદ નહીં કરતાં શ્રી બાળાસાહેબ (બાળ ગંગાધર) ખેરને પસંદ કર્યા. શ્રી બાળાસાહેબ ખેર ભારે ચારિત્ર્યવાન, બુદ્ધિશાળી અને વફાદાર કૉંગ્રેસસેવક હતા અને લોકોમાં એમની પોતાની આબરૂ ઘણી સારી હતી. તેઓ સૉલિસિટર હતા અને એ ધંધામાં બહુ જ પ્રામાણિકતાથી પોતાનું કામ કરતા હતા એવી એમની ખ્યાતિ હતી. એમણે ધારાસભા પક્ષના નેતા તરીકે ઊભા રહેવાની કોઈ પણ ઈચ્છા બતાવી ન હતી, એટલું જ નહીં પણ જ્યારે એમને એ માટે ઊભા રહેવાનું કહેવામાં આવ્યું ત્યારે પહેલાં તો એમણે એ માટે ઇન્કાર જ કર્યો હતો, પણ જ્યારે ઘણા સાથીઓ તરફથી બહુ જ આગ્રહ કરવામાં આવ્યો ત્યારે એમણે એક શરતે ઊભા રહેવાનું પસંદ કર્યું હતું. શરત એવી હતી કે જો સર્વાનુમતે એમની પસંદગી થાય તો જ એ નેતા થવાનું કબૂલ કરે. શ્રી નરીમાને સરદારની આ પસંદગીને પોતાનું અપમાન ગણ્યું હતું અને એનો ભારે વિરોધ કર્યો હતો. પણ જ્યારે નેતાની પસંદગી માટે પક્ષની બેઠક મળી ત્યારે શ્રી નરીમાન કોઈનો ટેકો મેળવી શક્યા નહીં અને શ્રી બાળાસાહેબ ખેર સર્વાનુમતે નેતા તરીકે પસંદ થયા હતા. શ્રી બાળાસાહેબ સાથે ૧૯૩૨-'૩૩ની જેલ વખતે મારો પરિચય થયો હતો. એમની નમ્રતાની, સદ્‌બુદ્ધિની, શક્તિની અને ચારિત્ર્યની મારા પર ખૂબ જ ઊંડી છાપ પડી હતી. અને અમારી બે વચ્ચે ખૂબ સદ્‌ભાવના ઊભી થઈ હતી. એ નેતા પસંદ થયા એથી મને પોતાને ઘણો આનંદ થયો હતો અને એમના કામથી પક્ષની અને સંગઠનની ઈજ્જત વધશે એની મને ખાતરી હતી.

પાર્લમેન્ટરી બોર્ડે એમ ઠરાવ્યું હતું કે, દરેક પ્રદેશમાં પોતે બંધારણીય રીતે જ કામ કરશે અને પોતે મંત્રીમંડળની સલાહ પ્રમાણે જ ચાલશે એવી બાંયધરી જો ગવર્નર આપે તો જ મંત્રીમંડળ રચવાની હા પાડવી. ગવર્નરોએ એ પ્રમાણે બાંયધરી આપવાની ના પાડી. જ્યારે શ્રી બાળાસાહેબ ખેરને ગવર્નરે મંત્રીમંડળ રચવા માટે આમંત્રણ આપ્યું ત્યારે પાર્લમેન્ટરી બોર્ડની શરત ગવર્નરે માન્ય ન રાખી એટલે એમણે મંત્રીમંડળ રચવાની ના પાડી.

ત્યાર પછી ગવર્નરે ચાર સ્વતંત્ર ભાઈઓને બોલાવીને મંત્રીમંડળ બનાવ્યું. એ કામચલાઉ મંત્રીમંડળે ૧૯૩૭ના એપ્રિલથી જુલાઈની શરૂઆત સુધી કામ કર્યું પણ ધારાસભા બોલાવીને બહુમતી મેળવવાનું એમને માટે શક્ય ન હતું. એટલે તેઓ ધારાસભા બોલાવતા ન હતા અને તેથી એમને રાજીનામું આપવા સિવાય બીજો માર્ગ ન હતો. એટલે જુલાઈની શરૂઆતમાં ગવર્નરે ફરીથી બાળાસાહેબ ખેરને મંત્રીમંડળ રચવાનું નિમંત્રણ આપ્યું અને કૉંગ્રેસની શરત એમણે કબૂલ રાખી. તે વખતે લૉર્ડ બ્રેબૉર્ન મુંબઈના ગવર્નર હતા. તેઓ ઘણા કાબેલ અને સજ્જન અંગ્રેજ હતા. કૉંગ્રેસની શરત એમણે માન્ય રાખી

એટલે શ્રી ખેરે મંત્રીમંડળ રચવાની હા પાડી. આ વખતે એમની અને સરદાર સાહેબની વચ્ચે મંત્રીમંડળમાં કોને લેવા એ વિશે ચર્ચા થઇ. ચર્ચા વખતે શ્રી ભૂલાભાઇ દેસાઇ અને શ્રી મંગળદાસ પકવાસા હાજર હતા. શ્રી પકવાસા કાઉન્સિલના સભ્ય તરીકે સુરત જિલ્લામાંથી ચૂંટાયા હતા. મેં જ એમને તે વખતે એ જગ્યાએથી ઊભા રહેવા માટે આગ્રહ કર્યો હતો અને તેથી સરદારસાહેબના કહેવાથી તેઓ ઊભા રહ્યા હતા અને ચૂંટાયા હતા.

હું આ મંત્રણાઓમાં હાજર ન હતો અને તે વખતે હું શ્રી કાનજીભાઇની સાથે સુરતમાં હતો. ત્યાં હતો ત્યારે એક દિવસ સરદારસાહેબ તરફથી તરત મુંબઇમાં એમને મળવા માટે મને તાર મળ્યો. હું મંત્રીમંડળમાં જોડાવા માટે ખાસ કંઇ ઉત્સુક ન હતો અને એ વિશે માગણી કરવાનો અગર તો ઇચ્છા પ્રદર્શિત કરવાનો મારા મનમાં કોઇ સવાલ ઊભો થયો ન હતો. સુરતથી હું મુંબઇ ગયો તે પહેલાં શ્રી કાનજીભાઇએ મને કહ્યું હતું, ''તમને મંત્રીમંડળમાં લેવાનું કહેવામાં આવે તો તમારે તરત હા પાડવી જોઇએ.'' હું સાંજની ટ્રેનમાં મુંબઇ પહોંચ્યો ત્યારે શ્રી મંગળદાસ પકવાસા મને સ્ટેશન પર લેવા આવ્યા હતા અને એમની સાથે હું એમને ઘેર ગયો હતો. તેમણે મને કહ્યું કે ''સરદાર, બાળાસાહેબ અને ભૂલાભાઇની મંત્રીમંડળ વિશે ચર્ચાઓ થઇ તેમાં શ્રી બાળાસાહેબે તમને મંત્રીમંડળમાં લેવા માટે આગ્રહ કર્યો હતો. પણ સરદારસાહેબે સૂચવ્યું હતું કે, તમારી જરૂર પ્રદેશ કમિટીનું કામ કરવા માટે રહેશે અને તેથી તમે બહાર રહો અને ભરૂચના શ્રી દિનકરભાઇ દેસાઇને મંત્રી તરીકે લેવામાં આવે તો કામ વધારે સરળ બની શકશે. શ્રી ભૂલાભાઇએ બાળાસાહેબના મતને જ ટેકો આપ્યો હતો અને તેથી સરદાર સાહેબે એવું નક્કી કર્યું હતું કે, આ વિશે તમારી સાથે વાત કર્યા પછી જ નિર્ણય કરવો. વાતચીત પ્રમાણે તેમને તારથી મુંબઇ બોલાવવામાં આવ્યા છે.''

આ વાત કરીને શ્રી મંગળદાસભાઇએ મને કહ્યું કે, ''મંત્રી થવાની તમે ના પાડશો નહીં, સરદારસાહેબ કહે તો પણ તમારે ના પાડવી નહીં.'' મેં એમને કહ્યું કે, ''સરદારસાહેબની ઇચ્છા શ્રી દિનકરભાઇને લેવાની હોય તો હું એ વિશે એમને બીજું કંઇ નહીં કહી શકું અને મારે વિશે કહેવાનું હું વિચારી પણ ન શકું. મારા જીવનમાં મેં કોઇ સ્થાનની અપેક્ષા કરી નથી અને જે સ્થાન સ્વાભાવિક રીતે જ મળ્યું હોય ત્યાં જ કામ કરવાનું મારું કર્તવ્ય હું સમજ્યો છું. એટલે આ વિશે પણ આ નીતિથી બીજું વલણ હું અખત્યાર નહીં કરી શકું.''

રાત્રે જ હું આવી ગયો છું એવી ખબર સરદારસાહેબને આપી હતી અને સવારે એમને મળવા જવાનું નક્કી કર્યું હતું. સવારે વહેલા જ, લગભગ સાત વાગ્યે, સરદારસાહેબ જાતે જ મંગળદાસભાઇને ત્યાં આવી પહોંચ્યા એટલે મારે એમને ત્યાં જવાનું રહ્યું નહીં. સરદારસાહેબે મને મંત્રીમંડળ વિશે વાત કરી અને કહ્યું કે, ''દિનકરભાઇને જો આમાં લઇએ તો એ વિશે તમારો શો મત છે?'' મેં એમને કહ્યું કે, ''તમારો જે નિર્ણય હોય એ મને કબૂલ જ હોય અને મારે બીજું કાંઇ કહેવાનું હોય જ નહીં.''

સરદારસાહેબે મને દિનકરભાઇ શું કહેશે એમ પણ પૂછ્યું. મેં એમને કહ્યું કે, ''દિનકરભાઇ ના કહેશે તો હું એમને સમજાવીશ, કારણ કે અમારા બેનો સંબંધ એવો છે કે કદાચ મને મૂકીને તેઓ મંત્રી થવાને તૈયાર ન થાય. પણ હું એમને એ માટે સમજાવવાનો પ્રયાસ કરીશ અને તેમાં સફળતા પણ મળશે એમ માનું છું.'' ત્યારે સરદાર સાહેબે મને પૂછ્યું કે, ''એ બની શકે, પણ એની અસર ગુજરાતના કૉંગ્રેસજનોમાં શી થશે ત્યારે મારે એમને કહેવું પડ્યું કે, ''આ સવાલ મને પૂછવામાં અન્યાય થાય છે. કારણ કે એ તો આપે જ નક્કી કરવું જોઇએ અને આપ જ એ વિશે ક્યાસ કાઢી શકો છો. આ વિશે હું કંઇક બીજું કહું તો એનો અર્થ જૂદો નીકળે. એટલે આપે મને પૂછવું ન જોઇએ.'' ત્યારે એમણે મને આગ્રહ કર્યો કે મને જે લાગે છે તે વાત મારે એમને કહેવી જોઇએ.

એટલે મેં એમને કહ્યું કે, ''સંભવ છે કે સામાન્ય મત એવો પણ નીકળે કે મને મંત્રીમંડળમાં મોકલવાની આપની ઇચ્છા નથી અને તેથી આવી ગોઠવણ આપ વિચારો છો. પણ એ વિશે ચિંતા કરવાનું કાંઇ કારણ નથી, હું લોકોને સમજાવવાનો પ્રયત્ન કરીશ કે મારે સંગઠનના કામને માટે બહાર રહેવાની જરૂર છે અને તેથી આવો ક્યાસ કાઢવો યોગ્ય નહીં કહેવાય.'' ત્યારે સરદારસાહેબે તરત જ મને કહ્યું કે, ''આવો સંભવ હોય તો તો બીજો વિચાર કરવાનો હોય જ નહીં, અને તમારે જ મંત્રીમંડળમાં આવવું જોઇએ.''

આ રીતે મંત્રીમંડળમાં મને લેવાનો બાળાસાહેબનો આગ્રહ સરદારે માન્ય રાખ્યો.

(મારું જીવનવૃત્તાંત, સંયુક્ત આવૃત્તિ, મોરારજી દેસાઇ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, મે ૨૦૧૪, પૃ. ૯૩૬+૧૬, મૂલ્યઃ ૯૦૦ રૂ.)

॥ નવાં કાવ્યો ॥

## ગઝલ

**રાકેશ હાંસલિયા**

એક જાસો જાણે કે આપી ગયા,
ઈજનેરો કેડીને માપી ગયા
જેને બોલાવ્યાં અગનને ઠારવા,
એ બધાં તો આવીને તાપી ગયાં
સાવ ખાલી જેમની મુઠ્ઠી હતી,
એ દુવા ખોબો ભરી આપી ગયા.
ખોળિયામાં કેટલા સીમિત હતા,
રાખ થ્યા તો ચોતરફ વ્યાપી ગયા
બે-ઘડી બસ ટહેલવા એ નીકળ્યા
ને હકૂમત શહેર પર સ્થાપી ગયા

(સિલ્વર ગોલ્ડ રેસી.૩, સૌમ્ય, ગોલ રેસી. પાછળ,
નાના મવા રોડ, રાજકોટ-૫)

## ફૂલની ફોરમ માણો

**હરીશ પંડ્યા**

ફૂલની ફોરમ માણો
બે ઘડી પાસે બેસીને
ફૂલની ફોરમ માણો,
ગુંજન કરતાં ભ્રમરો ને
કંટકની પીડા જાણો
પવન ભલે ફુલાતો ફરતો
ફોરમની ભરી ફાંટ,
નગર, ચોકને સીમ વટાવી
વીંધે ઝાડી-કાંટ,
પંખી મૌન શાને ઉપવાનમાં
એનું દુઃખ પિછાણો,
બે ઘડી પાસે બેસીને
ફૂલની ફોરમ માણો
સાંજ થતાં ફૂલોના ચહેરે
લીંપાતી ઉદાસી,
ક્ષણભંગુર આ જીવન પામ્યાં
કાલ ગણાશું વાસી,
થોડું જીવ્યાં પર કાજે બસ
વાતને આ પરમાણો,
બે ઘડી પાસે બેસીને
ફૂલની ફોરમ માણો

**વૈશાલી આર. ખેર**

અનિમેષ નયનનો સ્પર્શ, મારા અસ્તિત્વને ઓગાળતો,
અખિલ જગતનો સરવાળો, ત્યાં શૂન્ય થતો લાગતો
બધા સાથે હોવા છતાંય, સમીપ તારી હોવું,
શાશ્વત તારા નામનો, વ્યાપક વિસ્તાર થાતો
શ્રદ્ધા સંવેદન, સગપણ અલંકૃત એ પ્રેમનાં,
વંચિત્ હું એ અભિપ્સિતોથી, કયા સાનિધ્યે તારામાં સારતો
સૂર નથી, સુવાસ નથી, નથી મુગ્ધ પ્રેમનું માધુર્ય
અહર્નિશ અંતરંગ તું, કઈ કેડી એ કંડારતો
અભિલાષા ને ઓરતાંઓની નથી કોઈ ઘેલ છા,
મારું માન બની તું, ક્યારેક અવસર થઈ ઉજવાતો

(૧, જાનકી એપાર્ટમેન્ટ, નૂતન ક્લબ પાસે, નાના બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)

## આભાસી અવઢવ

**કુલદીપ કારિયા**

કેટલીક બુંદો સીધી જમીન પર ન પડત
નિતાર-પ્રદેશ પરથી લસરતું એ ધગધગતું પ્રવાહી
અમુક કિલો સેકન્ડ ધીમે વહ્યુ હોત
છ ફૂટ ઊંચા જીવનમાં
પચાસ મીટરનું પૂર ન આવત
આપણો આખો સંબંધ તણાતો બચી જાત
મારા પર પાનખર ન બેઠી હોત તો
એવું સપનું જોતા જોતા દૃષ્ટિ જાગી ગઈ
પડીકાબંધ આવતું અજવાળું પીધું તો દેખાયું
મારા વિચાર-કિરણો
તારા સુધી ગયા પછી પરાવર્તીત નથી થતા
ક્યાંક હું બલ્બને ચાંદો તો નથી સમજી બેઠો ને !

(ભવાની કૃપા, ૨, વિદ્યુત નગર, પ્લોટ નં.૩૭, રૈયા રોડ,
રાજકોટ-૩૬૦૦૦૭)

## અંગ્રેજી કાવ્યનો ગુજરાતી અવતાર

**A Song about Myself**

There was a naughty boy,
A naughty boy was he,
He would not stop at home,
He could not quiet be-
He took in his knapsack
A book full of vowels
A book full of vowels
And a shirt
With some towels,
A slight cap
For night cap,
A hair brush,
Comb ditto,
Mew stockings
For old ones
Would split O!
This knapsack
Tight at's back
He rivetted close
And followed his nose
And go to the north,
And follow'd his nose
To the north.
****
There was a naughty boy
And a naughty boy was he,
For nothing would he do
But scribble poetry-
He took an ink stand
In his hand
And a pen big as ten
In the other,
And away in a pother
He ran to the mountains
And fountains
And ghostes
And postes
And witches
And ditches
And wrote
In his coat
When the weather
Was cool,
Fear of gout,
And without
When the weather
Was warm-
Och the charm
When we choose
To follow one's nose
To the north,
To the north,
Och the charm
When we choose
To follow one's nose
To the north,
To follow one's nose
To the north!
****
There was a naughty boy
And a naughty boy was he,
He kept little fishes
In washing tubs three
In spite
Of the might:
Of the maid
Nor afraid
Of his Granny-good-
He often would
Hurly burly
Get up early
By hook or crook
To the brook
And bring home
Miller's thumb, Tittlebat
Not over fat,
Minnows small
As the stall of a glove,
Not above the size of a nice
Little baby's little fingers-
O he made
Of fish a pretty kettle
A kettle-
Of fish a pretty kettle'!
***
There was a naughty boy,
And a naughty boy was he,
He ran away to Scotland
The people for to see-
There he found
That the ground was as hard,
That a yard was as long,

That a song was as merry,
That a cherry was as red,
That lead was as weighty,
That fourscore was as eighty
That a door was as wooden
As in England-
So he stood in his shoes
And he wonder'd,
He wonder'd,
He stood in his
Shoes and he wonder'd.

-John Keats

## બચપન કે વો દિન સુહાને

હતો એક તોફાની નટખટ ટપુડો,
ના ટકતો પગ ઘરમાં
ન બેસતો ચૂપ જરાએ-
લીધી ચોપડી, ખમીસ ને રૂમાલ બે-ચાર
માથું ઢાંકવા ટોપી, વાળ કાજ કાંસકો એક.
ફગાવી મોજાં જૂનાં લીધાં નવાં નક્કોર!
થેલો થયો ફાટ ફાટ ફૂલ્યો ટેટાની જેમ,
કર્યો બંધ જેમ તેમ, ને નિસળ્યો સીધી વાટ
હાલ્યો નાકની દાંડીએ ઉત્તર દિશાની કોર.

****

હતો એક તોફાની ટપુડો,
કરતો કશું નૈ
બસ તાણતો કવિતા મનમોજે-
લીધો ખડિયો શ્યાહી તણો
ને ઝાલી પેન મસ મોટી.
ભરી હૈયે ઉત્સાહ નિસળ્યો ઘરની બહાર
ને મેલી દોટ એણે તો ઊંચા પહાડની કોર
- ઝરણાં-ભૂતાવળ-ડાકણ-સાકણ
-ખાડા ખૈયા- ખાબોચિયાં
- ટાઢા શિયાળે પહેરતો ડગલો,
- હોય ગરમી, ઉતારતો તત્કાળ.
આહ! મજા કેવી પડતી'તી-
દોડતાં નાકની દાંડીએ-
ઉત્તર દિશાની વાટ લઈને-
નાકની દાંડીએ દાંડીએ-

****

હતો એક તોફાની નટખટ ટપુડો,
રાખી માછલી નહાવા કેરા ટબમાં
હતો ડર આયા કેરો ઝાઝો,
કિન્તુ ના ડર કશોયે દાદી કેરો.
જાતો ઊઠી ઝટપટ સૂરજ ઊગતાં
નીકળી જાતો જંગલ માંહ્યે.
તહીં કનેથી લાવતો પકડી-
નાજુક નાજુક- અંગુઠ સરખી નાનકી
જાત ભાતની રંગ રંગીલી
માછલી ઝાઝી અલબેલી.
લાવતો બધ્ધીય ભરતો કીટલીમાંહ્ય-
મસ્ત મછલી કેરી કીટલી
રહેતો મસ્તીમાં મસ્ત સદાય.

****

હતો એક  તોફાની નટખટ ટપુડો,
ભાગ્યો એક દિ' સ્કોટલેન્ડની કોર
લોક નવું જોવાને.
પેખ્યું ત્યાં એણે તો-
ધરતી ત્યાંની ખમતીધર
ચોક લાંબાલસ સઘળા એના
ગીતડાં બધાં મસ્ત મજાનાં
ચેરી-ફળ ગોળ રાતાંચોળ ચમકતાં
ધાતુ સઘળીય ભારે ખમ્મ
આઠ ને ગુણીએ દસથી
અદલ થાય એંશી જ
દરવાજા બધ્ધાય લાકડાના
બધ્ધુંય અદલોદલ એવું
જેવું હતું મુજ ભોમકામાં!!!
રખડ્યા કર્યો એ ઝાઝું
ઘાલી પગ જોડામાં.

**જ્યોતીન્ પટેલ**

(અવિચલ બંગલો, શાસ્ત્રી માર્ગ, ઑફ બાકરોલ રૉડ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)

॥ આશીર્વચન ॥

## ભારતીય મહિલા વિશ્વકોશને આવકાર

**ડૉ. સી.એલ. પટેલ**

કોઈપણ દેશ અને ભાષામાં વિશ્વકોશ તૈયાર થાય તે દેશ અને ભાષા માટે ગૌરવની બાબત ગણાય. ચારુતર વિદ્યામંડળ છેક ૧૯૪૯થી ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રે નાગરિકોના જ્ઞાનસંવર્ધન માટે મદદરૂપ બનતું આવ્યું છે. હજારો સ્નાતકોએ આજ દિન સુધીમાં પોતાની જ્ઞાનપ્રાપ્તિના અનુસંધાનમાં મહાનિબંધો લખીને એમ.ફિલ અને પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. જે તે જ્ઞાનના અનુસંધાનમાં ઘણી બધી માહિતી પ્રાપ્ત કર્યા બાદ શોધનિબંધો લખી શકાય છે, પરંતુ શોધનિબંધોના સમૂહને જોડીને જ્યારે કોઇ સંશોધન કાર્ય વિશ્વકોશના અનુસંધાનમાં થતું હોય ત્યારે ઘણી બધી મહેનત અને જહેમત વિશ્વકોશના સંશોધનકારે ઉઠાવવાની હોય છે. જ્યારે વિશ્વકોશનું કામ કરવાનું હોય ત્યારે સંશોધકે જેમ ખાણમાંથી સોનું અને હીરા શોધવાનું હોય તેવું કામ કરવાનું હોય છે.

આવું સંશોધનનું કાર્ય જ્યારે કોઇ એક બાબત (ટૉપિક) પર હોય ત્યારે આવી જહેમત સીમિત હોય છે, પરંતુ જ્યારે સંશોધનાત્મક માહિતી વિશ્વકોશના અનુસંધાનમાં પ્રાપ્ત કરવાની હોય ત્યારે બુદ્ધિપૂર્વકની જહેમત ઊઠાવવી પડે છે. આવી જ બુદ્ધિપૂર્વકની જહેમત ઉઠાવવા કોઇ પોતે તૈયાર થઈને આવે ત્યારે ચારુતર વિદ્યામંડળનો જ્ઞાનસંવર્ધનનો હેતુ અને ઉદ્દેશ્ય સાધવા માટે સામેથી જ કાંઇ પ્રાપ્ત થતું હોય એવું લાગે અને ચારુતર વિદ્યામંડળ જેવી સંસ્થા તેને આવકારે તે સ્વાભાવિક છે.

આવો જ એક પ્રયાસ બહેનશ્રી ટીના દોશી મારફતે થયો. એમના પ્રયાસની સઘળી માહિતી ચારુતર વિદ્યામંડળને પ્રાપ્ત થતાં મને અને મારા સાથી મંત્રીશ્રીઓને રસ પડ્યો. આ પ્રયાસમાં ચારુતર વિદ્યામંડળ બધી રીતે મદદરૂપ થાય તેવો પ્રયાસ કરવા માટેની જવાબદારી લેવી તેવું નક્કી થયું. એને ચારુતર વિદ્યામંડળની ગવર્નિંગ બૉડીએ સહર્ષ સ્વીકાર્યું અને આ પ્રોજૅક્ટ ચારુતર વિદ્યામંડળ થકી થાય તેની માન્યતા આપી. આ રીતે બહેન શ્રી ટીના દોશીને 'ભારતીય મહિલા વિશ્વકોશ' માટે અમે આવકાર્યાં અને જરૂરી સગવડ આપવા માટેની બાંહેધરી આપી.

ભારત દેશની સંસ્કૃતિ હજારો વર્ષ જૂની છે. હજારો વર્ષથી આ સંસ્કૃતિના જુદા જુદા તબક્કે મહિલાઓની જે વિશિષ્ટતા અને સમાજમાં તેઓનું સ્થાન, સમાજક્ષેત્રે કે રાજ્યક્ષેત્રે કે બીજી વિદ્યાના અનુસંધાને હોય તે સ્થિતિને તેમના સંશોધન મારફતે જુદા જુદા તબક્કાનાં માહિતીસભર લખાણો હોય તેની ચોકસાઇ કરીને તેમણે ભારતીય મહિલા વિશ્વકોશ લખવાનું શરૂ કર્યું. એક પછી એક પ્રકરણ એમ સાત પ્રકરણ લખાયાં.ભાવિ પેઢીને ભારતીય મહિલાનું સમાજમાં જે યોગદાન છે તેનાથી માહિતગાર થવા માટે એ ઉપયોગી સાબિત થશે. આજે જ્યારે મહિલાઓને પુરુષ સમોવડી ગણીને બધી જગ્યાએ ૩૩ ટકા અનામત અપાય તે માટે આખોય દેશ વિચારતો હોય ત્યારે આવો વિશ્વકોશ સરકારમાં બેઠેલાઓને પણ બહેનો માટે ખાસ નિર્ણયો કરવા માટે યોગ્ય માર્ગદર્શન પૂરું પાડશે તેવી મને ખાતરી છે.

જ્યારે આ વિશ્વકોશનો વેદથી મહાભારત સુધીના કાળમાં સ્ત્રીઓની સ્થિતિ વિશેનો પ્રથમ ગ્રંથ પ્રકાશિત થઇ રહ્યો છે ત્યારે બહેન શ્રી ટીનાના આ પ્રયાસને હું બિરદાવું છું અને બાકીના ચાર ગ્રંથો સારી રીતે પૂરા થાય, પ્રકાશિત થાય ત્યાં લગી ચારુતર વિદ્યામંડળ તેમને સહાય કરતું રહેશે તેની ખાતરી સાથે ગુડલક.

(૪ જૂન ૨૦૧૪)

## વલ્લભભાઈ પટેલ

ચરોતરના પાટીદાર કુટુંબની એક કન્યાના વિવાહ માટે વર-પરિવારની વ્યક્તિઓ સાથે દહેજની વાટાઘાટો ચાલતી હતી. પણ દહેજની રકમ અંગે કોઇ સમજૂતી સધાતી નહોતી.

સરદાર વલ્લભભાઇ પટેલને આ બાબતની જાણ થતાં, તેઓ ગુસ્સે થયા, અને વરકન્યા બંનેનાં મા-બાપને બોલાવીને તાડૂક્યાઃ 'તમે લોકો દહેજની ભાટાઇ અને ભાંજગડ છોડો અને વર-કન્યાને શુક્રવારીમાં મૂકી દો. ત્યાં જે ભાવ નક્કી થાય તે ફાઇનલ.'

('નાના મોટા માણસ, ઝીણી ઝીણી વાત'માંથી સાભાર)
સંપાદનઃ પ્રકાશ વેગડ

# સ્વપ્ન થયું સાકાર

**પારુલટીના દોશી**

**(ચારુતર વિદ્યામંડળના ભારતીય મહિલા વિશ્વકોશના વેદથી મહાભારત સુધી સ્ત્રીઓની સ્થિતિને આવરી લેતા પ્રથમ ખંડની પ્રસ્તાવના અહીં પ્રસ્તુત છે.)**

*નારીએ જગ ઊપજે દાનવ માનવ દેવ*
*નારી બિન કૈસે ઊપજે નારીએ નામ રહંત...*

દુહાની આ પંક્તિઓમાં નારીશક્તિનાં ગુણગાન કરાયાં છે. નારી છે તો આ દુનિયા છે. દાનવ, માનવ ને દેવ છે. સાધુ હોય કે શેતાન હોય, જતિ હોય કે સતી હોય, ભક્ત હોય કે દાસ હોય, સહુએ નારીની કૂખમાંથી જ અવતરવું પડે છે. નારી છે તો નર ને નારાયણ છે. નારી વિના મનુષ્યની ઉત્પત્તિ શક્ય નથી. એટલે જ આ પંક્તિઓમાં સ્ત્રીનો મહિમા કરતાં કહ્યું છે કે, નારીએ નામ રહંત !

આ દુહો ભલે કોઈ પણ કાળમાં રચાયો હોય, તે દરેક યુગમાં બંધબેસતો છે. યુગેયુગે એ વાત એટલી જ સાચી છે કે નારી થકી જ વંશ ને કુળ આગળ વધે છે ને નારીને કારણે જ નામ રહે છે... છતાં કાળક્રમે સ્ત્રીને જોવાની દૃષ્ટિમાં પરિવર્તન આવ્યું. સ્ત્રી સાથે વિરોધાભાસી વલણો જોડાયાં. એક બાજુ નારીનું ગૌરવ કરવા કહેવાયું કે જ્યાં સ્ત્રીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ વસે છે, તો બીજી બાજુ સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ અને બૂધે નાર પાંસરી એમ કહીને એ ગર્વનું ખંડન કરી દેવાયું. એક તરફ સ્ત્રી સ્વયંશક્તિ છે એમ કહીને એની પ્રતિષ્ઠા વધારવામાં આવી તો બીજી બાજુ તેને અબળા ગણીને તેનો દરજ્જો નીચે ઉતારવામાં આવ્યો. સ્ત્રીનું સન્માન કરવા કહેવામાં આવ્યું કે નારી તું નારાયણી અને એનું અપમાન કરવા એમ પણ કહી દેવાયું કે નારી તાડન કી અધિકારી... સ્ત્રીને જુદા જુદા ચોકઠામાં વહેંચવામાં આવી. કાર્યેષુ મંત્રી, ભોજ્યેષુ માતા, શયનેષુ રંભા ને ચરણેષુ દાસી. સ્ત્રીની ઓળખ આ જ હોઈ શકે એવી માન્યતા ઘર કરી ગઈ. સ્ત્રીના સ્વતંત્ર અસ્તિત્વ અને આગવી ઓળખ નકારાયાં. સ્ત્રીને પિતા, પતિ અને પુત્રના પડછાયામાં જ જોવામાં આવી. ન એનું નામ, ન એનો અવાજ.

પરંતુ, આવી પરિસ્થિતિમાં પણ ભીંત ફાડીને ઊગેલા પીપળાની જેમ પેલો નાદ દસે દિશામાં ગૂંજે છે : નારીએ નામ રહંત... અત્યારે એકવીસમી સદીનો એક દાયકો પૂરો થઈ ગયો છે ત્યારે પણ સમગ્ર વિશ્વમાં નારીમુક્તિની ચળવળો ચાલી રહી છે, નારીસમાનતા માટેનાં આંદોલનો થઈ રહ્યાં છે, છતાં વાસ્તવિકતા તો એ જ છે કે નારી નામના કેન્દ્રની આસપાસ આખી દુનિયા ગોળગોળ ઘૂમે છે.

નારી છે તો વંશ છે, નારી છે તો કુળ છે ને નારી છે તો મારું, તમારું ને સૌનું નામ છે ! અને એટલે જ, પ્રાચીન કાળથી આધુનિક કાળ સુધીમાં સ્ત્રીની સામાજિક, શૈક્ષણિક, આર્થિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિમાં સતત પરિવર્તન થતું રહ્યું હોવા છતાં, માતૃત્વ ધારણ કરવાની અને જીવને જન્મ આપી શકવાની તેની શક્તિને કારણે જ, યુગે યુગે દોહરાવવામાં આવ્યું છે કે, નારીએ નામ રહંત...

એટલે એમ કહી શકાય કે નારી આ સમાજનું ચાલકબળ છે, આધારશિલા છે અને પાયાનો પથ્થર છે. નારીનું સ્થાન સૃષ્ટિના સર્જનહાર બ્રહ્માજીની સમકક્ષ છે અને આ બાબત સહુ કોઈ જાણે છે, છતાં કમનસીબી એ વાતની છે કે સ્ત્રી પોતે જ પોતાનું મહત્ત્વ સમજી શકી નથી. એ પોતે જ પોતાને ઊતરતી ગણે છે. જોકે સ્ત્રીઓની સ્થિતિમાં થોડો ફરક જરૂર પડ્યો છે. આજની સ્ત્રી પોતાના અધિકારો માટે જાગ્રત થઈ છે. અન્યાય સામે અવાજ ઉઠાવતી થઈ છે. પગભર થઈ છે. સ્વતંત્ર થઈ છે. પરંતુ આ સ્વતંત્રતા સમાજના નાનકડા સ્ત્રીવર્ગ પૂરતી જ સીમિત છે. સ્ત્રી પુરુષસમોવડી નહીં બલ્કે પુરુષ કરતાં ચડિયાતી છે એવું એણે વારંવાર પુરવાર કર્યું છે છતાં, વિશાળ સ્ત્રીસમૂહ આજે પણ હાંસિયામાં ધકેલાયો છે. સ્ત્રીની આગવી ઓળખ કે અસ્તિત્વ નકારવામાં આવે છે અને સ્ત્રીએ પોતે પણ એ બાબત સહજતાથી સ્વીકારી લીધી છે. એ પુરુષના પડછાયામાં જીવવાને ટેવાઈ ગઈ છે. એ જાણે પુરુષના પડછાયામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન પણ કરતી નથી. એટલું જ નહીં, આદર્શ સ્ત્રીની વ્યાખ્યામાં બંધબેસવા એ પ્રયાસો કરે છે. એથી જ તો તે એ પોતે પણ એવું જ માને છે અને કહે છે કે, સ્ત્રીઓ તો ઘર ચલાવી જાણે, બહારના કામમાં એને શું ગતાગમ પડે ? વળી પહેલાંની સ્ત્રીઓ પણ ઘર જ સંભાળતી ને ? એ પણ પિતા, પતિ કે પુત્રના નામે જ ઓળખાતી ને ? એ ક્યાં સ્વતંત્ર હતી ?

પરંતુ, શું આ વાત ખરેખર સાચી છે ? પહેલાંની સ્ત્રી સ્વતંત્ર નહોતી ? કોઈની પુત્રી હોવું, કોઈની પત્ની હોવું કે કોઈની માતા હોવું એ જ સ્ત્રીની ઓળખ હતી ? સ્ત્રીનું આગવું વ્યક્તિત્વ ને આગવું અસ્તિત્વ નહોતું ? આ સવાલો એ મારા આ ભારતીય મહિલા વિશ્વકોશના મૂળમાં છે અને એ મૂળિયાં એકવીસ વર્ષ જેટલાં ઊંડાં વિસ્તરેલાં છે. એ વખતે,

લગભગ ૧૯૯૨ના વર્ષમાં પહેલી વાર આવા સવાલો ઊઠ્યા હતા. ત્યારે હું જન્મભૂમિ જૂથના અખબારમાં કામ કરતી. એક દિવસ જન્મભૂમિના એ વખતના સહતંત્રી શ્રી હરિ દેસાઈ, વરિષ્ઠ પત્રકાર શ્રી જતીન દેસાઈ અને હું કોઈક ચર્ચા કરી રહ્યાં હતાં. વાતવાતમાં આ બિચારીબાપડી ગણાતી સ્ત્રીઓની વાત નીકળી અને એ વાત પ્રાચીન કાળ સુધી પહોંચી. એ સમયની સ્ત્રીઓની સ્થિતિ કેવી હશે એ મુદ્દો ચર્ચાના કેન્દ્રસ્થાને હતો.

એ વખતે શ્રી હરિએ મને પ્રાચીન કાળની સ્ત્રીઓનો અભ્યાસ કરીને એક લેખમાળા તૈયાર કરવાનું સૂચન કર્યું. મેં તરત જ એ કામ સ્વીકારી લીધું. કારણ કે એ નિમિત્તે મને પણ સ્ત્રીઓની સ્થિતિ અંગે અભ્યાસ કરવાની તક મળી હતી.

હોંશે હોંશે મેં એ તક ઝડપી તો લીધી, પણ કામ શરૂ કર્યું ત્યારે ખબર પડી કે, પ્રાચીન સ્ત્રીઓ વિશે ગુજરાતીમાં સાહિત્ય ઉપલબ્ધ જ નહોતું. અમારું જન્મભૂમિનું ગ્રંથાલય અત્યંત સમૃદ્ધ હતું, પણ ગુજરાતી ભાષામાં કશું પ્રાચીન સ્ત્રીઓ અંગેનું સાહિત્ય જ ન હોય તો ગ્રંથાલયમાં એ ક્યાંથી હોય ? એટલે મેં એશિયાની સૌથી મોટી લાઇબ્રેરી એવી એશિયાટિક લાઇબ્રેરીનું સભ્યપદ મેળવ્યું. ૧૯૯૨માં એ લાઇબ્રેરીમાં અંદાજે છ લાખ પુસ્તકો હતાં. તેમાંથી મને કેટલાક મહત્ત્વનાં અંગ્રેજી પુસ્તકો મળ્યાં. એમાંનાં સાતેક પુસ્તકો તો મેં આખેઆખાં મારી નોટબુકમાં હાથેથી લખીને ઉતાર્યાં હતાં. એ પુસ્તકોના સંદર્ભો કોઈ પણ સમયે કામ લાગશે એવા હેતુથી મેં એ લખ્યું હતું. એ એકવીસ વર્ષ જૂનું લખાણ આજે પણ મારી પાસે સચવાયેલું છે. મારી ચાર નોટબુકમાં સચવાયેલો એ પુસ્તક-ખજાનો આ પ્રમાણે છે : ડૉ. ભગવત સરણ ઉપાધ્યાય લિખિત 'વુમન ઇન ઋગ્વેદ', ડૉ. એ. એસ. અલ્તેકરનું 'ધ પૉઝિશન ઑફ વુમન ઇન હિન્દુ સિવિલાઇઝેશન', પ્રાધ્યાપક ઇન્દ્રનું 'ધ સ્ટેટસ ઑફ વુમન ઇન એન્શિયન્ટ ઇન્ડિયા', માઇલ્ડરેથ વર્થ પીન્ખમનું 'વુમન ઇન ધ સેક્રેડ સ્ક્રિપ્ચર્સ ઑફ હિન્દુઇઝમ', શકુંતલા રાવ શાસ્ત્રીનું 'વુમન ઇન ધ સેક્રેડ લૉઝ' અને પ્રા. આર. એમ. દાસનું 'વુમન ઇન મનુ ઍન્ડ હીઝ સેવેન કૉમેન્ટેટર્સ' તથા 'વુમન ઇન મનુઝ ફિલોસોફી'.

આ સાત પુસ્તકોમાંથી પહેલી વાર પસાર થઈ ત્યારે એક અજબ પ્રકારનો રોમાંચ થયો હતો. મને પહેલી જ વાર પ્રાચીન સ્ત્રીઓની સ્થિતિ જાણવાનો મોકો મળ્યો હતો. અને અનેરો આનંદ તનમનમાં છવાઈ ગયો હતો. કદાચ એ જ ક્ષણે મારી જાણબહાર મારા મનમાં ભારતીય મહિલા વિશ્વકોશનું બીજ રોપાયું હતું !

એ બીજ રોપાયાની જાણ મને તો બહુ મોડેથી થઈ. અને એ જાણ થતાં પહેલાં મેં એક લેખમાળા તૈયાર કરી. એ લેખમાળાનાં સવાસો પાનાંમાં પાંચ પ્રકારની સ્ત્રીઓ વહેંચાયેલી હતી. પ્રાચીન સ્ત્રી, બુદ્ધકાલીન સ્ત્રી, રાજપૂતાણીઓ, ગરવી ગુજરાતણો અને મરાઠા કાળની સ્ત્રીઓ. એ લેખમાળાને આપણા જાણીતા કવિ અને સર્જક સુરેશ દલાલે 'માનુષીઃ આધી કલ્પના આધી કાયા' એવું નામ આપ્યું.

એ વખતે તો લેખમાળા લખવાનું કામ પૂરું થયું, પણ હકીકતમાં એ ભારતીય મહિલા વિશ્વકોશ તરફનું પ્રથમ પગલું હતું. અને બીજું પગલું હતું મારું 'પ્રાચીન કાળમાં સ્ત્રી' નામનું પુસ્તક. 'માનુષી' લખાયું ત્યારે મારી ઉંમર પચીસેક વર્ષની અને ૨૦૦૨ની સાલમાં 'પ્રાચીન કાળમાં સ્ત્રી' પુસ્તક લખવાનો આરંભ કર્યો ત્યારે મારી ઉંમર હતી પાંત્રીસ વર્ષની. આ વચ્ચેનાં આઠેક વર્ષના ગાળામાં મારો દૃષ્ટિકોણ વિશાળ થયો હતો અને મારી સમજ વધુ વિકસી હતી. અર્થઘટનો અને વિશ્લેષણ કરવાની સમજણ કેળવાઈ હતી. વળી, આ ગાળામાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણો, રામાયણ અને મહાભારતના ગ્રંથો પણ મેં વસાવ્યાં હતાં. એ વાંચતી વખતે બહુ રસ પડતો. પછી મને લાગ્યું કે 'માનુષી' લખ્યું તેમાં ઘણી વિગતો ઉમેરી શકાય એમ છે. અને એ વિગતો સાથે 'પ્રાચીન કાળમાં સ્ત્રી' લખવાનો આરંભ કર્યો. 'માનુષી'માં પ્રાચીન સ્ત્રીઓનું પ્રકરણ માંડ પચ્ચીસ પાનાંમાં સમાયું છે, પણ 'પ્રાચીન કાળમાં સ્ત્રી'માં એ પાનાની સંખ્યા વિસ્તરીને બસો પચીસ પાનાં સુધી પહોંચી.

અને, એ જ ક્ષણે માનસભૂમિમાં ધરબાયેલું પેલું બીજ અંકુર બનીને ફૂટી નીકળ્યું. મેં ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનો સંકલ્પ કરી લીધો. આ સંકલ્પ સાથે એક કારણ જોડાયેલું હતું. તે એ કે પ્રાચીન કાળથી માંડીને કોઈ પણ કાળની સ્ત્રીઓની સ્થિતિ વિશે ગુજરાતી ભાષામાં ભાગ્યે જ કોઈ અભ્યાસપૂર્ણ ગ્રંથ ઉપલબ્ધ છે. અંગ્રેજી અને હિન્દી ભાષામાં સાહિત્ય મળી રહે પણ ગુજરાતી ભાષામાં કશું જ નહીં. વળી ગુજરાતી ભાષામાં તો સંશોધન થતું જ નથી એવું કાયમનું મહેણું પણ ખરું. મને એવું થાય કે આવું કોઈ કામ આપણી ભાષામાં થવું જોઈએ. સ્ત્રીઓનો એક વિશ્વકોશ તૈયાર થવો જોઈએ. એવો વિશ્વકોશ જેમાં દરેક કાળની સ્ત્રીઓની સ્થિતિ અંગેની વિગતો આવરી લેવામાં આવી હોય.

મનમાં આ પ્રકારના વિચાર આકાર લેવા માંડ્યા. અને વીજળીના ચમકારા જેવી કોઈ ક્ષણે મારા મનમાં ઝબકારો થયો કે, કોઈ આ કામ કરે એની રાહ જોવાને બદલે હું જ કેમ આ વિશ્વકોશ તૈયાર ન કરું ?

અને વિચારનો એ ઝબકાર સ્વપ્ન બનીને મારી આંખોમાં અંજાયો. અને પછી એ સ્વપ્ન સાકાર કરવાની ચાનક ચડી.

મેં વિશ્વકોશની રૂપરેખા તૈયાર કરી. આરંભમાં દસ ખંડના વિશ્વકોશની પરિકલ્પના હતી. પછીથી એ જ રૂપરેખાને પાંચ ખંડમાં સમાવી લીધી. સામાન્યપણે વિશ્વકોશમાં અકારાદિ ક્રમમાં વ્યક્તિ, સ્થળ, ઘટના અને અન્ય પ્રકારની માહિતી આપવામાં આવે છે.

એટલે મહિલા વિશ્વકોશ નામ સાંભળીને સ્વાભાવિક જ કોઈને પણ એવું જ લાગે કે આ વિશ્વકોશમાં અકારાદિ ક્રમમાં જે તે કાળની સ્ત્રીઓની વિગતો આપવામાં આવશે. પણ એ મહિલા વિશ્વકોશની મારી કલ્પના નહોતી. મારે તો દરેક કાળની સ્ત્રીઓની સ્થિતિ અંગેની માહિતીનો વિશ્વકોશમાં સમાવેશ કરવો હતો. ભારતીય સ્ત્રીઓ અને એ સ્ત્રીઓ સાથે જોડાયેલાં તમામ પાસાં આવરી લેવાં હતાં. એટલે મેં પાંચ ખંડના ભારતીય મહિલા વિશ્વકોશની આ પ્રકારની રૂપરેખા તૈયાર કરી :

પ્રથમ ખંડમાં વેદ, બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદો અને સૂત્રગ્રંથો સહિતના વૈદિક સાહિત્ય, સ્મૃતિગ્રંથો, પુરાણો, રામાયણ અને મહાભારતના સમયની સ્ત્રીઓની વિગતો આવરી લેવી. બીજા ખંડમાં ઐતિહાસિક અને મધ્યકાલીન સ્ત્રીઓની સ્થિતિ અંગેની વિગતો આવરી લેવી. ત્રીજા ખંડમાં બ્રિટિશકાળમાં સ્ત્રીઓની સ્થિતિનો ચિતાર રજૂ કરવો. ચોથા ખંડમાં હિંદુ, જૈન, બૌદ્ધ, ઇસ્લામ, ખ્રિસ્તી, શીખ અને અન્ય મુખ્ય ધર્મો તથા વિવિધ સંપ્રદાયોમાં સ્ત્રીઓની સ્થિતિ કેવી છે તેની વિગતોનો સમાવેશ કરવો. અને પાંચમા ખંડમાં સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ વિશેની વિગતો સમાવી લેવી.

પ્રત્યેક ખંડમાં સ્ત્રીઓની સ્થિતિ વિશે સાચું ને સ્પષ્ટ ચિત્ર તૈયાર કરવા માટે સ્ત્રીજીવન સાથે જોડાયેલા આ મુદ્દાઓ તબક્કાવાર આવરી લેવાનું નક્કી કર્યું : કન્યાને જન્મનો અધિકાર, કન્યાનો ઉછેર, કન્યાશિક્ષણ, કન્યાને સ્વતંત્રતા, કન્યાના વિવાહ, એકપત્નીત્વ, બહુપત્નીત્વ, સૌંદર્ય, શૃંગાર, વસ્ત્રો અને અલંકારો, પત્નીનું કાર્ય, પત્નીનો દરજ્જો, માતા તરીકે સ્ત્રીનું સ્થાન, વિધવાનો સામાજિક દરજ્જો, પુનઃવિવાહ, સતીપ્રથા, સ્ત્રીસન્માન, સ્ત્રીઓની આર્થિક, ધાર્મિક, સામાજિક અને રાજકીય સ્થિતિ... ટૂંકમાં એટલું જ કે કન્યાનો જન્મ થાય ત્યાંથી લઈને એ મૃત્યુ પામે ત્યાં સુધીના દરેક ઘટનાક્રમમાં સ્ત્રીની સ્થિતિ કેવી હતી એની વિગતોનો વિશ્વકોશમાં મારે સમાવેશ કરવો હતો.

આમ મારે શું કરવું છે તે અંગે હું અત્યંત સ્પષ્ટ હતી. એક વાક્યમાં જો કહેવાનું હોય તો સ્ત્રીઓ વિશેની બધી જ માહિતી એક ઠેકાણેથી મળી જાય એવો ભારતીય મહિલા વિશ્વકોશ મારે તૈયાર કરવો હતો. ભારતની કોઈ પણ ભાષામાં આ પ્રકારનો મહિલા વિશ્વકોશ નથી. અંગ્રેજીમાં પણ નહીં. પહેલી જ વાર આ પ્રકારનો ભારતીય મહિલા વિશ્વકોશ બનવાનો હતો એટલે સ્વાભાવિક જ મારા માટે એ રોમાંચક ઘટના હતી. અને મારા ઐતિહાસિક વિશ્વકોશના સ્વપ્નને સાકાર કરવા માટે મેં એ પ્રકલ્પ કેટલીક સંસ્થાઓ સમક્ષ મૂક્યો.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ને નેશનલ બુક ટ્રસ્ટ. આ સિવાય પણ કેટલીક સંસ્થાઓ સમક્ષ મેં વિશ્વકોશની રૂપરેખા આપી હતી. પણ કાંઈ ન વળ્યું. મારો પ્રકલ્પ ક્યાંય ન સ્વીકારાયો. પણ હું હિંમત ન હારી. મેં મારી જાતને વચન આપ્યું કે, એક દિવસ હું વિશ્વકોશ તૈયાર કરવાના સ્વપ્નને જરૂર સાકાર કરીશ.

એવામાં બે ઘટના બની. ગુજરાત સ્ત્રી કેળવણી મંડળનાં પ્રમુખ વસુબહેને ૨૦૦૧માં મારા પ્રકલ્પને પ્રોત્સાહન પૂરું પાડ્યું. મને માળખાકીય સુવિધા આપવા માટેનો ઠરાવ મંડળમાં પસાર કર્યો. બીજી બાજુ કેન્દ્ર સરકારે મારો પ્રકલ્પ મંગાવ્યો. પણ એ પ્રકલ્પ દિલ્હી સરકારમાં મોકલવા માટે અનુસ્નાતક હોવું જરૂરી હતું. હું તો વિજ્ઞાનશાખાની — રસાયણશાસ્ત્રના વિષય સાથેની સ્નાતક હતી. રાતોરાત અનુસ્નાતક કઈ રીતે થવું ? છેવટે વિચાર કરતાં એક ઉપાય જડ્યો. વસુબહેને માસ્ટર્સ કરેલું હતું. એટલે એમના નામ સાથે અમે કેન્દ્ર સરકારને ગુજરાત સ્ત્રી કેળવણી મંડળ તરફથી પ્રકલ્પ મોકલી આપ્યો. પણ પછી એમાં પણ વાત આગળ ન વધી.

એટલે એમ કહી શકાય કે મારા વિશ્વકોશ પ્રકલ્પને લગભગ બધેથી જાકારો મળ્યો હતો. પણ મારો સંકલ્પ અફર હતો. વિશ્વકોશ એ મારું સ્વપ્ન તો હતું જ, પણ મારા જીવનનું લક્ષ પણ એ જ બની ગયું હતું. હું ઊઠતાં બેસતાં ને સૂતાં જાગતાં માત્ર વિશ્વકોશ વિશે જ વિચારતી. એટલે શ્રી હરિએ મને કહ્યું કે, તું માસ્ટર્સ કરી લે. શૈક્ષણિક લાયકાત હશે તો કદાચ કોઈ તારો પ્રકલ્પ સ્વીકારશે.

અને મેં આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી એમ.એ. કર્યું. ૧૯૮૮માં મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એસસી. કર્યાનાં અઢાર વર્ષ બાદ મેં અનુસ્નાતકની પદવી મેળવી. પછી પીએચ.ડી.નું રજિસ્ટ્રેશન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં થયું. એ ગાળામાં વલ્લભ વિદ્યાનગર આવવાનું થયું. અહીં આવીને પીએચ.ડી.ની પદવી મેળવી. એમ.એ. અને પીએચ.ડી. કરવાનું કારણ એક જ હતું: ભારતીય મહિલા વિશ્વકોશનું સ્વપ્ન સાકાર કરવાનો !

આ વિશ્વકોશ તૈયાર કરવા માટેની શૈક્ષણિક લાયકાત મેં મેળવી લીધી. એ પછી મારો પ્રકલ્પ ક્યાંક મૂકી શકાશે અને ક્યાંક તો એ સ્વીકારાશે એવી આશા હતી. જોકે કોઈ ન

સ્વીકારે તો પણ વિશ્વકોશ પર જ કામ કરવું એવો મેં સંકલ્પ કરી લીધો હતો. આ ભારતીય મહિલા વિશ્વકોશ મારો ડ્રીમ પ્રોજેક્ટ બની ચૂક્યો હતો અને આ કામ કર્યા વિના મારે મરવું નથી એ વાત મનમાં ઘર કરી ગઈ હતી. આ કામ કરવા માટે મેં મારી રીતે તૈયારીઓ પણ કરી હતી. પ્રકલ્પને લગતાં જે પુસ્તકો અને ગ્રંથો જ્યાંથી મળ્યાં ત્યાંથી ખરીદી લીધાં. જે અપ્રાપ્ય હતાં તેની ફોટોકોપી કરાવી લીધી. આમ મેં મારું પોતાનું વિશ્વકોશ માટેનું અંગત પુસ્તકાલય તૈયાર કર્યું. આમ પણ અમારું સૌથી વધુ મૂડીરોકાણ પુસ્તકોમાં જ થાય છે. અમારા અંગત પુસ્તકાલયમાં અંદાજે ૧૫૦૦૦ પુસ્તકો છે. તેમાંથી ૨૫૦૦ જેટલાં પુસ્તકો વિશ્વકોશના મારા સ્વપ્નિલ પ્રકલ્પને સાકાર કરવા માટે વસાવ્યાં હતાં. એટલે એ કામનો આરંભ થઈ શકે એમ હતો. મેં તો આમ પણ નક્કી કર્યું જ હતું કે, કોઈ મારો પ્રોજેક્ટ ન સ્વીકારે તો પણ મારે તો ભારતીય મહિલા વિશ્વકોશ પર જ કામ કરવું.

અને ત્યારે ચમત્કાર થયો. વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી. એલ. પટેલ સમક્ષ મારો ડ્રીમ પ્રોજેક્ટ રજૂ કર્યો. સાચું કહું તો એ પ્રોજેક્ટ મેં એમની સામે મૂકવા ખાતર જ મૂક્યો હતો. મેં પીએચ.ડી. કર્યા પછી એ મને અધ્યાપક બનાવવા માંગતા હતા. એટલે મેં એમને મારો ડ્રીમ પ્રોજેક્ટ બતાડ્યો. ૨૦૦૧માં મેં તૈયાર કરેલી રૂપરેખા આપી. મારો પ્રોજેક્ટ સ્વીકારાશે એવી મને જરાય શ્રદ્ધા નહોતી. કારણ કે અગાઉ કોઈએ એનો સ્વીકાર કર્યો નહોતો. પણ ડૉ. સી. એલ. પટેલ દીર્ઘદ્રષ્ટા છે. શિક્ષણમહર્ષિ છે અને મેનેજમેન્ટ ગુરુ છે. એ મારા પ્રોજેક્ટનું મહત્ત્વ સમજ્યા. મને કહ્યું,

'આ તો રાષ્ટ્રીય કક્ષાનું કામ છે. તમે એ કરી શકશો ?'

મેં કહ્યું : 'આ કામ કરવા માટે જ મેં એમ.એ. અને પીએચ.ડી. કર્યું છે અને આ કામ કર્યા વિના મારે મરવું નથી.'

એમણે કહ્યું : 'હું તમારા પ્રકલ્પનો સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરું છું. તમે કામ કરવાનું શરૂ કરી દો.'

મને મારા કાન પર વિશ્વાસ ન બેઠો કે મેં જે સાંભળ્યું એ સાચું છે. પણ એ સાચું જ હતું. પછી તો મારા પ્રકલ્પની રૂપરેખા સાથે ચારુતર વિદ્યામંડળના તત્કાલીન માનદ મંત્રી પ્રિ. રાવજીભાઈ પટેલને મળવાનું થયું. એમણે મારી પ્રોજેક્ટ નોટ પર ખૂબ સુંદર નોંધ લખી. ભારતમાં આ પ્રકારનું કામ પહેલી જ વાર થઈ રહ્યું હોવાનો આનંદ એમાં વ્યક્ત કરાયો હતો. આમ મારો પ્રોજેક્ટ ચારુતર વિદ્યામંડળ સાથે જોડાયો. ચારુતર વિદ્યામંડળની પ્રતિષ્ઠિત નલિની કૉલેજમાં ભારતીય મહિલા વિશ્વકોશનું ભગીરથ કાર્ય શરૂ થયું. અને એ સાથે મારા સ્વપ્નનું વાસ્તવિકતામાં રૂપાંતર થવાની શરૂઆત પણ થઈ. ઋગ્વેદમાં ઇન્દ્રાણીને મુખે બોલાયેલી ઋચા ભારતીય મહિલા વિશ્વકોશનું બોધવાક્ય બન્યું : અહં કેતુરહં મૂર્ધા... અર્થાત્ હું જ્ઞાનવતી અને અગ્રણી છું !

અને વિશ્વકોશના પ્રથમ ખંડનું કામ શરૂ થયું. ૨૦૦૧માં મેં જે રૂપરેખા બનાવી હતી તેના પર ૨૦૧૦માં કામ કરવાનું શરૂ કર્યું. ચારુતર વિદ્યામંડળમાં કામ કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા મળી. તત્કાલીન માનદ કાર્યકારી મંત્રી અને વર્તમાન મંત્રી પ્રિ. શનુભાઈ પટેલે હું સમયના બંધનમાં ન બંધાઉં એ પ્રકારની મોકળાશ કરી આપી.

એટલે હું મને ગમે ત્યાં કામ કરું. ઘરે કરું, સેરલિપ સંસ્થામાં કામ કરું કે પછી નલિનીમાં કરું. એમાં વળી નલિની કૉલેજના ગ્રંથાલયનો ભરપૂર લાભ મળ્યો. એટલે અભ્યાસ કરવાનું અને લખવાનું કામ સડસડાટ ચાલ્યું. જુલાઈ, ૨૦૧૦માં પ્રકલ્પ શરૂ થયો અને ૧૧ જાન્યુઆરી, ૨૦૧૧ના દિવસે મેં 'વેદગ્રંથોમાં સ્ત્રી' નામનું પ્રથમ પ્રકરણ ચેરમેન ડૉ. સી. એલ. પટેલ સમક્ષ આશીર્વાદ માટે રજૂ કર્યું. ચેરમેન સરે આશીર્વચન આપતાં લખ્યું કે,

'આ ભગીરથ કાર્યમાં શરૂઆતથી જ અમને સર્વને આપનામાં વિશ્વાસ બેઠો હતો. આવાં ઘણાં કાર્યોની સફળતા અને પૂર્ણતા માટે ઘણું બધું સંશોધન કરવું પડે છે જે તમે કરી રહ્યાં છો તેનો અમને સૌને સંતોષ છે. આ કાર્ય તમને અને નલિની આર્ટ્સ કૉલેજ અને ચારુતર વિદ્યામંડળને ગૌરવ અપાવશે જ.'

ચેરમેન સરના આશીર્વાદ મારા માટે અત્યંત પ્રોત્સાહક હતા. કામની કોઈ કદર કરે ને પીઠ થાબડે તો કામ કરવાનો ઉત્સાહ બેવડાય છે. મારો ઉત્સાહ પણ વધ્યો. પછી તો જેમ જેમ પ્રકરણ લખાતાં ગયાં એમ એમ ચેરમેન સરના આશીર્વાદ મળતા ગયા. એક વાર આશીર્વચન આપતાં એમણે લખ્યું કે, 'ચારુતર વિદ્યામંડળ આપના થકી એક વિશિષ્ટતા પ્રાપ્ત કરનાર છે તેના અનુસંધાનમાં આપના આ પ્રદાન માટે શુભેચ્છા અને આશીર્વાદ.'

વળી એક વાર એમણે આશીર્વાદ આપ્યા કે,

'ભારતીય મહિલા વિશ્વકોશ સંપૂર્ણ માહિતી સાથે તેના સાચા રૂપ અને માહિતી સાથે પ્રસિદ્ધ થાય તે માટેના તમારા અથાગ પ્રયત્નોને પરમકૃપાળુ પરમાત્મા પૂર્ણ સફળતામાં પરિણમે તેવી શુભેચ્છા, આશીર્વાદ.'

અને ૨૭ ઑક્ટોબર, ૨૦૧૩ના રોજ વિશ્વકોશના પ્રથમ ખંડનું સાતમું અંતિમ પ્રકરણ ચેરમેન સર સમક્ષ રજૂ કર્યું ત્યારે આશીર્વચન આપતાં એમણે લખ્યું કે,

'પ્રથમ ખંડના અંતિમ પ્રકરણની કાર્યવાહી પૂર્ણ થાય તે લેખિકા માટે આનંદનો પ્રસંગ છે. ચારુતર વિદ્યામંડળ પણ આ આનંદમાં સહભાગી થવામાં ગૌરવ અનુભવે છે. લેખિકાને અભિનંદન.'

ઋષિતુલ્ય ચેરમેન સરના આ પ્રકારના આશીર્વાદ મારા પર નિરંતર વરસતા રહ્યા છે એનું મને ગૌરવ છે. ક્યારેક એ મારાં પ્રકરણો પર આશીર્વાદરૂપે ફૂલ ચડાવતા. એ ફૂલ અને એ આશીર્વાદ થકી જ ત્રણ વર્ષમાં વેદથી મહાભારત સુધીની સ્ત્રીઓની સ્થિતિ વર્ણવતા ભારતીય મહિલા વિશ્વકોશના પ્રથમ ખંડનાં ૧૧૦૦ પાનાં લખી શકાયાં. આ પાનાં લખતી વખતે, પ્રાચીન સ્ત્રીઓના જીવનનો અભ્યાસ કરતી વખતે હું પણ ટુકડાઓમાં વહેંચાઈને, એ પ્રત્યેક કાળખંડમાં જીવી હોઉં એવું મને લાગ્યા કર્યું છે. આપણી પ્રાચીન સ્ત્રીઓએ આનંદ, વિષાદ, ક્રોધ, ગૌરવ, પીડા અને પ્રેમની જે અનુભૂતિ કરી છે તે તમામ લાગણીઓ કંઈક અંશે મેં પણ અનુભવી છે. એ સ્ત્રીઓને જાણવાનો મારો અનુભવ અત્યંત રોમાંચક રહ્યો છે. પ્રાચીન સ્ત્રીઓના શિક્ષણ, એમનાં વસ્ત્રો અને આભૂષણોનો અભ્યાસ કરતાં એક અદ્‌ભુત વિશ્વનાં દર્શન થયાં છે. આ સ્ત્રીઓએ મને સતત ઉષ્મા, ઊર્જા અને ઉત્સાહ પૂરાં પાડ્યાં છે. મારે રુંવે રુંવે દીવા ઝગવ્યા છે.

આ વિશ્વકોશનું કામ ચાલતું હતું ત્યારે ઘણા લોકો મને પૂછ્યા કરતા કે, આટલું બધું વાંચવાનો ને અભ્યાસ કરવાનો કંટાળો નથી આવતો ? એ વખતે હું એક જ જવાબ આપતી કે, આ એક જ એવું કામ છે જે કરવાનો મને ક્યારેય કંટાળો નથી આવતો. હા, ક્યારેક થાક લાગે. કામ ક્યારે પૂરું થશે એવો પ્રશ્ન પણ થાય, પણ કંટાળો તો ન જ આવે. વળી ગમતું કામ કરવાની તક મળે એનો તો આનંદ જ હોય ને ? જોકે ક્યારેક આ કામ કરવામાં વિરામ લેવાનું થાય. કારણ, ગ્રંથોનો અભ્યાસ કરવાનો, સંદર્ભો નોંધવાના, એનું વિશ્લેષણ કરવાનું અને પછી લખવાનું. તટસ્થ મૂલ્યાંકન કરવાનું. આ કામ કરતાં કરતાં ક્યારેક વિરામ લેવો પડે.

એટલે હું બજારનું કામ પતાવી લઉં, ઘરની સાફસફાઈ કરી લઉં, શાકભાજી સમારી નાખું, રસોઈ બનાવું કે બીજાં કામ કરી નાખું. ક્યારેક અમારી સેન્ટર ફોર સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ ઑન લાઈફ ઍન્ડ વર્ક્સ ઑફ સરદાર વલ્લભભાઈ પટેલ — સેરલિપમાં કાર્યક્રમોનું આયોજન કરવાનું હોય. એ કાર્યક્રમોમાં ઘણું કરીને સંચાલનની જવાબદારી મારા પર હોય. એટલે સંચાલનમાં નોખી ભાત પાડવા હું પ્રસંગને અનુરૂપ પંક્તિઓ શોધું. દુહા, છંદ, સુભાષિતો, પ્રાર્થના, કાવ્ય, ગઝલ અને મુક્તકોના ખજાનામાંથી પસાર થાઉં. એને કારણે દરેક સંચાલન આગવું ને વિશિષ્ટ બની જાય. પરિણામે તાજગી અનુભવાય. આનંદની અનુભૂતિ થાય. એ આનંદના અશ્વ પર સવાર થઈને હું ફરી એકવાર વિશ્વકોશના કામે વળું.

ભારતીય મહિલા વિશ્વકોશના સ્વપ્નિલ પ્રકલ્પની આનંદયાત્રા કરતાં કરતાં એક વાક્ય મારો જીવનમંત્ર બની ગયું છે : હિમાલય પર્વત ચડવાનો હોય ત્યારે, ક્યારે ચડી રહેવાશે એવો વિચાર કર્યા કરવાથી હિમાલયની ઊંચાઈ ઓછી થવાની નથી, પણ ચઢાણ શરૂ કરીએ તો એક દિવસ તો જરૂર હિમાલયની ટોચે પહોંચી શકાય છે અને શિખર સર કરી શકાય છે. અર્થાત્ રોજ એક પગલું ચાલવાથી ચાહે જેટલી દૂર હોય, પણ મંઝિલ સુધી જરૂર પહોંચી શકાય છે.

એટલે જરૂર હોય છે માત્ર પગલું માંડવાની. કામનો આરંભ કરવાની. શરૂ કરીએ તો જ પૂરું થાય. આ જીવનમંત્ર ગૂંજે બાંધીને જ કામ શરૂ કર્યું. પરિણામે સ્વપ્ન સાકાર થયું. મારી આંખોમાં અંજાયેલા સ્વપ્ને ગ્રંથદેહ ધારણ કર્યો અને હવે એ ગ્રંથ આપના હાથમાં છે. આ તબક્કે મને માટીમાંથી ઘડૂલી બનવાની પ્રક્રિયાનું સ્મરણ થાય છે. પહેલાં માટી ખોદાય છે, ગારો થાય છે, પગથી ખૂંદાય છે, પિંડ બંધાય છે, આકાર માટે ચાકડે ચડે છે અને પાકી થવા નીંભાડે પણ ચડે છે. આ બધી પ્રક્રિયામાંથી પસાર થાય ત્યારે માટીમાંથી ઘડૂલી બને છે. વિશ્વકોશ તૈયાર કરવાનો મારો અનુભવ પણ માટીમાંથી ઘડૂલી બનવા સમાન જ રહ્યો છે. અને આ વિશ્વકોશના પ્રથમ ખંડનું કામ પૂરું થયું છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે,

*નારીને નવ નીંદીએ નારી રત્નની ખાણ*
*નારી ઘરનું નૂર છે નારી જગતનું માન...*

(સીવીએમ બંગલો-૧૧,ગો.જો. શારદામંદિર સામે,
ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
મોઃ ૯૮૯૮૦૭૦૨૦૫)

## હિંદુઓ અને લઘુમતી ધર્મો

ગૌરાંગ જાની

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની સરકારે સત્તા સંભાળી ત્યાર બાદ બે મહત્ત્વના વિવાદાસ્પદ મુદ્દાઓ ચર્ચામાં આવ્યા. ૩૭૦ મી કલમ નાબૂદ કરવા અંગેનો મનસૂબો વ્યક્ત કરવામાં આવ્યો અને બીજો મુદ્દો મુસ્લિમોના લઘુમતી દરજ્જા અંગેનો સપાટી પર આવ્યો. પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ બંને મુદ્દાઓ એક યા બીજી રીતે ભારતના મુસ્લિમો સાથે સંકળાયેલા છે. જો કે દૂધમાં આવતા ઉભરાની જેમ આ મુદ્દા ચર્ચામાં આવ્યા અને એવું સમજાય છે કે તત્કાળ તો આ ઉભરાને શમાવી દેવામાં આવ્યા છે. જો કે આવનારા દિવસોમાં ભારતના રાજકારણમાં બહુમતી-લઘુમતીના સંબંધો ભાજપ અને સંઘ પરિવારની વિચારસરણીને પરિણામે ચર્ચામાં આવે તો નવાઇ નહીં.

આશ્ચર્ય એ વાતનું છે કે કેન્દ્રની નવી સરકારના લઘુમતી બાબતોનાં મંત્રી નજમા હેપતુલ્લાએ વિધાન કરી કહ્યું કે ભારતમાં મુસ્લિમોને લઘુમતીમાં શા માટે સમાવવા જોઇએ. તેઓ પોતે તો મુસ્લિમ છે અને ભૂતકાળમાં વર્ષો સુધી કોંગ્રેસી હતાં, પરંતુ તેમના મતે પારસીઓ જ ભારતમાં લઘુમતી ધર્મનો દરજ્જો ધરાવી શકે. તેનું કારણ આપતાં તેઓ પારસીઓની સતત ઘટતી જતી વસતિને આપે છે. પારસીઓ ઘટી રહ્યા છે એ તો સત્ય છે અને વર્ષ ૨૦૦૧ ની વસતિ ગણતરી પ્રમાણે તેઓ ભારતમાં માત્ર આશરે પાંસઠ હજારની વસતિ ધરાવે છે. પરંતુ તેનો અર્થ એ નથી કે મુસ્લિમો તેમનાથી વધુ વસતિ ધરાવતા હોવાને કારણે લઘુમતી ના કહેવાય, નજમા હેપતુલ્લાનું વિવાદાસ્પદ વિધાન અનેકને આશ્ચર્ય અપાવી ગયું અને ભવિષ્યમાં આ વિધાન પુનઃ ચર્ચામાં આવશે કે કેમ એ તો મોટો પ્રશ્ન છે.

જાન્યુઆરી ૨૦૧૯માં ભારત સરકારે જૈનોને લઘુમતી દરજ્જો આપ્યો. તેની સાથે દેશમાં કુલ છ ધર્મોને લઘુમતી ધર્મનો દરજ્જો મળેલો છે અને તેની સાથે દેશનું બંધારણ અને કાનૂન વ્યવસ્થા અવિભાજ્ય રીતે સંકળાયેલા છે એ ભૂલવું ના જોઇએ. વર્ષ ૨૦૧૧ની વસતિ ગણતરીની ધર્મ અંગેની માહિતી સરકારે જાહેર નથી કરી તેને કારણે ૨૦૦૧થી વસતિ ગણતરી પર આધાર રાખવો પડે છે. જો કે તેમાં જાણવા મળેલું ધર્મોનું વસતિ પ્રમાણ તપાસીએ તો ખ્યાલ આવે છે કે મુસ્લિમો સહિત અન્ય તમામ લઘુમતી ધર્મો લઘુમતિમાં જ કહેવાય. લેખમાં દર્શાવેલ કોષ્ટકની માહિતી સ્પષ્ટ કરે છે કે ભારતમાં મોટા ભાગની વસતિ (૮૦.૫ ટકા) હિન્દુઓની છે. તેનો અર્થ એ થયો કે બાકીના ૨૦ ટકા ભારતીઓ ભિન્ન ભિન્ન ધર્મના અનુયાયીઓ છે. જો આ વાસ્તવિકતા હોય તો મુસ્લિમ સહિતની તમામ અન્ય ધાર્મિક લઘુમતીઓના સ્થાન અંગે શંકા ઉપસ્થિત કરવાનો સવાલ જ ઉપસ્થિત થતો નથી.

ભારતની ૨૦ ટકા લઘુમતી વસતિમાં સૌથી વધુ પ્રમાણ મુસ્લિમો (૧૩.૩ ટકા) છે. આર્થિક અને સામાજિક રીતે ઉચ્ચ સ્થાન ધરાવનાર જૈનો માત્ર ૦.૪ ટકા જ વસતિ પ્રમાણ ધરાવે છે. પોતે કોઇ ધર્મ પાળતા નથી એવા ભારતીય નાગરિકો પણ છે. જો કે તેઓનું પ્રમાણ ન ગણ્ય (૦.૧ ટકા) જ છે.

મુસ્લિમોનું પ્રમાણ ભારતની વસતિના ૧૩.૪ ટકા છે. આ પ્રમાણથી પણ ઊંચું પ્રમાણ હોય એવાં રાજ્યોમાં આસામ (૩૦.૯), બિહાર (૧૬.૫), જમ્મુ અને કાશ્મીર (૬૬.૯), ઝારખંડ (૧૩.૮), કેરળ (૨૪.૬), લક્ષદ્વીપ (૯૫.૪), ઉત્તર પ્રદેશ (૧૮.૪) અને પ. બંગાળ (૨૫.૨) ટકાનો સમાવેશ થાય છે. અત્રે એ યાદ અપાવવું આવશ્યક છે કે દેશના બંધારણ અન્વયે સામાજિક અને શૈક્ષણિક પછાત સમૂહોની યાદી તૈયાર થાય છે ત્યારે તેમાં હિન્દુઓની પછાત જ્ઞાતિઓ ઉપરાંત અન્ય ધર્મોના સમુદાયોનો પણ સમાવેશ થાય છે. દેશનાં અનેક રાજ્યોમાં અન્ય પછાત વર્ગોમાં મુસ્લિમોના પછાત સમૂહોનો સમાવેશ કરી તેઓના અનામતનો લાભ પણ મળે છે. ગુજરાતમાં બક્ષીપંચમાં ૧૭ સમૂહો એવા છે જેઓ મુસ્લિમ ધર્મ પાળે છે. તેનો અર્થ એ થયો કે ધાર્મિક લઘુમતી ઉપરાંત તેમાં જોવા મળતું સામાજિક-શૈક્ષણિક પછાતપણું મુસ્લિમોના સ્થાનને નક્કી તો કરે જ છે. આ સંદર્ભમાં આંધ્રપ્રદેશે અન્ય પછાત વર્ગોના અનામતની ટકાવારીમાં મુસ્લિમોને સાડાચાર ટકા અનામત આપવાનું ઠરાવ્યું, પરંતુ તેને હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યું છે.

ખ્રિસ્તીઓની નોંધપાત્ર વસતિ હોય એવા રાજ્યો કે કેન્દ્ર શાસિત વિસ્તારોમાં અરૂણાચલપ્રદેશ (૧૮.૭), મણિપુર (૩૪.૦), મેઘાલય (૭૦.૦), મિઝોરમ (૬.૯)

અને નાગાલેન્ડ (૮૯.૯)નો સમાવેશ થાય છે. અહીં એ પણ નોંધીએ કે આ રાજ્યોમાંના કેટલાકમાં આદિવાસીઓનું પ્રમાણ નોંધપાત્ર છે. પંજાબમાં શીખોનું પ્રમાણ લગભગ ૬૦ ટકા અને ચંદીગઢમાં ૧૭ ટકા છે. એજ રીતે બૌદ્ધ ધર્મીઓનું પ્રમાણ સિક્કિમમાં ૨૮.૧ ટકા, મહારાષ્ટ્રમાં ૬ ટકા અને ત્રિપુરામાં ૩ ટકા નોંધાયું હતું. ભારતમાં ધર્મો અને તેને આધારિત સંસ્કૃતિની વિવિધતા ભારતનું માત્ર પચરંગીપણું નથી, પરંતુ ભારતની સામાજિક સાંસ્કૃતિક તાકાત અને એકતાનું દર્શન કરાવે છે.

**ભારતમાં વિવિધ ધર્મોનું પ્રમાણ**

| | | | |
|---|---|---|---|
| ૧. | હિન્દુ | ૮૦.૫ | ટકા |
| ૨. | મુસ્લિમ | ૧૩.૪ | ટકા |
| ૩. | ખ્રિસ્તી | ૨.૩ | ટકા |
| ૪. | શીખ | ૧.૯ | ટકા |
| ૫. | બૌદ્ધ | ૦.૮ | ટકા |
| ૬. | જૈન | ૦.૯ | ટકા |
| ૭. | અન્ય | ૦.૬ | ટકા |
| ૮. | ધર્મ નથી. દર્શાવ્યો નથી | ૦.૧ | ટકા |

(સંદર્ભ : વસતિ ગણતરી, ભારત, ૨૦૧૧.)

**ભારતના રાજ્યોમાં ધર્મ પ્રમાણે વસતિ (ટકા)**

| ક્રમ | રાજ્ય | હિંદુ | મુસ્લિમ | ખ્રિસ્તી |
|---|---|---|---|---|
| ૧. | જમ્મુ અને કાશ્મીર | ૨૯.૬ | ૬૬.૯ | ૦.૨ |
| ૨. | પંજાબ | ૩૭.૦ | ૧.૫ | ૧.૨ |
| ૩. | ચંદીગઢ | ૭૮.૬ | ૩.૯ | ૦.૮ |
| ૪. | હરિયાણા | ૮૮.૨ | ૫.૭ | ૦.૧ |
| ૫. | રાજસ્થાન | ૮૮.૭ | ૮.૪ | ૦.૧ |
| ૬. | દિલ્હી | ૮૨.૦ | ૧૧.૭ | ૦.૯ |
| ૭. | ગુજરાત | ૮૯.૦ | ૯.૦ | ૦.૫ |
| ૮. | દમણ-દીવ | ૮૯.૬ | ૭.૭ | ૨.૧ |
| ૯. | દાદરા-નગરહવેલી | ૯૩.૫ | ૨.૯ | ૨.૯ |
| ૧૦. | મહારાષ્ટ્ર | ૮૦.૦ | ૧૦.૬ | ૧.૦ |
| ૧૧. | ગોવા | ૬૫.૭ | ૬.૮ | ૨૬.૬ |
| ૧૨. | કર્ણાટક | ૮૩.૮ | ૧૨.૨ | ૧.૯ |
| ૧૩. | લક્ષદ્વીપ | ૩.૬ | ૯૫.૪ | ૦.૮ |
| ૧૪. | કેરળ | ૫૬.૦ | ૨૪.૬ | ૧૯.૦ |
| ૧૫. | આંદામાન નિકોબાર | ૬૯.૨ | ૮.૨ | ૨૯.૬ |
| ૧૬. | તામિલનાડુ | ૮૮.૧ | ૬.૦ | ૬.૦૬ |
| ૧૭. | પુડુચેરી | ૮૬.૭ | ૬.૦ | ૬.૯ |
| ૧૮. | આંધ્રપ્રદેશ | ૮૯.૧ | ૯.૧૬ | ૧.૫ |
| ૧૯. | છત્તીસગઢ | ૯૪.૭ | ૧.૯ | ૧.૯ |
| ૨૦. | ઓરિસ્સા | ૯૪.૩ | ૨.૦ | ૨.૪ |
| ૨૧. | ઝારખંડ | ૬૮.૫ | ૧૩.૮ | ૦.૪ |
| ૨૨. | ત્રિપુરા | ૮૫.૬ | ૭.૯ | ૩.૨ |
| ૨૩. | પ.બંગાળ | ૭૨.૪ | ૨૫.૨ | ૦.૬ |
| ૨૪. | મિઝોરમ | ૩.૫ | ૧.૧ | ૮૬.૯ |
| ૨૫. | મેઘાલય | ૧૩.૨ | ૪.૨ | ૭૦.૭ |
| ૨૬. | મણિપુર | ૪.૬ | ૮.૮ | ૩૪.૦ |
| ૨૭. | નાગાલેન્ડ | ૭.૬ | ૧.૭ | ૮૯.૯ |
| ૨૮. | અરૂણાચલપ્રદેશ | ૩૪.૬ | ૧.૮ | ૧૮.૭ |
| ૨૯. | આસામ | ૬૪.૮ | ૩૦.૯ | ૩.૭ |
| ૩૦. | સિક્કિમ | ૬૦.૯ | ૧.૪ | ૬.૬ |
| ૩૧. | બિહાર | ૮૩.૨ | ૧૬.૫ | ૦.૬ |
| ૩૨. | મધ્યપ્રદેશ | ૯૧.૧ | ૬.૩ | ૦.૨ |
| ૩૩. | ઉત્તરપ્રદેશ | ૮૦.૨ | ૧૮.૪ | ૦.૨ |
| ૩૪. | ઉત્તરાંચલ | ૮૪.૯ | ૧૧.૯ | ૦.૩ |
| ૩૫. | હિમાચલપ્રદેશ | ૯૪.૪ | ૧.૯ | ૦.૧ |

(સંદર્ભઃ વસતિ ગણતરી, ભારત, ૨૦૦૧)

('ફૂલછાબ'માંથી સાભાર)

(૧૩-૧૫૨, પરિશ્રમ એપાર્ટમેન્ટ, સેટેલાઇટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫ મોઃ-૯૪૨૬૦૬૮૧૮૬)

॥ भाषाविमर्श ॥

## हिन्दी और गुजराती भाषा में वर्णित भाषा में वाच्य व्यवस्था

**भावना ठक्कर**

भाषा का शुद्ध ज्ञान आज हर दृष्टि से आवश्यक है। इस भाषिक शुद्ध उच्चारण, लेखन व प्रयोग का आधार है- व्याकरण। इससे किसी भी भाषा के मानक रूप का ज्ञान प्राप्त हो सकता है। इस में भी यदि व्याकरण को दो भाषाओं के तुलनात्मक अध्ययन से समझा जाए तो व्यक्ति द्विभाषी ज्ञान से लाभान्वित हो सकता है। इससे दो भिन्न भाषा-भाषी एक - दूसरे की भाषा को जान व समझ भी सकते हैं। अतः इसी बात को ध्यान में रखते हुए व्याकरण का एक अहम पहलू 'वाच्य' को यहाँ प्रस्तुत कर रही हूँ। यह हिन्दी तथा गुजराती दोनों भाषाओं में प्रयुक्त क्रिया संबंधी एक प्रमुख व्याकरणिक कोटि है, जिसका मुख्य आधार अर्थ तत्त्व है। यह मूलतः एक वाक्यात्मक व्यवस्था है, जो वाक्य में आये विभिन्न घटकों में से वक्ता किसे महत्त्व देता है, इस बात का प्रकाशन करता है। 'वाच्य' शब्द संस्कृत 'वच्' (कहना, बोलना) धातु से बना है, जिसका शाब्दिक अर्थ है- बोलने योग्य, विधान करने योग्य। संस्कृत में इसे 'प्रयोग', अंग्रेजी में 'वाइस' तथा हिन्दी में 'वाच्य' कहा गया है। पश्चिमी वैयाकरण इसे 'वायस' तथा ग्रीक में 'थेसिस' कहते हैं। भोलानाथ तिवारी के अनुसार 'वाच्य क्रिया का वह रूप है जिससे क्रिया में कर्ता, कर्म या भाव की प्रधानता के विधान का पता चलता है।'[१] के.का.शास्त्री के शब्दों में देखें तो ''क्रियापद या वाक्य की वह रचना जिसमें कर्ता, कर्म या क्रियापद की प्रधानता हो, 'वाच्य' कहा जाता है।''[२] अर्थात् वाच्य क्रिया का वह विशिष्ट रूप है, जिससे यह बोध होता है कि वाक्य में क्रिया द्वारा किये गए विधान का प्रमुख विषय कर्ता है, कर्म है या भाव। इस आधार पर हिन्दी तथा गुजराती दोनों भाषाओं में वाच्य के प्रमुख तीन भेद है- कर्तृ वाच्य, कर्म वाच्य तता भाव वाच्य। यह तीनों जब क्रिया में प्रयुक्त होते हैं तो कर्तरि प्रयोग, कर्मणि प्रयोग तथा भावे प्रयोग के रूप में जाने जाते हैं। दोनों भाषाओं में क्रियापद की अन्विति निम्नांकित तीन अवस्थाओं में होती है-

१. कर्तृ-अन्विति- कर्तानुसारी- कर्तरि प्रयोग

२. कर्म-अन्विति- कर्मानुसारी- कर्मणि प्रयोग

३. भाव-अन्विति- भावानुसारी- भावे प्रयोग

हिन्दी तथा गुजराती दोनों भाषाओं में कर्तृवाच्य में कर्ता की प्रधानता होती है, तथा दोनों में सकर्मक एवं अकर्मक क्रियाओं का प्रयोग किया जाता है। हिन्दी में कर्ता में '-०', '-ने', अथवा '-को', '-से' परसर्ग तथा क्रम के साथ '-०', '-को' परसर्ग लगाया जाता है एवं रंजक क्रिया के रूप में यहाँ 'जाना' प्रयोग आवश्यक नहीं है। जबकि गुजराती में कर्ता में '-०', '-ए' अथवा '-ने' परसर्ग और कर्म में '-०', '-ने' परसर्ग लगाया जाता है तथा रंजक क्रिया के रूप में 'जावुं' का प्रयोग आवश्यक नहीं है।

हिन्दी में कर्तृवाच्य में क्रिया कर्तानुसारी होती है अर्थात् कर्ता का क्रिया के साथ सीधा संबंध होता है तथा कर्ता के बदलने पर क्रिया भी बदल जाती है। जैसे-

मनन आम खाता है, लड़के आम खाते हैं, मौक्तिका आम खाती है।

जबकि गुजराती में कर्तृवाच्य में कर्ता के बदलने के बावजूद भी क्रिया बदलती नहीं है। क्रिया के लिंग-वचन में कोई परिवर्तन नहीं होता। जैसे-

मनन केरी खाय छे, छोकराओ केरी खाय छे, छोकरी केरी खाय छे। सविभक्तिक कर्ता-कर्म सहित कर्तृवाच्य के अंतर्गत कर्मणि प्रयोग केवल गुजराती में ही संभव है, हिन्दी में नहीं।

हिन्दी तथा गुजराती दोनों भाषाओं में कर्मवाच्य में मुख्य क्रिया सकर्मक होती है तथा दोनों जगह कर्मवाच्य सदैव प्रत्यय रहित होता है। हिन्दी में 'जा' धातु की सहायता से ये रूप बनते हैं, जबकि गुजराती में मूल धातु में 'आय' प्रत्यय जुड़ने पर इन रूपों का निर्माण होता है-

| | |
|---|---|
| हिन्दी | लिया जाता, खाया जाता, जाया जाता, बोला जाता चला जाता |
| गुजराती | लवाय, खवाय, जवाय, बोलाय, चलाय |
| हि.: | 'चिठ्ठी लिखी जाती है।' |
| गुज.: | 'पत्र लखाय छे।' |

यहाँ रेखांकित पद से एक बात और द्रष्टव्य है कि हिन्दी भाषा में इन क्रियारूपों में वियोगात्मकता पायी जाती है, जबकि गुजराती भाषा में ये रूप संयोगात्मक है। इसके और द्रष्टांत देखें तोः-

हिन्दीः मुझसे चला नहीं जाता, तुमसे जाया जाता है।
गुजरातीः माराथी चलातुं नथी, तारा वडे जवाय छे।

कर्मवाच्य की रूप रचना में हिन्दी तथा गुजराती दोनों मभाषाओं में कर्म ही उद्देस्य रूप में होता है तथा कर्ता का उल्लेख नहीं किया जाता। आवश्यकता पड़ने पर हिन्दी में करण कारक के परसर्ग '-से' तथा '-द्वारा' या- '-के द्वारा' अव्यय का प्रयोग किया जाता है, जबकि गुजराती में करण कारक या अपादान कारक के परसर्ग '-थी', '-वडे', '-वती', एवं '-तरफ थी' का प्रयोग किया जाता है।

हिन्दी तथा गुजराती दोनों भाषाओं में कर्मवाच्य में कर्मानुसार ही क्रिया में परिवर्तन होता है। हिन्दी में मुख्य क्रिया के सामान्य भूतकालिक कृदंत रूप के बाद वाच्यबोधक सहायक क्रिया 'जाना' जोडने से कर्मवाच्य के रूप बनते है, जबकि गुजराती में वाच्यबोधक सहायक क्रिया 'जाऊं' मुख्य क्रिया के सामान्य भूतकालिक कृदंत रूप जोडने से कर्मवाच्य के रूप बनते हैं।

भाववाच्य के अंतर्गत देखें तो हिन्दी तथा गुजराती दोनों भाषाओं में क्रिया न तो कर्ता के अनुसार होती है और न ही कर्म के अनुसार बल्कि स्वतंत्र होती है। कुछ लोग इसे 'मिडल वायस' भी कहते है।[३] संस्कृत में भाववाच्य के क्रियारुप उत्तम पुरुष एकवनच में होते हैं- 'तेन पठयते'। हिन्दी में इसका रूप प्रायः पुल्लिंग एकवचन अन्य पुरुष का होता है, जबकि गुजराती में यह नपुंसकलिंग ए.व. अन्य पुरुष में होती है। हिन्दी भाववाच्य में 'जाना' वाच्यबोधक सहायक क्रिया का प्रयोग मुख्य क्रिया के सामान्य भूतकालिक रूप के बाद अनिवार्य रूप से किया जाता है तथा गुजराती में भी भाववाच्य में 'जावुं' वाच्यबोधक सहायक क्रिया का प्रयोग मुख्य क्रिया के सामान्य भूतकालिक रूप के बाद प्रमुख रूप से होता है। जैसे-

हि.- 'मौक्तिका से खाया नहीं जाता।'

गुज.- 'मौक्तिकाथी खवातुं नथी।'

हिन्दी में भाववाच्य के अंतर्गत कर्ता के साथ वैकल्पिक रूप से '-से' परसर्ग तथा '-द्वारा' या '-के द्वारा' अव्यय का प्रयोग किया जाता है, जबकि गुजराती में भाववाच्य में कर्ता के साथ '-ए', '-थी', '-वडे' आदि प्रत्यय तथा अव्यय का प्रयोग किया जाता है। हिन्दी तथा गुजराती दोनों भाषाओं में इस भाववाच्य के अंतर्गत रही समानता देखें तो भाववाच्य की क्रियाएँ अकर्मक होती है तथा इनका प्रयोग प्रधानतः असमर्थता या निषेधार्थ का अर्थ व्यक्त करने के लिए ही होता है। जैसे-

हि.: 'मुझसे शरबत पिया नहीं जाता।'

गुज.: 'माराथी शरबत पीवातुं नथी।'

कर्मवाच्य एवं भाववाच्य के अंतर्गत संयुक्त क्रियापद की रचना हिन्दी में अनिवार्य है, जबकि गुजराती में यह वैकल्पिक है। साथ ही गुजराती भाषा में क्रिया के तिङ्न्त रूपों की अधिकता पायी जाती है। इसलिए यहाँ वाच्य एवं प्रयोग में एक साम्यता पायी जाती है, जबकि हिन्दी में वाच्य और प्रयोग के लक्ष्य-योग्य पार्थक्य के मूल में कृदंतो का अधिक प्रचलन है। अतः यहाँ वाच्य तथा प्रयोग के बीच अंतर है। दोनों का स्वतंत्र विवेचन भी हुआ है। हिन्दी की भाँती गुजराती में भी कर्तरि, कर्मणि प्रयोग प्राप्त है। किन्तु हिन्दी का भावे प्रयोग गुजराती में अनुपस्थित है।

हिन्दी तथा गुजराती दोनों भाषा में वाच्य रूपों में कुछ साम्यता भी पायी जाती है, जैसे-

- दोनों सकर्मक क्रिया 'द्वारा' से' के द्वारा ही कर्मवाच्य रूप बनता है तथा मुख्य क्रम प्रत्यय रहित अर्थात् शून्य प्रत्यय युक्त होता हैं।
- अकर्मक क्रियापद का मुख्यतः प्रयोग कर्तृवाच्य तथा भाववाच्य में होता है-

  **कर्तृवाच्यः** हिन्दी-छात्र लिखता है।

  गुजराती - विद्यार्थी लखे छे।

**भाववाच्यः-**

हिन्दी- लक्ष्मण से चला जाता है।

गुजराती- लक्ष्मणथी चलाय छे।

- सकर्मक क्रियापद का प्रयोग कर्तृवाच्य तथा कर्मवाच्य दोनों में होता है-

  **कर्तृवाच्यः** हिन्दी- लक्ष्मण उर्मिला को याद करता है।

  गुजराती- लक्ष्मण उर्मिलाने स्मरे-याद करे छे।

  **कर्मवाच्यः** हिन्दी- राम द्वारा धनुष तोडा गया।

  गुजराती- राम वडे धनुष तोडायुं।

- दोनों भाषा में कर्तृवाच्य का अधिक प्रचलन है तथा कर्तृवाच्य-कर्तरि प्रयोग आख्यात-क्रिया का मूल अंग है, जबकि कर्मवाच्य- कर्मणि प्रयोग तथा भाववाच्य-भावे प्रयोग क्रिया का साधित अंग है।

इस प्रकार वाच्य के समान तथा व्यतिरेकी विवेचन

से स्पष्ट होता है कि हिन्दी में कर्तरि, कर्मणि और भावे तीनों के रूप सहायक क्रिया व कृदंतो की सहायता से बनते हैं जबकि गुजराती में तीनों के लिए संयोगात्मक रूप है। वहाँ इन रूपों की रचना के लिए धातु और प्रत्यय के बीच प्रायः 'आ' प्रत्यय जोडा जाता है तथा इसे जोडने के कुछ सामान्य नियम भी प्रचलित है। जैसे–

आ > आ– वांच (वुं) वंचा (वुं) आदि। इस प्रसंग में भाव कर्तृक क्रियापद (जैसे–गुज. माराथी फवायुं) गुजराती व्याकरण की निजी विशेषता मानी जा सकती है।

हिन्दी तथा गुजराती भाषा में प्रयुक्त 'वाच्य' नामक व्याकरणिक कोटि को निम्नलिखित आलेख के माध्यम से सरलता से समज सकते हैं–

**संदर्भ सूचीः-**



१. भाषाविज्ञत्रान कोश, भोलानाथ तिवारी, पृ. ६०२, ताशकंद विश्वविद्यालय, सोवियत संघ, जनवरी–१९६४

२. गुजराती वाग्विकास, के.का. शास्त्री, पृ. १२४

३. भाषाविज्ञान कोश, भोलानाथ तिवारी, पृ. ६०३, ताशकंद विश्वविद्यालय, सोवियत संघ, जनवरी–१९६४



(अनुस्नातक हिन्दी विभाग, एन.एस. पटेल आर्ट्स कॉलेज, आणंद, दूरभाषः ९५८६१२०७६२)

## ગ્લોબલ વોર્મિંગઃ ચિંતાથી ચિંતન સુધી

દર્શન મરજાદી

અફાટ અનંત બ્રહ્માંડમાં ફક્ત અને ફક્ત વસુંધરા ઉપર જ જીવન શક્ય છે. બ્રહ્માંડમાં વસુંધરા સિવાય બીજે ક્યાંય પણ જીવન શક્ય નથી. છેલ્લા કેટલાક વર્ષોથી આપણે 'ગ્લોબલ વોર્મિંગ' શબ્દ સાંભળતા આવ્યા છીએ. આ બલાને આપણે એક શબ્દથી વિશેષ સમજ્યા નથી. ગ્લોબલ વોર્મિંગ એ ૨૧મી સદીના મધ્યમાં અને તેના અંદાજિત સાતત્યથી પૃથ્વીની નજીકની સપાટીની હવા અને સમુદ્રના સરેરાશ તાપમાનમાં થયેલ વધારો છે, એટલે પૃથ્વીના તાપમાનમાં થઇ રહેલ વધારાને ગ્લોબલ વોર્મિંગ કહેવામાં આવે છે. બીજી બાજુમાં કહું તો અથવા બીજા અર્થમાં કહીએ તો સૂર્યની ગરમીને ઓછા કરતા ઓઝોન વાયુમાં પડતાં ગાબડા પડવાની શરૂઆત થઇ છે. પરિણામે સૂર્યના કિરણો સીધા જમીન પર પડવા લાગ્યા જેને કારણે દુનિયાના તાપમાનમાં સતત વધારો થતો આવ્યો જેને કારણે ગ્લોબલ વોર્મિંગ થઇ રહ્યું છે. અને ગ્લોબલ વોર્મિંગના કારણે હવામાન અને તાપમાનમાં ધરખમ ફેરફાર થવા લાગ્યા છે. મનુષ્યએ કુદરતી સંપત્તિનું દોહન કરવાને બદલે દમન કર્યું હોવાથી ગ્લબોલ વોર્મિંગ નામની રાક્ષસી સમસ્યા થઇ છે. વધુ ગરમી- વધુ ઠંડી તથા ડીઝાસ્ટર જેવા કે દુષ્કાળ- વંટોળ-અતિવૃષ્ટિ આજની સૌથી મોટી ચિંતાજનક સમસ્યા છે અને તેમાં સતત વધારો જોવા મળે છે. જો શરૂઆતમાં જ આ સમસ્યાને આપણે જાણીને ચેતી ગયા હોત તો કદાચ આજે જે વિપરીત પરિણામો આપણે ભોગવી રહ્યા છીએ તે ખતરનાક ન હોત.. પણ આપણે એ સાપને સિંદરી સમજી બેઠા હતા, હવે આ સાપ ફેણ ચડાવીને ફૂંફાડા મારતો થયો છે. વસુંધરા સૂર્યની આસપાસ પરિભ્રમણ તો કરે છે સાથે-સાથે પોતાની ધરી ઉપર ૨૩.૪૫ અંશનો ખૂણો બનાવીને ધરિભ્રમણ પણ કરે છે. વસુંધરાની આ 'ટિલ્ટીંગ' ધરિભ્રમણને કારણે માનવને ઋતુઓ 'બોનસ'રૂપે મળે છે. હવે એક નજર ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસર ઉપર નાખીએ તો, વસુંધરાના ઉત્તર ધ્રુવમાં હિમાલય સ્વરૂપે વિશાળ માત્રામાં બરફનો સ્ટોક છે (હતો) જ્યારે દક્ષિણ ધ્રુવ તરફ પાણીના સમુંદરો છે. બ્રહ્માંડમાં અધ્ધરતાલ રહેલી વસુંધરામાં આ કુદરતી સંતુલન હતું જેને કારણે વસુંધરા ૨૩.૪૫ અંશના ખૂણે પણ સ્થિર હતી. ગ્લોબલ વોર્મિંગના તાપને કારણે હિમાલયનો બરફ પીગળીને પાણી સ્વરૂપે દક્ષિણ ધ્રુવ તરફ જમા થઇ રહ્યો છે. આ પ્રક્રિયાને કારણે વસુંધરાના 'ટિલ્ટીંગ'માં દર વર્ષે ૨.૬ સેન્ટિમીટરનો વધારો થઇ રહ્યો છે. ભલે થાય.. આપણે શું? એવું વિચારતા નહી કારણ કે, જો આ પ્રમાણે વધારો થતો રહ્યો તો આવનાર ૨૦ વર્ષોમાં ઋતુઓમાં મોટાપાયે ફેરફારો જોવા મળશે. શક્ય છે જ્યાં સખત ગરમી પડતી હોય ત્યાં હૂંફાળું વાતાવરણ થાય અથવા હાડ ગાળી નાખતી ઠંડી પડે. વરસાદનું સમગ્ર ચક્ર જ ખોરવાઇ જાય. આજે વાહિયાત લાગતા આવા ઘણા અગત્યના ફેરફારો થવાની શક્યતા ગ્લોબલ વોર્મિંગને કારણે થઇ શકે જેની શક્યતા નકારી શકાય તેમ નથી.

સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સંચાલિત 'ઇન્ટર ગર્વન્મેન્ટલ પેનલ ફોર ક્લાઇમેટ ચેન્જ' ના ગ્લોબલ વોર્મિંગ વિષયક ચોથા અહેવાલમાં પ્રસિદ્ધ થયેલી માહિતીની વાત કરીએ તો નજીકના ભવિષ્યમાં ભારતના ઉત્તરભાગમાં ગરમીનો પારો ક્યારેય ૩૫ ડિગ્રી સેલ્શિયસથી નીચે નહી આવે. સીધું તારણ એવું કાઢી શકાય કે ઉત્તર ભારત વસતા લોકો શિયાળાની મોસમ માણી નહી શકે. ભારતની રાષ્ટ્રીય અને પવિત્ર નદી ગંગામાં અખૂટ જળરાશિનો ઉમેરો થાય જેથી તેના અત્યંત ફલદ્રુપ મુખત્રિકોણપ્રદેશ ઉપર પાણી ફરી વળે. આમ થવાથી ખેતપેદાશોની અછત આવી શકે. ભારતના પશ્ચિમ કિનારા ઉપર અરબ સાગરનાં પાણી ફરી વળે જેથી માયાવી નગરી મુંબઇનો અમુક ભાગ ખરેખર 'ગાયબ' થઇ જાય. ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરના આ તો અતિ સૂક્ષ્મ ઉદાહરણો છે. પર્યાવરણને અનુલક્ષીને કાર્યરત 'ગ્રીનપીસ' નામની સંસ્થાએ 'બ્લ્યૂ એલર્ટ' નામે એક અહેવાલ તૈયાર કરેલો છે. આ અહેવાલની આધારભૂત માહિતી પ્રમાણે ઇ.સ. ૨૧૦૦ પહેલાં ભારત અને પાકિસ્તાન સહિત બાંગ્લાદેશના કાંઠાળ વિસ્તારમાં વસતા ૧૨.૫ કરોડ લોકોને ફરજિયાત સ્થળાંતર કરવું પડશે. (જશે ક્યાં?) ૧૬૬૩ કિલોમીટરના લાંબા દરિયાકિનારાનું ગૌરવ લેતા ગુજરાતના દરિયાકિનારાના બધા જ શહેરો પાણીમાં ગરકાવ થઇ જશે. જો આવું થશે તો વિચારો કે, આપણી સંસ્કૃતિ, અર્થતંત્ર અને સમાજજીવન ઉપર કેટલી ગંભીર અસરો પડશે. ઋતુઓમાં થતા ધરખમ ફેરફારને કારણે જ્યાં જીવન અનુકૂળ થઇ શકતું નથી. એવી જગ્યાએથી લોકોએ સ્થળાંતરની પ્રક્રિયા અત્યારથી જ શરૂ કરી દીધી છે અને આવા વિસ્થાપિત થયેલા લોકો માટે ગ્લોબલી 'ક્લાઇમેટ રેફ્યુજી' શબ્દ પ્રચલિત થયો છે.

'ઇન્ટર ગવર્નમેન્ટલ પેનલ ફોર ક્લાઇમેટ ચેન્જ'નો અહેવાલ વધુમાં જણાવે છે કે, છેલ્લા ૧૦૦ વર્ષોમાં વસુંધરાની સપાટીના સરેરાશ તાપમાનમાં ૦.૭૪ ડિગ્રી સેલ્શિયસનો વધારો નોંધાયો છે. યાદ રાખો, જો વસુંધરાના સરેરાશ તાપમાનમાં બે ડિગ્રી સેલ્શિયસનો ઘટાડો હિમયુગને લાવી શકે તો એટલો જ વધારો વસુંધરાના બર્ફિલા પ્રદેશોનો ઓગાળી નાખવા માટે પૂરતો છે. ઇ.સ. ૧૯૯૫ થી આ જ દિવસ સુધી વસુંધરાએ છેલ્લા ૧૫૦ વર્ષોમાં ક્યારેય ન જોયા હોય તેવા કુલ ૧૧ રિપીટ કુલ ૧૧ સૌથી વધારે ગરમ વર્ષો જોયાં છે. વસુંધરાની કમનસીબી (હા... આપણી નહીં) એ છે કે, આર્કિટેક વિસ્તાર બીજા

વિસ્તારોની સરખામણીએ વધારે ઝડપથી પીગળી રહ્યો છે. દુ:ખદાયક હકીકત એ છે કે, આપણે હજુ ભરનિદ્રામાં છીએ, આપણે હજુ પણ જાગૃત થયા નથી. જો કે એક વાત નોંધવી રહી કે, ગ્લોબલ વોર્મિંગનો આંતરરાષ્ટ્રીય સ્તરે સૌથી મોટો અને બહુચર્ચિત નિષ્ફળ પ્રયત્ન એટલે ઈ.સ. ૧૯૯૭માં જાપાનના ક્યોટો શહેરમાં કરવામાં આવેલો 'ક્યોટો પ્રોટોકોલ'. આ પ્રોટોકોલમાં ગ્લોબલ વોર્મિંગને વૈશ્વિક સમસ્યા ગણીને વિશ્વના ૧૭૫ દેશોની કોન્ફરન્સ થઈ હતી. આ કોન્ફરન્સમાં એવો ઠરાવ પસાર કરવામાં આવેલો હતો કે, ઈ.સ. ૨૦૧૨ સુધીના સમય સુધીમાં દરેક દેશ પોતાના દેશના ગ્રીન હાઉસ વાયુઓના ઈ.સ. ૧૯૯૦ના પ્રમાણ કરતાં ૫.૨ ટકાનો ઘટાડો કરશે, પણ આ કોન્ફરન્સમાં સમગ્ર વિશ્વમાંથી ચોથા ભાગનો ગ્રીન હાઉસ વાયુઓ ઓકતું અમેરિકાએ સહી કરવાની ના પાડી દીધી હતી. 'લાંબા પાછળ ટૂંકો જાય અને મરે નહીં તો માંદો થાય' કહેવત પ્રમાણે ભારત, ચીન અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોએ પણ અમુક વાંધા-વચકા કાઢીને સહીઓ કરવાની ના પાડી દીધી હતી. અહીં ફ્રાન્સના વિખ્યાત લેખક આલ્બેરમૂના શબ્દો આપણે યાદ કરવા રહ્યા 'ભવિષ્યની ખરેખરી ચિંતા તો એજ વ્યક્તિ કરી શકે છે કે જે વર્તમાનમાં પોતાની જવાબદારીઓનું પાલન કરે છે.'

આપણી મનોવેદના પેલા કસ્તૂરી મૃગ જેવી છે. સુગંધ ક્યાંથી આવે છે તે જાણવા મૃગ ચોતરફ આંટા મારે છે જ્યારે હકીકતમાં સુગંધનું મૂળ તો તેની દૂંટીમાં જ છે. આવી જ રીતે આપણે બધી જ સમસ્યાઓનું કેન્દ્રસ્થાન આપણે પોતે જ છીએ પણ તેનો ઉકેલ શોધવા આપણે આપણી આસપાસ ફાંફા મારીએ છીએ. ભવિષ્યના જીવન સંબંધિત સંકટોનો ધરમૂળમાંથી નાશ કરવા માટે આપણે કેટલાક નીતિવિષયક મૂલ્યો સ્થાપિત કરવા પડશે.

**વાતાવરણમાં થઈ રહેલ પરિવર્તનનો અંદાજ:**

- રોજના એક બેરલ નવા ખનીજ ઓઈલના બોજની સામે દરરોજ બે બેરલનો વપરાશ વિશ્વમાં થાય છે.
- વર્ષ ૨૦૩૦માં ઓટોમોબાઈલ્સની સંખ્યામાં વિશ્વ સ્તરે ૫૦ ટકા વૃદ્ધિ થવાના એંધાણ છે.
- વિશ્વમાં પ્રથમ ટ્રિલિયન બેરલ ઓઈલ વીતેલા ૧૨૫ વર્ષમાં વપરાતું હતું. આટલું જ ઓઈલ આગામી માત્ર ૩૦ વર્ષમાં વપરાય તેવી ગણતરી છે.
- વિશ્વમાં આજે વપરાતા ઓઈલના જથ્થા કરતાં ૪૦ ટકા વધુ જથ્થો આગામી ૨૦ વર્ષમાં વપરાઈ જશે તેવો અંદાજ છે.
- વૈજ્ઞાનિકોના મત પ્રમાણે દરિયાઈ સપાટી વધવાન વર્તમાન દર અગાઉ કરતા ત્રણ ગણો વધુ જણાય છે. જેમાં ભવિષ્યમાં વધારો થવાની સંભાવના છે.
- ગરમ તાપમાની મેલેરિયા અને વેસ્ટ નાઈલ નામના વાયરસના રોગોથી બહોળી સંખ્યામાં લોકો ભોગ બનવાની સંભાવના છે.
- ઔદ્યોગિક ક્રાંતિથી અત્યાર સુધીમાં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડના પ્રમાણમાં ૩૧ ટકા વધારો થયો છે.
- દરિયાઈ સપાટીમાં થતા વધારાથી દરિયાઈ સપાટીની નજીક આવેલ શહેરો, નગરો કે દેશોના અસ્તિત્વ પર ખતરાની શક્યતા છે.
- વનસ્પતિ અને પશુઓની હજારો જાતિઓના અસ્તિત્વ પર ખતરાની સંભાવના છે.

**'ગ્લોબલ વોર્મિંગ'ને રોકવું છે?**

પૃથ્વીના પ્રલયની આ સત્યકથા સામે શું માનવી લાચાર છે? જી ના કાળા માથાનો માનવી ધારે તો શું ના કરી શકે? આશાવાદી વિજ્ઞાનીઓ, બુદ્ધિજીવીઓ, વહીવટકર્તાઓ કહે છે કે, હજી પણ કાંઈ મોડું થયું નથી, માનવી ધારે તો કાર્બનડાયોક્સાઈડની રાસાયણિક પ્રક્રિયાને અટકાવી શકે છે. આ દિશામાં દુનિયાભરના વિજ્ઞાનીઓ સેંકડો પ્રયોગો કરી રહ્યા છે, પરંતુ શું આપ વ્યક્તિગત રીતે ગ્લોબલ વોર્મિંગની બાદબાકીમાં ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેટલું યોગદાન આપવા તૈયાર છો? કાર્બન એમિશન પર કાપ મૂકવાના વિકલ્પો યોગ્ય લાગે તો તાત્કાલિક અસરથી અમલમાં મૂકવા જેવા છે.

- સૌ પ્રથમ ઘરના ઈલેક્ટ્રિક બલ્બથી શરૂઆત કરો. કોમ્પેક્ટ ફલોરોસન્ટ લાઈટબલ્બ સામાન્ય બલ્બ કરતાં ૩ થી ૪ ગણો મોંઘો હોય છે, પરંતુ વીજળીની ખપત ઓછી કરે છે અને વધુ ચાલે છે. પરિણામે એકંદરે તે સસ્તો છે.
- એક આર્કિટેક્ટ ઘરની ડિઝાઈન કરે ત્યારે ફી થોડી મોંઘી લાગે પરંતુ એ તજજ્ઞ યોગ્ય રીતે ઘરમાં લાઈટિંગ એડજસ્ટ કરે તો વીજળીનું બિલ ૪૦ ટકા ઘટી જાય છે. કુદરતી પ્રકાશ અને હવાની અવર-જવર એ શ્રેષ્ઠ વિકલ્પ છે.
- અમેરિકા અને યુરોપના કેટલાક દેશો હવે વ્યક્તિની માથાદીઠ આવક સામે કાર્બન ફૂટપ્રિન્ટનો હિસાબમાંડે છે. આવનારા દિવસોમાં કાર્બન ક્રેડિટનો ધંધો સૌથી મલાઈદાર પુરવાર થવાનો છે. કાર્બન ફ્રી પ્લેનેટના વૈશ્વિક મિશનને અનુસરવા માટે હવે દુનિયાભરમાં જનજાગૃતિ આવી રહી છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીનો સરવે કહે છે કે, ફેશનેબલ યુવાન ખાવા કરતાં કપડાં પાછળ વધુ પ્રદૂષણ ફેલાવે છે. એક ટી-શર્ટ એક વર્ષમાં ૪૦ વખત ધોવાય તો વાતાવરણમાં ૪ કિલો કાર્બન વધે છે, આ જ ટી-શર્ટ લોન્ડ્રીના બદલે ઈકોફ્રેન્ડલી મશીનમાં ધાવોય

તો ૯૦ ટકા કાર્બનડાયોકસાઇડ બચી શકે.

- ન્યૂયોર્ક સિટીમાં બેન્ક ઓફ અમેરિકાનું સ્કાયસ્ક્રેપર બનાવવામાં એનર્જી સેવિંગ અભિગમ અપનાવાયો છે. આ પ્રોજેક્ટની ખૂબી એ છે કે ગટરમાં જતાં તમામ પ્રકારના જળનું રિસાઇકલિંગ કરીને બિલ્ડિંગની સફાઇમાં વપરાશે. આ પ્રોજેક્ટ ન્યૂયોર્કના ગ્રીનેસ્ટ બિલ્ડિંગ તરીકે ઓળખાશે. જેમાં કુદરતી સંસાધનોનો ઈમારતને ભરપૂર લાભ મળે. એસી, હીટર તથા લાઇટનો વપરાશ ન્યૂનતમ રહે એવું આયોજન હાથ ધરાયું છે.
- વિકસતા દેશોમાં કર્મચારીઓ ઘેર બેઠા કામકરે અથવા નજીકની ઓફિસમાં જાય એવી ગોઠવણ કરાય છે. કેટલાક પર્યાવરણપ્રેમીઓ અઠવાડિયામાં એક દિવસ પોતાની કાર વાપરવાને બદલે બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરે છે.
- ગાડી ખરીદતી વખતે આપણે એવરેજ પૂછીએ છીએ પરંતુ ઘરવપરાશમાં કેટલી એનર્જીનો દુરૂઉપયોગ થાય છે એની કદી કલ્પના કરી છે? ઇલેક્ટ્રિક ઉપકરણની ખરીદીમાં માત્ર કિંમત મહત્ત્વની નથી. વીજળીનો વપરાશ ચેક કરવો જોઇએ. વોટર હીટરમાં થર્મોસ્ટેટનું લેવલ સરખું જળવાય તો એક મોસમમાં તમે ૨૦૦ કિલો કાર્બનડાયોક્સાઇડનું પ્રદૂષણ નિવારી શકો. પાંચ વર્ષ વપરાયેલા હીટરમાં ઇન્ટરનલ ઇન્સ્યુલેશન ન બદલાય તો વધુ વીજ વપરાશ થાય છે.
- વિદેશોમાં હવે પર્યાવરણપ્રેમીઓ સાંજ પછી સમગ્ર ઇમારતની લાઇટ્સ સ્વિચ ઓફ કરવાની ફેશન આવી રહી છે કારણ કે ભૂલકણા કર્મચારીઓ ૪ કલાક કોમ્પ્યુટર પર કામ કરે છે અને ૨૪ કલાક કોમ્પ્યૂટર ચાલુ રાખે છે. સ્ક્રીનસેવર પર કોમ્પ્યૂટરને રાખે તો એનર્જી સેવ થતી નથી, ટીવી, વીસીઆર, કોમ્પ્યૂટર સ્ક્રીનમાં વર્ષે ૮૩ ટકા કાર્બનડાયોકસાઇડ એમિશન અને ૬૫૦૦ રૂપિયાની વીજળી બચી શકે છે.
- એક ટન કાગળના વપરાશથી ૪૪૦૦ કિલો વોટ વીજળી, ૩૦,૦૦૦ લિટર પાણી અને ૧૯ વૃક્ષોનો ખાતમો બોલાય છે. અમેરિકામાં ૩૮ મિલિયન ટન પેપર રિસાઇકલ થાય છે અર્થાત અમેરિકાનો ૫૦ ટકા પેપર વપરાશ. વોલમાર્ટ કંપનીએ પોતાના પેકેજિંગમાં પાંચ ગ્રામ પ્લાસ્ટિક ઓછું વાપરવાનો નિર્ણય લઇ ૬ લાખ ટન કાર્બનડાયોકસાઇડની બચત કરી છે.
- સુપરમાર્કેટમાં અપાતી પ્લાસ્ટિકની કોથળીઓ એક હજાર વર્ષ સુધી માટીના રજકણમાં ભળતી નથી અને પર્યાવરણને ભારે નુકશાન પહોંચાડે છે. દર વર્ષે પાંચ હજાર અબજ પ્લાસ્ટિક બેગ્સ વપરાય છે. આ આંકડાની ત્રિરાશિ કાળજું કંપાવી દે છે કારણ કે સમગ્ર પૃથ્વીને છ વખત આવરી લેવાય એટલો પ્લાસ્ટિક વેસ્ટ આજે ઠેરઠેર પથરાયેલો છે અને તે બાયોડિગ્રેડેબલ નથી. હિન્દુસ્તાનમાં આપણા વડવાઓ અને પૂર્વજો કેટલા દૂરંદેશી હતા. કપડાંની થેલી હવે દુનિયાભરમાં શ્રેષ્ઠ પેકેજિંગ વિકલ્પ મનાય છે.
- આપણા વડીલો વાંસની વંડીઓ બનાવતા હતા. આધુનિક આર્કિટેક્ટ થોડું ડિઝાઇનનું તત્ત્વ ઉમેરીને બામ્બુ ફેન્સ બનાવે છે. વડીલોના જમાનામાં ઘરની વાડીઓ અને વાડાઓમાં શાકભાજી અને લીલોતરી વાવવામાં આવતી હતી. હવે દુનિયાભરના પર્યાવરણશાસ્ત્રીઓ ઘરની આસપાસ ઝાડપાન, વેલા, છોડવા વગેરે ઉછેરવા સલાહ આપે છે.
- જાપાન જેવા દેશે પર્યાવરણને બચાવવા પોતાના વર્કકલ્ચરમાં આમૂલ પરિવર્તન કર્યું છે. જાપાનમાં ગત ઉનાળામાં દરેક ઓફિસમાં ૨૮ ડિગ્રી તાપમાન જાળવી કર્મચારીઓને સૂટ-બૂટ અને ટાઇને બદલે સાદાં કપડાં પહેરવાની છૂટ આપીને સાત લાખ ટન કાર્બનડાયોક્સાઇડનું પ્રદૂષણ નિવાર્યું હતું.
- વાહનના ટાયરમાં પૂરતી હવા ભરાય અને એરફિલ્ટર નિયમિત ચેક થાય તો ગાડીની એવરેજ ૧૦ થી ૧૫ ટકા સુધરે અને કાર્બનડાયોકસાઇડ એમિશનમાં નોંધપાત્ર ઘટાડો થાય. પર્યાવરણના જતનની આપણે પ્રતિજ્ઞા લઇશું તો ધરતીમાતા કદાચ બચી જશે અન્યથા ગ્લોબલ વોર્મિંગ નામનો રાક્ષસ આખી પૃથ્વીને ઓહિયાં કરી જશે.

અહીં સવાલ છે એ સત્યને બહાર કાઢવાનો.. આપણે એકવાર આ પરમ સત્યને સમજી લઇશું તો જીવન સંબંધિત સંકટો દૂર કરવા માટે પ્રકૃતિ..... વસુંધરા પણ આપણને સાથ આપશે. સુધારાની ઝુંબેશ આપ પણ શરૂ કરી શકો. લાંબી મજલની શરૂઆત માત્ર એક નાના ડગલાથી થાય છે.

જસ્ટ ડુ ઇટ.

(શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમ્પ્યુટર ઓફ એજ્યુકેશન એન્ડ એપ્લાઇડ સાયન્સ, સુરત, ફોનઃ- ૯૯૭૮૮૫૫૪૯૯)

## ડાયોઝિનીઝ

મહાન તત્ત્વજ્ઞાની ડાયોઝિનીઝને એમના એક મિત્રે પૂછ્યું 'કોઇ એવો ઉપાય બતાવો કે જેથી હું મારા દુશ્મન પર પૂરતો બદલો લઇ શકું'

ડાયોઝિનીઝે જવાબ આપ્યોઃ 'દુશ્મન કરતાં વધારે સજ્જન બનવાનો પ્રયત્ન કરો.

॥ આરોગ્ય ॥

# વિટામીન-ડીની ઉણપથી બચવાના ઉપાયો

## સાગર એમ. ભીંડે

શરીર માટે ઉપયોગી એવા ઘણા બધા તત્ત્વોમાંથી વિટામીન ડી પણ એક ખૂબ જ ઉપયોગી તત્વ છે. જેનો સમાવેશ ફેટ સૌલ્યુબલ (ચરબી દ્રાવ્ય) વિટામીનોમાં થાય છે. શરીરમાં કેલ્શિયમનું ચયાપચય કરાવવામાં વિટામીન-ડી ખૂબ જ ઉપયોગી તત્ત્વ છે. ખાસ કરીને હાડકાની મજબૂતી માટે તે ખૂબ જ જરૂરી છે.

બધા વિટામીનોમાંથી આ વિટામીન એક દષ્ટિએ અલગ પડે છે, અને એ છે તેની ઉત્પાદન પ્રક્રિયા. કારણ કે, માનવ શરીરમાં આ વિટામીન એક માત્ર તત્ત્વ છે કે જેનું ઉત્પાદન સૂર્ય પ્રકાશની (ખાસ કરીને અલ્ટ્રાવાયોલેટ-બી કિરણો) હાજરીમાં ત્વચા દ્વારા થાય છે. આ પ્રક્રિયા માટે ત્વચામાં રહેલ વિશિષ્ટ પ્રકારના કોલેસ્ટેરોલનો ઉપયોગ થઇ, તેનું રુપાંતરણ મહદંશે વિટામીન ડી-૩માં થાય છે. જો કે આ સુષુપ્ત સ્વરૂપ હોવાથી તેને લીવર (યકૃત) અને કીડનીમાં જઇને ક્રિયાશીલ સ્વરૂપમાં પરિવર્તિત થવું પડે છે.

આ વિટામીન ડીની હાજરીમાં જ કેલ્શિયમનું શોષણ આંતરડામાંથી થાય છે અને પછી એ કેલ્શિયમ દ્વારા અસ્થિઓને વૃદ્ધિ, વિકાસ અને મજબૂતી પ્રાપ્ત થાય છે. ભોજન કે દવા દ્વારા આપણે ભલે ને ગમે તેટલું કેલ્શિયમ ગ્રહણ કરીએ. પરંતુ વિટામીનડીની ઉણપમાં તેનું શરીરમાં શોષણ થઇ શકતું જ નથી અને અંતે કેલ્શિયમની અછતની હાડકાઓની વૃદ્ધિ અને મજબૂતી નાશ પામે છે. અને તેને લગતા વિવિધ રોગો થાય છે. આથી જ કેલ્શિયમના શોષણ માટે વિટામીન ડી, અને વિટામીન ડીના નિર્માણ માટે સૂર્યપ્રકાશ ખૂબ જ જરૂરી છે. ભારત એ સૂર્યપ્રધાન દેશ હોવા છતાં પણ ભારતમાં વિટામીન ડીની ઉણપથી થતા રોગો ખૂબ જ પ્રમાણમાં જોવા મળે છે. જેમાં બાળકોને રીકેટસ, યુવાનોને ઓસ્ટિઓ મલેશિયા અને વૃદ્ધોને ઓસ્ટિયો પોરોસીસ જેવા રોગોનો સમાવેશ થાય છે. બાળકોમાં વિટામીન ડીની ઉણપના લીધે હાડકાઓમાં પૂરતુ કેલ્શિયમ ન મળવાથી, તેનો વૃદ્ધિ, વિકાસ રૂંધાઇ જાય છે, માનસિક શક્તિ નબળી પડે છે. શારીરિક દષ્ટિએ બાળક ક્રશ થતુ જાય છે. સામાન્ય ઇજાથી પણ હાડકા તૂટી જાય છે અને ક્યારેક કેલ્શિયમની વધુ પડતી ઉણપથી ટીટેનસ (ખેંચ) પણ આવે છે.

યુવાનોમાં હાડકાની મજબૂતી ન રહેવાથી સામાન્યઇજા થવાથી પણ ફ્રેકચર થતા જોવા મળે છે. આવી જ પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહે તો વૃદ્ધોમાં હાડકાની ડેન્સિટી (ઘનતા) બીલકુલ ઘટી જાય છે અને તેને જ ઓસ્ટીઓ પોરોસીસ કહેવાય છે. કેલ્શિયમના ચયાપચયન માટે ઉપયોગી એવા વિટામીનડી વિશે ઉપરોક્ત પ્રાથમિક બાબત મેળવ્યા પછી, તેની ઉણપથી બચવાના સામાન્ય ઉપાયો પણ આપણે જોઇ લઇએ.

૧. વિટામીન ડીના ઉત્પાદનમાં ઉપયોગી એવા આહાર દ્રવ્યોમાં દૂધ, ચીઝ, માખણ, માર્જેરીન, ફીશ લીવર ઓઇલ, કોડલીવર ઓઇલ વગેરેનો સમાવેશ થાય છે. જેથી દરેક વ્યક્તિએ ઉપરોક્ત આહાર દ્રવ્યોમાંથી અનુકૂળતા મુજબ વસ્તુઓનો ઉપયોગ રોજીંદા જીવનમાં કરતો રહેવો જોઇએ.

૨. દિવસમાં ઓછામાં ઓછું ૨૦ થી ૨૫ મિનિટ સૂર્યકિરણોનો સંપર્ક આપણા શરીરને થવો જોઇએ. આજના જમાનામાં નોકરિયાત લોકો, ઘણું કરીને સવારથી સાંજ સ્ઓફિસમાં રહે છે અને આવવા જવા માટે ગાડીનો ઉપયોગ કરે છે, જેથી સામાન્ય રીતે ઉચિત પ્રમાણમાં સૂર્યપ્રકાશ મળતો નથી. આવા લોકો એ સ્વાસ્થ્ય જાળવવા માટે વિશેષ કરીને સૂર્યપ્રકાશનું સેવન કરવું રહ્યું.

૩. ઓછામાં ઓછી ૨ પટકા ત્વચા, સૂર્યપ્રકાશ ગ્રહણ કરવા માટે ખુલ્લી હોવી જોઇએ. આજ કાલ, તડકામાં કાળા ન પડી જાવાય એવા કારણોથી, ખાસ કરીને સ્ત્રીઓ પોતાના સંપૂર્ણ મોઢા પર દુપટ્ટો બાંધે છે, હાથમાં પણ કોણી સુધીના મોજા પહેરે છે. આમ કરવાથી જે સૂર્યપ્રકાશ મળવો જોઇએ તે પણ નથી મળતો. વળી, સ્ત્રીઓમાં તો સર્વે દ્વારા પણ એ જ જોવા મળ્યું છે કે તેમને હાડકાની તકલીફ પુરૂષો કરતા વધુ હોય છે. તેથી સ્ત્રીઓએ તો ખાસ સજાગ રહી પૂરતા પ્રમાણમાં સૂર્યપ્રકાશનું સેવન કરવું જોઇએ.

૪. 'સવારનો તડકો ખૂબ જ સારો' એવી માન્યતા, વિટામીન-ડીના સંદર્ભમાં તદ્દન ખોટી છે. વિટામીન ડી બનાવવા માટે જરૂરી UV-B પ્રકારના સૂર્યકિરણો સૌથી વધુ પ્રમાણમાં સવારના દસથી બપોરના ૨ વાગ્યા સુધી આપણે મેળવી શકીએ છીએ. એટલે જ બપોરના તડકાનું સેવન નિયમિત અને પ્રમાણસર કરવું જોઇએ.

૫. પારદર્શક કાચની બારીમાંથી પસાર થઇને આવતા સૂર્યપ્રકાશમાંથી ૯૦ટકા યુવી લાઇટ ફીલ્ટર થઇ જાય છે જેથી એવો તડકો વિટામીનડીનું નિર્માણ કરવામાં અસમર્થ છે.

૬. ડાર્ક સ્કીનના લોકોને વિટામીનડી બનાવવા માટે પ્રમાણમાં વધુ પડતા સૂર્યપ્રકાશની જરૂર પડે છે. તેથી તેઓએ ખાસ કાળજી રાખી થોડો વધુ પ્રમાણમાં સૂર્યપ્રકાશ મેળવવો જોઇએ.

આમ, ઉપર મુજબની કાળજી રાખી યોગ્ય પોષણ અને પૂરતો સૂર્ય પ્રકાશ મેળવવાથી, વિટામીન ડી પૂરતા પ્રમાણમાં બની શકે છે અને કેલ્શિયમ વ્યવસ્થિત રીતે પોતાનુંકામ કરી શકે છે અને વ્યક્તિ સ્વસ્થ રહે છે.

(આસિસ્ટન્ટ પ્રોફેસર અને બાલરોગ વિભાગના કા.વડા, જી.જે. પટેલ
ઇન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ,
ન્યુ વલ્લભ વિદ્યાનગર મો:-૯૬૬૨૫૧૨૧૫૮)

## એપીએલઃ ચરોતરના ક્રિકેટરોનું આદર્શ પ્લેટફૉર્મ

**વિપુલ ભટ્ટ**

ચરોતરના ઉભરતા ક્રિકેટરોને યોગ્ય પ્લેટફોર્મ મળે તે હેતુસર આણંદમાં લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ પર આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન (એડીસીએ) દ્વારા સતત ચાર વર્ષ સુધી આયોજિત આણંદ પ્રીમિયર લીગ (એપીએલ)ની ભવ્ય સફળતા પછી એપીએલ-ફાઇવ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનું પહેલીથી પંદરમી મે સુધી આયોજન કરાયું હતું.

આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના વાઇસ પ્રેસિડન્ટ કિરણભાઈ પટેલે (કમ્ફી ફર્નિચર) એપીએલ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે આણંદ જિલ્લાના ઉભરતા ક્રિકેટરોને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે, તેઓ ભવિષ્યમાં રણજી ટ્રોફી, આઈપીએલ સહિતની ટુર્નામેન્ટમાં સ્થાન મેળવે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તે હેતુથી એપીએલની શરૂઆત કરવામાં આવી છે. સતત પાંચમા વર્ષે આ ટ્વેન્ટી-૨૦ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે તે જ આ ટુર્નામેન્ટની ઝળહળતી સફળતા દર્શાવે છે. એપીએલના ઘણા ક્રિકેટરો ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં સ્થાન પામ્યા છે. ભવિષ્યમાં એપીએલને વધુ ને વધુ હાઇટેક અને અત્યાધુનિક બનાવવાની અમારી નેમ છે.




એપીએલ માટે ગૌરવસમાન બાબત એ છે કે એપીએલના દસ ક્રિકેટરો અત્યારે આઈપીએલમાં રમે છે, જેમાં વિશ્વજિત સોલંકી (કોલકાતા નાઈટ રાઈડર્સ), કેદાર દેવધર (ડેક્કન ચાર્જર્સ), કામરાન ખાન (રાજસ્થાન રોયલ્સ), અક્ષર પટેલ (કિંગ્સ ઇલેવન પંજાબ), અહદ મલિક (રાજસ્થાન રોયલ્સ), ભાર્ગવ ભટ્ટ (કિંગ્સ ઇલેવન પંજાબ), કુલદીપ રાવલ (દિલ્હી ડેરડેવિલ્સ), ચિરાગ જાની (કોલકાતા નાઈટ રાઈડર્સ), શેલ્ડન જેક્સન (રોયલ ચેલેન્જર બેંગલોર), મનપ્રીત જુનેજા (સનરાઇઝર્સ હૈદરાબાદ)નો સમાવેશ થાય છે. અક્ષર પટેલ મૂળ નડિયાદનો વતની છે. આ અગાઉ છેલ્લી ત્રણ આઈપીએલમાં આણંદનો અર્શદ પઠાણ રોયલ ચેલેન્જર્સ બેંગલોર વતી રમતો હતો. અર્શદ પઠાણ એપીએલ-વનનો મેન ઓફ ધ સિરીઝ હતો.

વર્ષો અગાઉ ખેડા ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન હતું. આથી નડિયાદના ખેલાડીઓ રણજી ટ્રોફીમાં ગુજરાતની ટીમ તરફથી રમતા હતા. જોકે આણંદના ખેલાડીઓને તક મળતી નહોતી. ખેડા જિલ્લાનું વિભાજન થતાં આણંદ અલગ જિલ્લો થયો. આણંદ નગરપાલિકાના તત્કાલીન પ્રમુખ બા. ગી. પટેલે આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશન (એડીસીએ)ની સ્થાપના કરી. એડીસીએનું રજિસ્ટ્રેશન ૩૧મી જુલાઈ, ૧૯૯૯ના રોજ થયું. આણંદમાં વર્ષોથી લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડિયમ છે ત્યાં મેચો રમાતી હતી, પરંતુ એડીસીએને ગુજરાત ક્રિકેટ એસોસિયેશન (જીસીએ)ની માન્યતા મળતી નહોતી. બા. ગી. પટેલના અવસાન પછી ૨૦૦૩માં જીસીએની માન્યતા મળી. નગરપાલિકાએ આ સ્ટેડિયમ એડીસીએને લીઝ પર આપ્યું છે.

અત્યારે અન્ડર-૧૫, અન્ડર-૧૯, ઇન્ટરસ્કૂલ, ડિસ્ટ્રિક્ટ લેવલની મેચો રમાય છે. એડીસીએની સ્થાપનાથી જ તેના પ્રેસિડન્ટ વિજયભાઈ પટેલ (માસ્તર), બે વાઇસ પ્રેસિડન્ટ કિરણભાઈ પટેલ (કમ્ફી ફર્નિચર) અને હેમંતભાઈ પટેલ (વકીલ), માનદ મંત્રી દેવાંગ દેસાઇ, ખજાનચી કૌશિક શાહ છે. એડીસીએને કિરણ પટેલ અને દેવાંગ દેસાઇના અથાગ પ્રયાસોથી જીસીએની માન્યતા મળી છે.

એડીસીએને એલિકોન એન્જિનિયરિંગ કંપનીના ચેરમેન-મેનેજિંગ ડિરેક્ટર પ્રયાસ્વિનભાઈ પટેલનો હંમેશાં આર્થિક સહયોગ રહ્યો છે. એલિકોન કંપનીના સહયોગથી એડીસીએ દ્વારા વિવિધ સાધનો વસાવવામાં આવ્યાં છે.

આણંદ જિલ્લાના ઉગતા ક્રિકેટરોને તક આપવા ૨૦૧૧માં સૌપ્રથમ એપીએલ શરૂ થઈ. આઈપીએલની ફોર્મ્યુલા મુજબ આ ટુર્નામેન્ટ યોજાઈ, જેમાં જીસીએ-બીસીસીઆઈમાન્ય અમ્પાયરો, સ્કોરર હતા. આઈપીએલ-૧ને ભવ્ય સફળતા મળી અને તેનું એકઠું થયેલું ભંડોળ સ્ટેડિયમના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વાપરવામાં આવ્યું. એપીએલ-૧ના ચેરમેન અનંત પટેલ હતા. આ પછી એપીએલ-૨, ૩, ૪ અને હાલમાં એપીએલ-૫ના ચેરમેન શૈલુભાઈ પટેલ છે. સારી ટીમો, અભૂતપૂર્વ આયોજન, વિવિધ સ્પોન્સરો એપીએલની સફળતાનું કારણ છે.

એપીએલ-૬ રમાશે ત્યારે ખેલાડીઓ માટે એરકન્ડિશન ડ્રેસિંગ રૂમ બનશે. આ માટે ફંડ આપવા નગરપાલિકા અને એલિકોને વચન આપ્યું છે. રણજી ટ્રોફી રમાડી શકાય તેવો વિશ્વાસ કિરણભાઈ પટેલે વ્યકત કર્યો છે. એપીએલ-એડીસીએની કારોબારીમાં ડોકટરો, ઉદ્યોગપતિઓ, વકીલો છે અને તેમની ગુડવિલના લીધે સ્પોન્સર્સ તૈયાર થાય છે. એપીએલ-૪માં તમામ ઈનામો મિલ્સેન્ટ ગ્રુપના રોહિતભાઈ પટેલે આપ્યાં હતાં, જ્યારે એપીએલ-૫માં લગભગ રૂ. સાડા છ લાખનાં તમામ ઈનામો સંકેત સેલ્સના મેહુલભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યાં હતાં.

કિરણભાઈ પટેલ કહે છે કે મેચ નિહાળવા માટે કોઈ એન્ટ્રી ફી નથી, બધાને મફતમાં મનોરંજન મળે છે.

**એપીએલનો રંગારંગ પ્રારંભ**

આણંદઃ આણંદમાં લાલબહાદુર સ્ટેડિયમ પર આણંદ જિલ્લા ક્રિકેટ એસોસિયેશન દ્વારા આણંદ પ્રીમિયર લીગ (એપીએલ)-ફોરની ભવ્ય સફળતા પછી એપીએલ-ફાઈવ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટનો પહેલી મે, ગુરુવારથી ધમાકેદાર અને રંગારંગ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

અમૂલ પ્રીમિયર લીગ-ફાઈવના ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત જીસીએમએમએફના મેનેજિંગ ડિરેક્ટર આર. એસ. સોઢી ટુર્નામેન્ટને ખુલ્લો મૂક્તાં જણાવ્યું હતું કે અમૂલ હંમેશાં લોકોની સાથે રહે છે. અને તેની સાથે અમૂલનો પણ વિકાસ થતો રહ્યો છે. ક્રિકેટ આજે સમગ્ર વિશ્વમાં છવાયેલી છે ત્યારે આણંદમાં પણ અદ્યતન સુવિધા સાથે ક્રિકેટ રમાય અને સારા ખેલાડીઓ તૈયાર થાય અને આણંદ સહિત સમગ્ર ચરોતરનું નામ રોશન કરે.

નડિયાદના ઉદ્યોગપતિ દેવાંગભાઈ પટેલે (ઇપ્કોવાળા) આણંદમાં રમાઈ રહેલી એપીએલ-ફાઈવમાં ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે હેતુસર વધુમાં વધુ અનુદાન આપવાની ખાતરી આપી હતી. જિલ્લા ભાજપ પ્રમુખ દીપકભાઈ પટેલે ભાગ લેનારા તમામ ટીમના ખેલાડીઓને અભિનંદન પાઠવી આગામી સમયમાં અહીં રમેલો ખેલાડી રણજી ટ્રોફી તથા આઈપીએલમાં પણ સ્થાન પામે તેવા શુભાશિષ પાઠવ્યા હતા.

ઉદ્‌ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેલા ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ. શનુભાઈ પટેલે ક્રિકેટની રમતને જીવન સાથે સરખાવતાં જણાવ્યું હતું કે હાર-જીત એ રમતનો એક ભાગ છે, તેવી રીતે જીવનમાં પણ ચડાઉ-ઉતાર આવતા હોય છે. જ્યારે કોઈ કાર્યમાં નિષ્ફળતા મળે ત્યારે નિરાશ ન થતાં સતત પ્રયત્ન કરી આગળ વધવું જોઈએ.

ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન ડો. હેમંત અંતાણીએ કર્યું હતું. આણંદ જિલ્લા ક્રિકેટ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ કિરણભાઈ પટેલે (કમ્ફી ફર્નિચર) એપીએલ-ફાઈવમાં સાથ આપનાર સૌ પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી.

આ પ્રસંગે એપીએલ-ફાઈવના ચેરમેન શૈલુભાઈ પટેલ (કમ્ફી ફર્નિચર), કો-ચેરમેન મેહુલ પટેલ, આણંદ નગરપાલિકાના પ્રમુખ પ્રજ્ઞેશભાઈ પટેલ, ભૂતપૂર્વ પ્રમુખ વિજયભાઈ પટેલ (માસ્તર), ક્રિકેટ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ હેમંત પટેલ, દેવાંગભાઈ દેસાઈ, દેવેન્દ્ર પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત સ્ટેડિયમમાં બનાવાયેલા અદ્યતન કોમેન્ટરી બોકસને પણ મહાનુભાવોએ રિબિન કાપીને ખુલ્લું મૂક્યું હતું.

કિરણભાઈ પટેલે એપીએલ વિશે માહિતી આપતાં જણાવ્યું હતું કે આણંદ જિલ્લાના ઊભરતા ક્રિકેટરોને યોગ્ય પ્લેટફોર્મ મળી રહે, તેઓ ભવિષ્યમાં રણજી ટ્રોફી, આઈપીએલ સહિતની ટુર્નામેન્ટમાં સ્થાન મેળવે અને ઉત્તરોત્તર પ્રગતિ કરે તે હેતુથી આણંદ પ્રીમિયર લીગની શરૂઆત કરવામાં આવી છે. સતત પાંચમા વર્ષે આ ટવેન્ટી-૨૦ ટુર્નામેન્ટ યોજાઈ રહી છે તે જ આ ટુર્નામેન્ટની ઝળહળતી સફળતા દર્શાવે છે. એપીએલની અગાઉની ચાર ટુર્નામેન્ટમાંથી ઘણા ક્રિકેટરો આઈપીએલમાં સ્થાન પામ્યા છે તે એપીએલ માટે ગૌરવસમાન બાબત છે. ભવિષ્યમાં પણ એપીએલને વધુને વધુ હાઈટેક અને અત્યાધુનિક બનાવવાની અમારી નેમ છે.'

ટુર્નામેન્ટના પ્રથમ દિવસે પંચમહાલ પાવર અને નડિયાદ સ્ટ્રાઈકર વચ્ચે મેચ યોજાઈ હતી. જેમાં નડિયાદ સ્ટ્રાઈકરનો ૪૦ રને વિજય થયો હતો.

બધાને બેસવાની વ્યવસ્થા છે, કોઈએ ઉભું ન રહેવું પડે. પ્રિવિલેજ પાસ, વીઆઈપી ગેસ્ટ, સ્પોન્સર-કોસ્પોન્સર માટે ટેન્ટ, કારોબારી સભ્યોનો ટેન્ટ, લાઇફ મેમ્બરો-ફેમિલી માટે ટેન્ટ, સ્ટેડિયમની બે બાજુ સ્ટેન્ડની સુવિધા છે. ૨૦ હજાર પ્રેક્ષકોની ક્ષમતા ધરાવતું સ્ટેડિયમ સેમીફાઈનલ અને ફાઈનલ હોય ત્યારે ભરચક થઈ જાય છે.

**આણંદમાં આયોજિત અમૂલ પ્રીમિયર લીગ (એપીએલ-ફાઈવ)માં રમતા ક્રિકેટરો**

આણંદમાં આયોજિત અમૂલ પ્રીમિયર લીગ (એપીએલ-ફાઈવ)માં વિજેતા ટીમ બ્રેવહાર્ટ કોપ્સ આણંદ ટીમના માલિક ડીએસપી રાજેન્દ્ર અસારીને એપ્રિસિયેશન એવોર્ડ એનાયત કરતા (જમણેથી) આણંદ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિયેશનના વાઈસ પ્રેસિડન્ટ કિરણભાઈ પટેલ (કમ્ફી ફર્નિચર), હેમંત પટેલ અને એપીએલ-ફાઈવના ચેરમેન શૈલુભાઈ પટેલ.

**ઇંગ્લેન્ડથી ભાગ લેવા આવેલી રોયલ વોરિયર્સની ટીમ**

સતત ચોથા વર્ષે શૈલુભાઈ પટેલ એપીએલના ચેરમેન છે. તેમના નેતૃત્વ હેઠળ એપીએલને ઝળહળતી સફળતા મળી રહી છે. એપીએલમાં દર વર્ષ કરતાં આ વર્ષે ચાર બાબત ધ્યાન ખેંચે તેવી છે.

એપીએલમાં આઠ ટીમો ભાગ લઈ રહી છે નડિયાદ સ્ટ્રાઈકર્સ (ગત વર્ષની ચેમ્પિયન), આણંદ સુપરકોપ્સ, સ્વરાજ ફાઈટર્સ, બ્રેવહાર્ટ કોપ્સ, યુગશકિત યોદ્ધાસ, રોયલ વોરિયર્સ, ડર્બી, પંચમહાલ પાવર્સ. ઉલ્લેખનીય બાબત એ છે કે રોયલ વોરિયર્સની ૧૨ ક્રિકેટરોની ટીમ ખાસ એપીએલ રમવા ઇંગ્લેન્ડથી આવી છે, જેમાં એનઆરઆઇ ઉપરાંત વિદેશી ક્રિકેટરો પણ છે.

સ્ટેડિયમમાં અજવાળું ફેલાવવા રૂ. ૩૦ લાખના ખર્ચે છ લાઈટિંગ ટાવર કાયમી ધોરણે ઊભા કરાયા છે. પબ્લિક ગ્રાઉન્ડમાં આવે નહિ તે માટે ગ્રાઉન્ડની ચારેબાજુ ફેન્સિંગ કરવામાં આવી છે. સ્ટેડિયમમાં અદ્યતન કોમેન્ટેટર બોકસનું નિર્માણ કરાયું છે. વિજેતા ટીમને રૂ. દોઢ લાખ અને રનર અપને રૂ. ૭૫ હજારનું રોકડ ઇનામ અને પ્લેયર ઓફ ધ સિરીઝને ડાઉનટાઉન મોટર્સ દ્વારા સુઝુકી બાઈક મળશે. રોજેરોજ વિજેતા ટીમ અને ક્રિકેટરોને ટ્રોફી, મોમેન્ટો સ્પોન્સર્સ તરફથી એનાયત થાય છે. આ ટુર્નામેન્ટનું લાઈવ વેબકાસ્ટિંગ પણ થાય છે.

(૫૫, કૃષ્ણા સોસાયટી, બાવીસગામ વિદ્યાલય પાછળ,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦ મોઃ-૯૭૨૬૭૭૩૮૧)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## કલાદૃષ્ટિ

### નંદલાલ બોઝ અનુ. કનુ પટેલ

જૂના જમાનામાં વિદ્યાર્થી પહેલાં કઠોર પરિશ્રમ કરીને વ્યાકરણ યાદ કરતો હતો, ત્યાર બાદ અલંકાર તથા કાવ્ય પર કુશળતા પ્રાપ્ત કરતો હતો, અર્થાત્ પહેલાં પરિશ્રમ પછી આનંદ. પરંતુ આપણે કાવ્ય અને વ્યાકરણની એક સાથે પઠન-પાઠનની વ્યવસ્થા કરી દીધી છે. ત્યાં સુધી કે આજકાલ તો આનંદ પહેલાં, પરિશ્રમ પછી. આનંદ જ પરિશ્રમ કરવા માટેની શક્તિ પેદા કરશે એવું માનવા લાગ્યા છીએ.

(દૃશ્ય)રૂપની સૃષ્ટિમાં આટલો પ્રયત્ન કેમ કરવો પડે છે ? સામાન્ય રીતે આપણા મન સામે એક પરદો લટકેલો હોય છે. તેને હટાવ્યા સિવાય વસ્તુને પૂરી રીતે જોઈ ન શકાય અને જોયા વગર ચિત્ર પણ ન બનાવી શકાય. લાંબા ગાળાની લગન અને અભ્યાસના ફળસ્વરૂપે જ થઈ શકશે. કોઈ-કોઈ પ્રતિભાશાળી કલાકાર એવી અવસ્થાએ પહોંચી ગયા હોય કે કોઈ વસ્તુ તરફ નજર કરે અને એ આવરણ દૂર થઈ જાય, વસ્તુનો એક ને એક પક્ષ તેના મનની આંખોની પકડમાં તત્કાળ આવી જાય. આવું થવાથી રૂપ-સૃષ્ટિનું કામ તેમના માટે ખૂબ સરળ થઈ જતું હોય છે. આપણા માટે પણ થઈ શકે છે. હા, લગન અને અભ્યાસ જોઈએ.

પોતાના વિષય સામે ધ્યાનરત વિદ્યાર્થી આખો દિવસ રસ્તાની ધારે ઊભો છે. પાંદડા વગરનું વિશાળ લીમડાનું વૃક્ષ તેની ઊંચી શાખા-પ્રશાખામાં સોનેરી ગોળીઓ જેવી ગુચ્છે-ગુચ્છ લીંબોળીઓ લાગેલી છે.

તું જે આજે આ વૃક્ષની આરાધના કરી રહ્યો છે, ચિત્ર બનાવી રહ્યો છે, એ જો તને ખરેખર સરસ લાગે તો તારા સમગ્ર જીવનનો સંચય થઈ જશે. જીવનમાં બની શકે કે કોઈ દિવસ તને ખૂબ દુઃખ લાગે. નજીકની કોઈ વ્યક્તિને ખોવી પડે, સંસાર અસાર દેખાય ત્યારે રસ્તાની ધારેથી એ વૃક્ષ કહેશે – હું તો છું. તને સાંત્વના મળશે. આ તારો અક્ષય સંચય હશે. કેવળ આ જન્મમાં નહીં, જન્મ-જન્માંતરમાં પણ.

કોઈ વિદ્યાર્થીને વનવગડાનું વૃક્ષ બનાવવાનું કહેવામાં આવે છે અને સાથે જ એને સમજાવવામાં આવે છે.

પહેલાં થોડીવાર સુધી વૃક્ષને જુઓ. વૃક્ષની પાસે જઈને બેસો – સવાર, બપોર, સાંજ તથા સૂમસામ રાતમાં. આવું કરવાનું સાવ સહેલું નહીં હોય, થોડીવાર બેઠા પછી કંટાળો આવશે. એવું લાગશે કે વૃક્ષ જાણે ખિજાઈને કઈ રહ્યું છે – ''તું અહીં કેમ ? જા ચાલ્યો જા અહીંથી કહું છું ને.'' ત્યારે વૃક્ષનાં તમારે વખાણ કરવાં પડશે. કહેવું પડશે – ''મારા ગુરુનો આદેશ છે, તેની અવગણના ન કરી શકાય તું ગુસ્સે ન થઈશ મારા પર રાજી રહે. મારી સમક્ષ તું તારું વાસ્તવિકરૂપ પ્રગટ કર.'' આ રીતે કેટલાય દિવસો સુધી ચૂપચાપ સાધના કર્યા પછી જ્યારે લાગે કે હાં, હવે વૃક્ષને જોઈ લીધું. ત્યારે રૂમમાં જઈ દરવાજો બંધ કરી વૃક્ષનું એક ચિત્ર તૈયાર કરો.

વૃક્ષની કોઈ એક વાત પહેલાં સારી લાગવી જોઈએ. ત્યારે વૃક્ષને જોઈ શકાશે ત્યારે તમારું જોવું ધીરે ધીરે સાર્થક થઈ ઉઠશે, સારું લાગવાની સાધના જ કલાની સાધના છે. પરંતુ પહેલીવાર સારું લાગવું દૈવી ઘટના હોય છે. જેમાં છે તે કલાકાર છે. કોઈ બીજું તમને કેવી રીતે આપી શકે ? અવની બાબુ કહેતા હતા ગુરુ કલાકાર તૈયાર નથી કરતાં. કલાકાર થઈને જ શિષ્ય આવે છે. જેમ પ્રકાશ, હવા, જળ, અગ્નિની અનુકૂળ વ્યવસ્થા કરીને સારસંભાળ રાખીને નાના છોડને મોટો કરવો. પરંતુ નાના છોડને જન્મ કોણ આપી શકે છે ? કોઈ એક જગ્યાએ રહેતાં-રહેતાં ધીરે ધીરે સારું લાગવા માંડે છે. સારું લાગે છે. અપરિચિત સંબંધ સૂત્રોના ફળસ્વરૂપે. જોયું કે વન વગડાનું વૃક્ષ આકાશ નીચે કેવુંક ઊભું તો છે. તુરંત સારું લાગ્યું, જોયું કે તેનાં ફૂલો ખીલ્યાં છે. એ સારું લાગ્યું. ફૂલ ખરે છે, બની શકે કે તે સારું લાગ્યું. મન પ્રસન્ન છે. એટલે બની શકે કે સારું લાગ્યું હોય કે પછી વૃક્ષની ભંગિમાં કે બંધારણ કે ડાળીઓ અને પાંદડાંનો લય અને રંગ સુંદર છે એટલે સારું લાગ્યું હોય.

કાગળનું ગુલાબનું ફૂલ હંમેશાં એક જેવું જ રહે છે. એ કેટલી વાર સુધી સારું લાગી શકે? અસલી ગુલાબ સમગ્ર સંસારની સાથે હર ક્ષણે એકાનેક સંબંધ બાંધતું જાય છે. ગતિનો આ લય જ તેનું જીવન છે. આ અનેકરૂપી જીવનને ધ્યાનથી જોઈએ તો જોવાનું સમાપ્ત જ નથી થતું અને એટલે જ કલાકારનું સારું લાગવાનું પણ કોઈ રીતે સમાપ્ત થતું નથી.

ચોક્કસ પણે વિશિષ્ટ પરિવેશની વચ્ચે કે વિશિષ્ટ સ્મૃતિથી ઘેરાઈને કાગળનું ગુલાબ પણ સારું લાગી શકે છે. ત્યારે પણ તે કલાનો આધાર થઈ જાય છે.

ખરી વાત એ છે કે જે કોઈ પણ વસ્તુનું ચિત્ર બનાવો, એ વસ્તુ સારી લાગવી જોઈએ. એ જાણે તમારું મન હરી લે. ત્યારે એ સારું લાગવું પીંછીના ટેરવાથી જાતે જ રૂપ લઈ લેશે. આવું થવાથી ખરેખર જ સારું ચિત્ર બનશે. ચિત્ર બનાવવાનું આ સૌથી મોટું, સૌથી મહત્ત્વપૂર્ણ કૌશલ હોય છે.

મનમાં જો રસ ના પેદા થયો, સારું ન લાગ્યું, સારું લાગવું દિવસે દિવસે ન વધ્યું, એ સારું લાગવાની પ્રેરણાથી કામ ન થયું તો કેવળ શિલ્પગત કુશળતા પ્રાપ્ત કરવી વ્યર્થ છે. એકવાર

મને ઇસરાજ વગાડવાનો શોખ થયો, નિયમિતરૂપે સા-રે-ગ-મ સાધવા માંડ્યો. કેટલીક ગર્તો પણ શીખ્યો. જેવું ઇસરાજ વગાડવાનું બંધ કર્યું કે છ મહિનાની એ મહેનતને ભૂલવામાં છ દિવસ પણ ન લાગ્યા કારણ કે કેવળ સંગતનું વ્યાકરણ ગોખી લીધું હતું. રસમાં પ્રવેશ નહોતો કર્યો.

પ્રેમ જોઈએ, ધૈર્ય પણ જોઈએ, સાધનાની સફળતા જોઈએ. કળાસર્જન એક સાધના જ છે, શોખ નહીં. આમેય ઘણા લોકો છે જે પેલા અમેરિકન સાહેબની જેમ કરે છે. એ સજ્જન સાત સમુદ્ર પાર કરીને મહાત્માજીના દર્શન કરવા તેમના આશ્રમમાં આવ્યા. આશ્રમના લોકોએ કહ્યું, ''હમણાં એમની પાસે સમય નથી, એક બે દિવસ રોકાઈ જાવ.'' પરંતુ સાહેબ રોકાય કેમ, કારણ કે તેઓ તો એક પછી એક શું કરશે તે નક્કી કરીને આવ્યા હતા. હવે પછીની ટ્રેન એમને પકડવાની હતી. તે કારણથી મહાત્માજીને મળ્યા વગર જ ચાલ્યા ગયા. આને મૂર્ખામી કહેવાય. અને મુલાકાત થઈ હોત તોય શું ફાયદો થાત કોણ કહી શકે, બની શકે કે મળવાવાળાઓના લીસ્ટમાં એક વધુ નામ જોડવાનો જ એમને મૂળ ઉદ્દેશ્ય રહ્યો હોય. એનાથી અધિક એ ઇચ્છતા પણ ન હોય.

દરરોજ રિયાઝ કરવો જોઈએ. હરપળે પરીક્ષણ-નિરીક્ષણ કરવું જોઈએ. ડર અને લાલચ વર્જ્ય છે. કલાકાર જેટલો અનુભવ કરે કેવળ એટલો જ વ્યક્ત કરવો યોગ્ય છે.

કવિ સાથે ક્યારેક-ક્યારેક એવું પણ થાય છે - કોઈ અવાંતર શબ્દનો મોહ કે એક ઉપમાનો મોહ કે આઈડિયાનો મોહ થઈ ગયો હોય. એમ જ ચિત્રકારે જોયું વૃક્ષ નીચે એક માણસ બેઠો છે. તેને ગમ્યું ત્યાર બાદ ચિત્ર બનાવતી વખતે તેની સાથે ઝૂંપડી મૂકશે કે એક એક પાંદડાને સરસ રીતે બનાવશે કે આકાશમાં વાદળાંના રંગની છાંટ દેખાડશે - તે લક્ષથી ભટકી ગયો. પરિણામસ્વરૂપ ચિત્ર નષ્ટ થઈ ગયું. આને જ લોભ કે મોહ કહેવાય છે. પહેલાંની કલ્પનાની સાથે પછીની કલ્પનાનો મેળ ન પડવાથી જ ચિત્ર નષ્ટ થઈ ગયું.

શું પરંપરાગત આદર્શની જરૂરિયાત છે ? જો કોઈ આકસ્મિક દુર્ઘટનાથી સમગ્ર પરંપરા લુપ્ત થઈ જાય તો શું હંમેશ માટે સમગ્ર કલાઓ નષ્ટ થઈ જશે ? કલાનું મૂળ આદિ-મૂળમાં છે. જે આનંદના પરિણામસ્વરૂપે સૌર જગત અને પૃથ્વીની સૃષ્ટિ ઉત્પન્ન થઈ એ જ આનંદમાં આવીને ચિત્રકાર ચિત્ર બનાવે છે. એટલે મહાપ્રલય પછી જેમ પુનઃસૃષ્ટિ સર્જાય, પુનઃ મનુષ્ય જેવા સંપૂર્ણ જીવનો જન્મ થાય તેમજ કલાની શરૂઆત પણ થશે.

છતાં પણ પરંપરાગત કલા વ્યાપારની મૂડીની જેમ હોય છે. તેને ઉપયોગમાં લઈને થોડાક જ પ્રયત્નથી વધારે સારું ઐશ્વર્ય પામી શકાય છે.

જે આર્ટીસ્ટ છે તેના દરેક સમયે બધાં મિત્ર હોય છે. તે ક્યારેય એકલો નથી હોતો. તમે સારા લાગો છો. તમારા ગયા પછી વૃક્ષ સારું લાગે છે, વૃક્ષ નહીં હોય ત્યારે દરવાજો ય સારો લાગશે. સારું કેમ લાગે છે ? કહેવું થોડું અઘરું છે. છતાંય કોઈ આવેગના કારણે કોઈ વસ્તુ સારી લાગવા કે વસ્તુ પોતાની છે એટલે સારી લાગવામાં ઊણપ રહે છે. કૂતુહલવશ કોઈ વસ્તુનું સારું લાગવું એ પણ સ્થાયી નથી હોતું. એક અન્ય રીતનું સારું લાગવું હોય છે. એ છે ઊંડો એકાત્મકતાનો બોધ. કોઈ દૃશ્ય એટલું સારું લાગે છે કે તેમાં મરવાની પણ મજા આવે બધાં જ ભરોસો આપે છે. બધાં જાણે સ્નેહી છે. કોઈ વસ્તુ જેટલી સારી લાગે છે, મૃત્યુનો ડર એટલો ઓછો થાય છે. કારણ મને અનુભવ્યું કે હું મરી જઈશ તો આ તો રહેશે જ. આનું રહેવું તે મારું રહેવું તો છે.

ચિત્ર બે પ્રકારના હોય છે. એક એ જે ચિત્રકારે બનાવ્યું છે અને બીજું એ જે સ્વયં બન્યું છે. સારા ચિત્રમાં વિષયવસ્તુ, શૈલી અને ચિત્રકાર ત્રણેય સ્થિત હોય છે.

ચિત્રમાં રંગ પૂરતી વખતે એ ધ્યાન રાખવું જોઈએ કે ધાન્યના ખેતરની લીલોતરી તમને એટલી ગમવી જોઈએ કે તમે સ્વયં લીલા થઈ જાઓ. તમારા અસ્તિત્વની અનંત ઓળખ સાથે એ ઓળખ જોડાઈ જાય ત્યારબાદ ચિત્ર બનાવશો તો કયો લીલો રંગ પૂરવાનો છે, તેની સાથે બીજો કયો રંગ ક્યાં સારો લાગશે વગેરે બાબતો ઊંડી અનુભૂતિના કારણે તમારી સામે સ્વયં સ્પષ્ટ થશે - પીંછીના ટેરવે રંગ પોતાની મેળે આવતો જશે. એક બીજી વાત, અલંકારિક પદ્ધતિમાં ચિત્રકાર પાકથી લચેલા ખેતરનો રંગ આકાશમાં પૂરી શકે છે. વાદળમાં પણ પૂરી શકે છે. પહાડમાં પણ પૂરી શકે છે. તેમાં કશું ખોટું નથી હોતું. કારણ ચિત્રકારે પ્રકૃતિ પાસેથી શીખી લીધું હોય છે. જુદા જુદા રંગોનો ઊંડો અભ્યાસ અને રંગોની પરસ્પર સંબંધની વાત, દૃઢ આત્મીયતાની વાત, છતાંય સ્વાધીન અને સ્વતંત્ર છે.

આ પ્રથા આપણને જૂના રાજપૂત, મુગલ કે પારસી ચિત્રોમાં જોવા મળે છે. આનાથી કૃતિમાં કોઈ પ્રકારની ક્ષતિ નથી આવતી પરંતુ તે શ્રેષ્ઠ બને છે.

જેણે પહાડ નથી જોયો એ વાદળનું ચિત્ર ન બનાવી શકે સ્થિરતાને જાણ્યા વગર ચંચળતાને જાણી શકાતી નથી. ઇન્દ્રિયોની ચંચળતામાં જે રસ છે અને ચિત્રની ધ્યાન મગ્નતામાં જે રસ છે. કલાકારે બન્નેને જાણવાની જરૂરયાત છે. કલાકાર એક પક્ષે હોય તે ન ચાલે. તેણે સર્વદર્શી અને નિર્લિપ્ત હોવું જોઈએ.

સાંભળ્યું છે એકવાર કોઈકે કહ્યું હતું કે ફણગો ફૂટતા જવનો ઉપરનો ભાગ પાંખો ફેલાએલા પતંગિયા જેવો લાગે છે. પરંતુ જ્યારે કોઈ ખરેખરા પ્રતિભાશાળી કવિએ કહ્યું કે જવનો

ફણગો ફૂટતો જોઈને એવું લાગે કે જો એક જોડી પાંખો મળે તે તે પતંગિયાની જેમ ઊડવા માંડશે. એક જ ઉપમાને જોવાથી ખ્યાલ આવશે કે રજૂઆતમાં કેટલો ફર્ક આવે છે. જે જડ હતી તે ચેતન બની ગઈ. પ્રવૃત્તિમાં બે ધારાઓ છે. એકમાં એક રૂપની સાથે બીજાનો મેળ ન બેસે પરિણામ આશ્ચર્યજનક. આ થયું સ્થૂળ રૂપ. બીજામાં દેખાય છે કે આ બધી વિસંગતિ અથવા વિચિત્રતા જે અંતર્નિહિત નિયમથી પ્રગટે છે તે જ તેનું ઐક્ય છે. જેવું દૃશ્ય અને વૈવિધ્યના અંતરમાં ઐક્ય - આ જ પ્રકૃતિ - વિશ્વ પ્રકૃતિ પણ અને તેમાં સમાહિત માનવ પ્રકૃતિ પણ.

કલાકાર સૌથી પહેલાં બાહ્ય રૂપ તરફ આકર્ષિત થાય છે. ત્યાર બાદ એ રૂપથી બીજા રૂપના સંપર્ક તરફ. ત્યાર બાદ આકર્ષાય છે તે ભાવ અને તે રસ તરફ જે પ્રત્યેક રૂપને, પ્રત્યેક ક્ષણને રૂપાંતરિત એને જીવંત કરી રહ્યું છે. આ રીતે કલાકાર જેટલો આગળ વધે છે, તેટલી જ તેની સર્જનક્ષમતા વધે છે. એટલો જ સર્જનના ક્ષેત્રનો વિસ્તાર થાય છે. કલા વિશેષની પોતાની વિશિષ્ટ ભાષા કે કન્વેંશન (convention)નું કામ વસ્તુને સરળ કરવી તે નહીં પરંતુ પૂર્ણ બનાવવી તે છે. જ્ઞાન અને સાધનાની વિશેષ સંયોગથી જ તેનો ઉદ્ભવ થાય છે. આપણી ચારેય બાજુએ સર્વત્ર ક્ષતિગ્રસ્તભાવ અને ક્ષતિગ્રસ્ત રૂપની તરફ પ્રકૃતિનો જ સમગ્ર આવેગ અને ઇચ્છાનું ખેંચાણ છે. તદ્ઉપરાંત સૃષ્ટિમાં વ્યાપ્ત જળ, વંટોળ, તડકો અને અતિવૃષ્ટિ છે. જીવ-જંતુ જનાવર અને મનુષ્યોના અગણિત ઉપદ્રવ છે. આ બધી જડવસ્તુઓની જડતાના કારણે ઉત્પન્ન થતી અડચણો થકી મૂળભાવ અને આવેગ સુધી આપણે સીધા પહોંચી શકતા નથી. આંખો દ્વારા, અંતરના પ્રેમ દ્વારા તે જોવામાં અને બતાવવામાં સાર્થકતા છે.

ચીનની ચિત્રકલા અને ભારતીય શિલ્પકલાની સરખામણી નથી. ભારતીયો વિષયને ચારે તરફથી જુએ છે. એ જોવાને આકારિત કરવાનું યોગ્ય માધ્યમ છે, શિલ્પકલા અને સ્થાપત્યકલા. પરંતુ ચિત્રની સપાટી દ્વિઆયામી હોય છે. તેમાં લંબાઈ અને પહોળાઈ જ હોય છે. તેનું વિશિષ્ટ દૃષ્ટિબિંદુ અંતર કે અવકાશ હોય છે. આ ટુ-ડાયમેન્શન (૨-Dimension) સર્જનના ક્ષેત્રમાં અંતરની રસસૃષ્ટિ ચીની કલાકારો સ્વાભાવિકતાથી બતાવે છે તે બીજે ક્યાંય જોવા મળશે ? ચીની ચિત્રકારો માટે ચિત્ર બનાવવું તે લખવા જેવું છે. એટલા માટે જ ચિત્રની સપાટ ભૂમિ તેમના સર્જન માટે વધુ ઉપયોગી નીવડે છે.

ઓકાદુરાએ કહ્યું હતું કે પ્રકૃતિ (Nature) પરંપરા (Tradition) અને મૌલિકતા (Originality) - આ ત્રણના પરિણામે જ સર્વાંગ સંપૂર્ણ કલાત્મક સર્જન થાય છે. પ્રકૃતિની જાણકારી વગર કલા દુર્બળ અને કૃત્રિમ થઈ જાય છે. પરંપરાના જ્ઞાનને અભાવે તે જડ અને અણઘટ બને છે. અને કલાકારનું પણ જો કાંઈ યોગદાન ન હોય તો બધું જ હોવા છતાં કલા નિષ્પ્રાણ રહે છે. બીજી બાજુ કેવળ પ્રકૃતિ પર આધારિત હોય તો નકલ બની જાય છે. કેવળ પરંપરા આધારિત હોય તો થઈ જાય કારીગરી અને કેવળ મૌલિકતાનો આધાર લઈને કલાકાર સર્જન કરે તો એ પાગલ જેવું આચરણ કરે છે.

જુદી જુદી ઉંમરે મનુષ્યનું જીવન જુદી જુદી વસ્તુઓને કેન્દ્રમાં રાખીને ચાલે છે. બાળપણમાં મા, કિશોરાવસ્થામાં ભાઈ-બહેન, યુવાવસ્થામાં સ્ત્રી કે પ્રેમિકા અને પ્રૌઢાવસ્થા કે ઘડપણમાં બીજું કાંઈ. આ કેન્દ્રો સ્થિત રહેવાથી જીવનમાં રસ રહે છે. સુખ રહે છે. ઉત્સાહ રહે છે. કેન્દ્રથી ખસી જવાથી બધું જ બેસ્વાદ થઈ જાય છે. એટલે કામ માટે કોઈ પ્રેરણા રહેતી નથી એટલે જે જેટલાં સ્થાયી તત્ત્વોને કેન્દ્રસ્થાને રાખીને જીવનનો વિકાસ કરે છે, તેને સુખ-શાંતિ અને કામ કરવાની પ્રેરણા આપતો સ્રોત પણ એટલો જ સ્થિર રહે છે. ખતમ થતો નથી. આવી સ્થિર વસ્તુ છે આ વિશ્વ પ્રકૃતિ. આ વાત જીવનમાં પણ સત્ય છે અને કલામાં પણ.

નિત્ય નિયમિત સાધનાના પરિણામે, છેલ્લે મન ભરેલા ઘડા જેવું થઈ જાય છે. ભરેલો ઘડો થોડો પણ હલવાથી છલકાય છે તેમ કોઈપણ કારણે જરાપણ ઉદ્વાલિત થતા મનમાં સ્થિર રસાનુભૂતિ અને રૂપાનુભૂતિનું અક્ષયપાત્ર છલકાઈ જાય છે અને આકારિત થાય છે. ચિત્ર, શિલ્પ, નૃત્ય, કવિતા અને ગાન.

ખૂબ આશા અને ઇચ્છાથી શરૂઆત કરી પણ આજ તમને લાગે છે કે કશું થયું નહીં. પરંતુ બની શકે કે થવામાં હવે બહુ વાર ન હોય. માની લો કે તમે જગન્નાથપુરીના મંદિરે જઈ રહ્યા છો. સવારના સમયે ખૂબ દૂરથી વનરાજીની વચ્ચે મંદિરનો ઘુમ્મટ દેખાય છે. ઉત્સાહભેર ચાલવા માંડ્યા. જેમ જેમ દિવસ ચડતો જાય તેમ તડકા અને રેતની ગરમી વધવા માંડી. ભૂખ અને તરસથી જીવ અકળાઈ ઉઠ્યો, ખબર નહીં ક્યારે આસપાસનાં મકાન અને વનરાજી વચ્ચે દેખાતો ઘુમ્મટ પણ ખોવાઈ ગયો. તમે એકદમ દિક્‌ભ્રમિત થઈ ગયા. ચાર રસ્તે આવીને કઈ બાજુ જવું તેની સમજણ નથી પડતી. છતાંય કદાચ દરેક ડગલે તમે આગળ વધતા રહો છો. જ્યારે એકદમ હતાશ થઈ રહ્યા હશો, ત્યારે રસ્તાની ધારે એક વળાંક પાર કરતાં જ સામે એક વૃક્ષથી આગળ જતાં જ મંદિરનો ખુલ્લો દરવાજો આંખ સામે હશે.

કલાકારે હંમેશાં ચેતનવંતા રહેવું પડે. ભાગીરથીમાં તરંગની તાલે તરણા સાથે કમળનું ફૂલ અને પાન વહી રહ્યું છે. તે પાણીમાં માછલી પણ રમી રહી છે. પોતાની ઇચ્છા મુજબ જળના પ્રવાહની દિશામાં કે ઉલ્ટી દિશામાં જઈ રહી છે. બન્નેમાં તફાવત છે. આજ તફાવત સાધારણ મનુષ્ય અને કલાકારમાં હોય છે.

વાસ્તવિકતા શું છે ? તેની વ્યાખ્યા કુમારસ્વામીએ એક સંસ્કૃતની ઉક્તિ ટાંકતાં આપી છે. વાસ્તવિકતા એ છે, જ્યાં અભાવ બોધ નથી. અર્થાત્ કલાના ક્ષેત્રમાં કહી શકાય કે ચિત્ર અને ચિત્રનું વિષયવસ્તુમાં સમાનતા ન હોવાથી પણ જ્યાં અભાવ-બોધ નથી.

ચીની લોકોએ પણ આજ કહ્યું છે. સાચા કલાકારનું કામ

કેવું હોય છે ? વસ્તુનો આશ્ચર્યજનક અનુભવ થાય છે. પણ પાસે જઈને જોતાં શાહીની છાપ અને પીંછીના ડાઘ સિવાય કશું જ દેખાતું નથી.

ચાઈનીઝ લોકો એટલે જ કહે છે કે ટેકનીક જ બધું છે, અને ટેકનીક કશું જ નથી. મન જ ચિત્ર બનાવે છે. મન જ્યારે જવા ઇચ્છે ત્યારે તે ખેંચી ખેંચીને ક્યાંથી ક્યાં લઈ જાય તે ખબર પણ ન પડે. સાચા કલાકારની ટેકનીક કે સાચી ટેકનીક છે – તંત્ર (તાઓઉપનિષદ)ના એ શ્લોકની ઉક્તિ અનુસાર – પક્ષીના ઊડવાની જેમ એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર જઈને બેઠું પણ હવામાં કોઈ નિશાન જ ન રહ્યું.

કોઈ કોઈ વ્યક્તિ એવા છે જે કોઈપણ વસ્તુનું ચિત્ર બનાવે, તે તેમાં પ્રવેશી જાય છે. પ્રવેશ કેવો ? તમારો હાથ પકડીને અહીં આ રીતે મૂકી દીધો. પછી ઉપાડીને બીજી જગ્યાએ મૂક્યો. પછી તમને પકડીને ઉઠાડ્યા, બેસાડ્યા – આ થયું એક. એક બીજું થયું જો તમારા અંતરમાં જ પ્રવેશી શકે તો તમારા હાથની સાથે, તમારા પગની સાથે હું જે ઇચ્છી શકું છું. ઉઠવું, બેસવું, દોડવું, નાચવું – કાંઈપણ કરવામાં જોર નથી આવતું. અડચણ નથી આવતી, બસ સહજ રીતે તે જ થાય અને સાચું થાય છે.

નાના બાળકો દ્વારા બનાવેલું ચિત્ર પણ ખૂબ સુંદર હોય છે. અદ્‌ભુત છંદ, અદ્‌ભુત રંગ એનાં હોય છે. એટલે નાના બાળકોના કામની નકલ કરીને કલાકાર ન બની શકાય. નાના બાળકોના કામના ગુણ મોટા કલાકારોને કામ લાગે છે. ત્યારે જ્યારે એ જ્ઞાનની ચરમ સ્થિતિને પ્રાપ્ત કરે છે. કારણ મોટા માણસો જો નાના બાળકોનું અનુકરણ કરે તો એ ખોટો દેખાડો થશે. એટલે મોટા માણસો પણ ઘણીવાર બાળકો જેવો વ્યવહાર કરે છે. એ આપણે જાણીએ છીએ. આવી જ વ્યક્તિઓને આપણે પ્રતિભાશાળી કે પરમહંસ કહીએ છીએ.

એક જાપાની કવિતામાં કવિએ લખ્યું છે. હું ચેરીનું ફૂલ થવા ઇચ્છું છું. મનુષ્ય તો ચેરીના ફૂલથી ઘણો મોટો હોય છે. ઘણો મહાન હોય છે. તો પછી તેની આમ આવી વિપરીત ઇચ્છા કેમ ? આનું કારણ છે. એ મનુષ્ય છે એટલે એને એવી ઇચ્છા થઈ. ચેરીના ફૂલના મનમાં તો મનુષ્યની ચેતના સંસારના બુદ્ધિ અને અનુભૂતિ પ્રસારિત થાય છે. મનુષ્યની ચેતના સંસારના સર્વમાં પ્રવેશ કરવા ઇચ્છુક છે. એનો બીજો અર્થ એ પણ લગાવી શકાય છે – મનુષ્ય સંસારની અનંત જટીલતા, અસીમ દ્રવ્ય, અખૂટ ઐશ્વર્ય આ બધાની સાથે જ, આ બધાનો જયકારો કરીને જ તે ચેરીના ફૂલની જેમ પ્રસ્ફૂરિત સહજ સૌંદર્યને પ્રાપ્ત કરવા ઇચ્છે છે.

ભારતીય મૂર્તિકલા ખૂબ જ ઊંચી વસ્તુ છે. તેમાં જે કાંઈ થઈ ગયું છે, તે અન્ય કાંઈ યુગમાં નથી થયું. જ્યાં સુધી એક નટરાજની મૂર્તિ, એક બુદ્ધની મૂર્તિ કે એક ત્રિમૂર્તિ ઉપલબ્ધ છે. ત્યાં સુધી સંસ્કૃતિના ક્ષેત્રમાં ભારતવાસી માથું ઊંચુ રાખીને રહી શકશે. ભારતીય કળા અને ભારતીય સભ્યતા આમાં જ સંપૂર્ણ છે. તેમાં નિરાકાર વિચારને સાકાર કરવામાં આવ્યો છે. પ્રકૃતિના – એ નાના પ્રકારની રૂપ છટાઓને અનેક કલાકારોએ અનેક રીતે રૂપાંતરિત કરી છે. પરંતુ કરૂણા, મૈત્રી કે કોઈ બીજા અમૂર્ત વિચારને મૂર્તરૂપ આપવાનો પ્રયત્ન કલા જગતમાં અન્યત્ર દુર્લભ છે. ચિન્હ કે પ્રતીકની રચના નથી કરી, રચના કરી છે મૂર્તિની. અર્થાત્ અહીં વિચારનું 'વાચન' મુશ્કેલીભર્યું કે કલ્પનાતીત નથી. રસિક વ્યક્તિઓ માટે તેનો બોધ વ્યાખ્યા સાપેક્ષ પણ નથી. વિચારનો જન્મ થયો અને વિચાર જ મૂર્તિ બન્યો.

એક સમયે યુરોપમાં પ્રકૃતિની હૂ-બ-હૂ નકલ કરવાની પ્રવૃત્તિ ચાલતી હતી. એ કલાનો સાચો રસ્તો નથી, તેમાં ખરેખરી તૃપ્તિ નથી મળી શકતી. તેના વિરોધમાં હવે પ્રકૃતિને એકદમ તેમાંથી કાઢી નાખવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. એ પણ અયોગ્ય છે. તેમાં જરાય રસ નથી. આપણી આસપાસનું બધું જ છોડીને માણસ ન વિચારી શકે કે ન જોઈ શકે. વિજ્ઞાન કે મનોવિજ્ઞાનના તથ્યોનું શું થશે. એ કલાનું સત્ય તો નથી. કલાનો વિષય અને કલાકારનું મન પદાર્થ અને પ્રકાશ જેવાં છે. માટી અને પથ્થર સૂર્ય પ્રકાશને શોષી લે છે. તેને જાંખો બનાવે છે. પ્રકૃતિની અનુકારક કલામાં આવું જ થાય છે. અને કાચ, અરીસો કે જળ સૂર્યના પ્રકાશને પ્રતિબિંબિત કરીને વધુ ચકચકિત કરે છે. ભારતીય કે પૂર્વની કલાનું મૂળ ચરિત્ર જ આ છે. આ કલા અનુકરણ પ્રત્યે વિશેષ જોક નથી આપતી. વધારે પડતી એબસ્ટ્રેક (Abstract) કે અમૂર્ત થવાની પણ એને જરૂરિયાત નથી જણાઈ, તેનું સત્ય સ્વરૂપ અને અરૂપ બન્નેને સાથે રાખીને વચ્ચે ઊભી છે.

પ્રકૃતિના ચિત્રણમાં કે લેન્ડસ્કેપમાં સ્થાપિત નવ રસમાંથી એકેય રસ નથી હોતો. વધુમાં વધુ તેને શાંત રસ કહી શકાય કે પછી એકાત્મકતાનો રસ કહી શકાય. ચીની લોકોએ સંભવતઃ પોતાના ઋષિ લાઓત્સેના વિચારોમાંથી આ રસને પ્રાપ્ત કર્યો હતો.

એક લેન્ડસ્કેપની વચ્ચે એક માણસ. જો લેન્ડસ્કેપનું ચિત્ર કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય હોય તો માણસનું ચિત્ર કરવાની ચેષ્ટા ન કરવી જોઈએ અને જો માણસનું ચિત્ર દોરવાનો મુખ્ય હેતુ હોય તો લેન્ડસ્કેપ ચિતરવામાં સાવધાની રાખવી જોઈએ. ચિત્રમાં આકારિત થનારા વિષયને સીધે સીધો કે પરાણે વશમાં કરવાનો પ્રયત્ન કરવાથી તે સિફતપૂર્વક છટકી જશે. પ્રેમમાં પણ આ જ થતું હોય છે. તેની ગતિ પણ વાંકી હોય છે. જે બાજુ જવા ઇચ્છતા હોવ તે બાજુ સીધા ન જવાય, જે કહેવા માગતા હોઈએ એ સીધેસીધું ન કહેવાય જે કહેવા માગતા હોવ તેને વ્યંજનાના માધ્યમથી સુંદરતાપૂર્વક વ્યક્ત કરો. ઈંગિતના માધ્યમથી, ઇશારાથી, આનાથી પ્રેમી અને પ્રિયા બન્ને ખુશ થાય છે. આનાથી પ્રેમ સફળ થાય છે. કલા હોય કે પ્રેમિકા, બન્ને પ્રત્યે જોર-જબરજસ્તી સારી નહીં – 'ઇચ્છા કર્યા વગર જ તેને પામી શકાય.'

લેન્ડસ્કેપના ચિત્રમાં વૃક્ષ-છોડ, રેતાળ મેદાન, જળની ધારા વગેરે બનાવીને મન સંપૂર્ણ સંતુષ્ટ ન થાય ત્યારે લાંબી પૂછડીવાળું

પક્ષી કે હાથમાં નાની લાકડીવાળો ભરવાડ, વાંકું વળીને પાણી પીતું વાંદરું વગેરે બનાવી દીધાં અને લાગ્યું કે બધું જીવંત થઈ ગયું, બોલવા માંડ્યું, ફીકું પણ સુંદર, ચિત્રમાં એ પક્ષી, ભરવાડ જ કલાકાર સ્વયં છે.

કલા ક્ષેત્રે જેને સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તેમનાથી ભૂલ નથી થતી. દંતકથા પ્રચલિત છે કે એકવાર ચીની ચિત્રકારના પગની ઠોકરથી શાહીનો વાડકો ઢોળાઈ ગયો તેણે તરત જ હાથ ફેરવીને એક અદ્‌ભુત ડ્રેગનનું ચિત્ર બનાવી દીધું.

ચિત્રકારના મનમાં જ્યારે વિષયવસ્તુની ધારણા સ્પષ્ટ રૂપે તૈયાર થઈ જાય ત્યારે મનમાંથી કાઢીને કાગળ પર મૂકી દેવાથી જ કામ થઈ જાય છે. એવું લાગે છે જેમ પડદો હટાવતાં જ પાછળ શું હતું તે નજરે પડી ગયું. આના માટે જે કુશળ હાથ, સાધન, કલા અને કલા કૌશલનું પ્રયોજન છે તેનાથી પણ નથી થતું કારણ કે કલાકાર અને કલા-રસિકને આ સંબંધે જાણે કોઈ હોશ જ નથી રહેતો.

ધનુષ બાણ લઈ ઘણાં નિશાન તાકીને, ઘણા પ્રયત્નોથી લક્ષ્ય ભેદવાની ચેષ્ટા કરી શકાય છે. તેનાથી નિશાન તાકી પણ શકાય અને ન પણ તાકી શકાય. પરંતુ જ્યારે લક્ષ્ય જ ચુંબકની જેમ તીરને પોતાની તરફ ખેંચે ત્યારે આપણી તરફથી કોઈ ચેષ્ટા ન કરવાની હોવાથી ભૂલચૂકની કે નિશાન ચૂકવાની સંભાવના રહેતી નથી.

વર્તમાન યુગમાં ખાસ કરીને પશ્ચિમના દેશોમાં કલાના ક્ષેત્રમાં પણ વિજ્ઞાનનો પ્રભાવ દેખાઈ આવે છે. તેના પરિણામે થોડેઘણે અંશે અવચેતન કે અતિ સચેતન મન દ્વારા એક પ્રકારના કલાસર્જનનો પ્રયત્ન જોવા મળે છે. તે જોઈને મનમાં પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે, કે જો કેવળ કુતૂહલ જગાવે છે કે પ્રશ્ન આકાર લે છે. તેમાં પણ કલા છે કે નહીં. આપણી દૃષ્ટિએ કલા રસની વ્યંજનાની દૃષ્ટિથી જેમ એકબાજુ અનિર્વચનીય (અવાક્) અને અપરિસીમ (અસીમ) છે. તેમ જ રૂપ અને રેખાની દૃષ્ટિએ સુસીમ, સંશ્લિષ્ટ અને સુનિર્દિષ્ટ છે, કારણ કલા મનુષ્યની પોતાની સત્તાની સાથે વિશ્વસત્તાના ઘનિષ્ટ પરિચયની સાક્ષી કે પ્રતીક છે. એમ પણ કહી શકાય છે કે કલા નવા પરિચયનું સર્જન કરીને એક સૃષ્ટિની વસ્તુને એક બીજી સૃષ્ટિ વચ્ચે મૂકી આપે છે.

કોઈ એક છોકરીની વાત કરીએ. સંસારમાં એ કોઈકની દીકરી, કોઈકની પત્ની, કોઈકની સખી, કોઈકની મા હોય છે. પ્રકૃતિની વચ્ચે કે પ્રકૃતિની દૃષ્ટિએ એ ન તો મા છે, ન બહેન કે ન પત્ની; એ કોઈની પણ સાથે અતૂટ સંબંધથી બંધાયેલ નથી - એ કેવળ નારી છે. હવે એ છોકરીનો એક એવો પણ પરિચય હોઈ શકે કે એ મા છે. એના ખોળામાં બાળક છે કે કોઈ એવું સ્પષ્ટ લક્ષણ છે જેના કારણે ભ્રમની સંભાવના જ ન રહે. છોકરી જેમ પ્રકૃતિની વચ્ચે આમ જ કોઈ અંતરંગ અનુભૂતિ વચ્ચે નિઃસંદિગ્ધ અને નિર્દિષ્ટ એક ઓળખની ઉજ્જવળતા પ્રાપ્ત કરે છે અને ત્યારે કલાનો આધાર(વિષય) બની જાય છે. સંસારમાં એનો સંબંધો દ્વારા જે પરિચય છે તે વામણો બની જાય છે. તેની ચમકને ઝાંખી કરી દે છે. અને તેને સારી રીતે ન ઓળખવાને કારણે જ એ બોધનો કે કલાનો આધાર નથી થઈ શકતી.... જે છોકરીને રોજ જોઉં છું, તેને નથી જોતો. વિવાહ વખતે એ દરેકનું ધ્યાન ખેંચે છે. તે સમયે એ અપૂર્વ અને અનન્ય લાગે છે.

એક પથ્થરના ટુકડાને જ લો. જ્યાં સુધી એ કેવળ પથ્થર છે ત્યાં સુધી એક પ્રાકૃતિક ચીજ માત્ર છે. એક એવી ચીજ કે જે ફીજીક્સ કે મેટા ફીજીક્સ અંતર્ગત આવે છે. તથા જેને આંખોથી જોઈ શકાય છે. તથા યંત્ર દ્વારા જેનું પરીક્ષણ કરી શકાય છે. હવે એ જ પથ્થરનો ટુકડો જાતે અથવા કોઈના દ્વારા થોડું રૂપ આપીને ક્યારેક શિવ, ક્યારેક વાનર, તો ક્યારેક ડોશી જેવો લાગી શકે છે. છતાંય એ મનમાં કુતૂહલ જગાડે છે. જીજ્ઞાસા પેદા કરે છે. પણ રસની સૃષ્ટિ નથી રચી શકતો. કારણ કે જ્યાં સુધી આપણે તેને કોઈ ચોક્કસ નામ આપીને આત્મીયતા કેળવી ન શકી, ના તેનું નામ લઈને બોલાવી શકીએ, કલાકારના હાથમાં પડ્યા પછી એ પથ્થર પથ્થર નથી રહેતો. કલાકારે પોતાની બધી જ આંતરિક શક્તિના યોગથી જે અનુભવ કર્યો, જે જોયું, કે જે જોવાનો અભિગમ કેળવ્યો તેનાથી તે પથ્થર શિવ, વાનર કે ડોશી વગેરેમાંથી કોઈ રૂપ ધારણ કરીને કોઈ રસિક વ્યક્તિની નજીકની ઓળખ થઈ, રસિક વ્યક્તિનો અંતરંગ થયો અને સાથે જ કલાની સંજ્ઞાથી અભિવ્યક્ત થયો, ત્યારે જ એ સૃષ્ટિની પ્રતિસૃષ્ટિ બન્યો.

પૂર્વ તરફ લીલાં જંગલો ઉપર ઘેરાએલાં કાળાંડીબાંગ વાદળો - મને આટલી મજા કેમ આવે છે ? એણે મારા મનને આમ ઝંકૃત કેમ કરી દીધું છે ? કારણ બહુ જ સરળ છે. એક જ સૃષ્ટિ, એક જ ચેતનાનો એક છેડો છે તે વાદળ અને બીજો છેડો તે હું.

એક તરફ મેઘ અને બીજી તરફ હું એટલે જ મેઘનું સુખ મારામાં અને મારું દુઃખ મેઘમાં વિચરણ કરે છે. વિષય (આસક્તિ) અને વિષયી (આસક્ત)ની એક જ સૃષ્ટિ છે. મારી ઇન્દ્રિયો ફક્ત બારી દરવાજા જ છે. એ રસ્તામાં મારું અને મારી વિષય (આસક્તિ)નું મિલન થાય છે, બન્ને એકબીજામાં લીન થઈ જાય છે. એક જ ચેતના જુદા સ્વરૂપે દોલાયમાન થાય છે, તરંગિત થાય છે.

કુણાલ જાતકમાં કામલોકની ચર્ચા મળે છે તેની ઉપર રૂપલોક અને તેની ઉપર અરૂપલોક, હું કહું છું કે એની ઉપર આનંદલોક. કામલોકમાં આસક્તિ છે એટલે અંધાપો છે. રૂપલોકના સ્તરે પહોંચતાં રૂપ દેખાય છે. અરૂપલોકમાં પહોંચતાં પ્રાણમાં એ નિખિલ પ્રાણછંદનું સ્પંદન અનુભવાય છે. આનંદલોકમાં રસ હોય છે. શાસ્ત્રોમાં કહ્યું છે : રસો વૈ સઃ ।

(લજ્જા કોમ્યુનિકેશન, સુપરમાર્કેટ , નાના બજાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, મોઃ ૯૮૨૫૦૪૧૨૮૯)

## આગવી ભાત

નમસ્તે આભાર ''વિ-વિદ્યાનગર'' વર્ષ-૧૬, અંક-૫, સળંગ અંક-૫૧૧ (મે-૨૦૧૪) મળ્યો. આનંદ થયો હતો. ખાસ એટલા માટે કે તમે મને યાદ રાખ્યો છે. વળી એ યાદ ચાલુ રાખવા મારું વેમેડ કૉલેજમાંનું વ્યાખ્યાન લેવા સ્વરુપે ''વિ-વિદ્યાનગર'' માં સમાવી લીધું છે એ વિશેષ આભાર માટેની ઘટના છે.

''વિ-વિદ્યાનગર''નો અંક:૫ જોઇ ગયો, વાંચી ગયો, આનંદ પામતો ગયો. ગુજરાતના ઉચ્ચ શિક્ષણ જગતમાં તમે આગવી ભાત પાડતું શૈક્ષિણક પત્રકારત્વ વિકસાવી રહ્યા છો તેનો મને ગર્વ થાય છે. એ એક આગવી વિદ્યાશાખા છે જેનામાં મૂલ્યશિક્ષા જળવાઇ છે. પત્રકારત્વ, મીડિયા, ટેકનોલોજી, આધુનિક જીવન પર અસર કરનારાં પરિબળો છે જે બે ધાર ધરાવે છે. એની વિધાયક ધાર શિક્ષણશાસ્ત્રના મદદગાર સાથી તરીકે વિશિષ્ટ ગરિમા ધરાવે છે. તમે અને ડૉ. જાડેજા આ માટેની ચીવટ, ચિંતા અને આગ્રહને કારણે વિશેષ અભિનંદનના અધિકારી બનો છો. મને તેથી વિશેષ આનંદ થાય છે.

આપણે શક્ય બનતું રહે ત્યારે ત્યારે વિચાર વિમર્શના પ્લેટફોર્મ પર મળતા રહીએ. એમ થયાનો ફરી અભિનંદન કર્યાનો વિશેષ આનંદ અવશ્ય રહેશે.

શુભેચ્છા સાથે દાઉદભાઇના વંદન
ડૉ. દાઉદભાઇ ઘાંચી (કલોલ)

## સુવાચકની સુગંધ

''વિ-વિદ્યાનગરમાં''ના ફેબ્રુઆરી અંકમાં ''અંગ્રેજી કાવ્યોનો ગુજરાતી અવતાર'' વાંચીને આનંદ થયો. ભાષાંતરમાં મૂળનો ભાવાર્થ ઉત્કૃષ્ટ રીતે આવી ગયો છે અને તેમાં સુગંધ પણ ભળી છે.

ડી.કે. ઓઝા (ચેન્નઇ)



## સીવીએમની શાળાઓનાં પરિણામ

આજના આધુનિક યુગમાં શિક્ષણ સાથે ચારિત્ર્યનો પણ વિકાસ કરતા ચારુતર વિદ્યામંડળનું ઉચ્ચતર માધ્યમિક તથા માધ્યમિક શાળાઓએ બોર્ડની ૨૦૧૪ની પરીક્ષામાં જ્વલંત સફળતા પ્રાપ્ત કરેલી છે. આચાર્યો તથા શિક્ષકોના સહયોગ ઉપરાંત વિદ્યાર્થીઓની સખત મહેનતનું આ પરિણામ છે. માધ્યમિક વિભાગમાં સેન્ટ્રલ બોર્ડ સંલગ્ન વી.એન્ડ સી પટેલ સ્કૂલનું ૧૦૦ ટકા પરિણામ હાંસલ થયું છે. ઉપરાંત બીજી શાળાઓ જેવી કે આઇ.બી. પટેલ, ગો.જો. શારદામંદિર, એમ.યુ. પટેલ ટેકનિકલ અને એસ.ડી.દેસાઇ શાળાઓનું પરિણામ પણ સંતોષકારક આવ્યું છે. તમામ શાળાઓમાં કુલ ૧૬ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યા છે. ૭૯ વિદ્યાર્થીઓ A2, ૧૬૮ B1 ગ્રેડ તથા ૨૦૮ વિદ્યાર્થીઓ B2 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પણ સરેરાશ ૭૦ ટકા ઉપર પરિણામ પ્રાપ્ત કર્યું છે. આ સ્કૂલોમાં વી.એન્ડ સી પટેલ, આઇ.બી. પટેલ, સી.વી.એમ. આર.પી.ટી.પી., ટી.વી. પટેલ, એસ.એમ. પટેલ સમાવિષ્ટ થાય છે. ૨૧ વિદ્યાર્થીઓ A2, ૮૨ વિદ્યાર્થીઓ B1 અને ૧૩૯ વિદ્યાર્થીઓ B2 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. આઇ.બી. પટેલ સ્કૂલે ૯૭.૯૨ ટકા પરિણામ હાંસલ કર્યું છે. જ્યારે અન્ય શાળાઓનાં પણ બોર્ડનાં સરેરાશ પરિણામ કરતાં સારાં આવ્યાં છે. વર્ષોથી ચારુતર વિદ્યામંડળની શાળાઓએ સતત વિદ્યાર્થીઓના સંપૂર્ણ વિકાસ માટે તથા વિદ્યાર્થીઓના ઘડતર માટે અનન્ય વિકલ્પ બની ગઇ છે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે શાળાઓનાં આચાર્યો તથા શિક્ષકગણને અભિનંદન આપ્યાં હતાં.

## ચારુતર વિદ્યામંડળસંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનાં બોર્ડની પરીક્ષાઓનાં સંગૃહિત પરિણામ

### માર્ચ એપ્રિલ-૨૦૧૪

| શાળાનું નામ | બોર્ડની પરીક્ષામાં વિદ્યાર્થી | | | ગ્રેડ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૯૦%> | ૮૦%> | ૭૦%> | ૬૦%> | ૫૦%> | ૪૦%> | ૩૩% | Diff. | કુલ | શાળાનું | બોર્ડનું | પાસના |
| | બેઠાં | પાસ | નાપાસ | A1 | A2 | B1 | B2 | C1 | C2 | D | Abled | પાસ | પરિણામ | પરિણામ% | સરેરાશ % |
| માધ્યમિક વિભાગ | | | | | | | | | | | | | | | |
| વી.એન્ડ.સી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ | ૨૪ | ૨૪ | ૦ | ૭ | ૬ | ૮ | ૨ | ૧ | ૦ | ૦ | ૦ | ૨૪ | ૧૦૦ | ૯૪.૩૩ | ૮૧.૬૭ |
| આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ | ૨૩૩ | ૨૩૩ | ૧૦ | ૬ | ૩૦ | ૭૨ | ૭૧ | ૪૦ | ૪ | ૦ | ૦ | ૨૨૩ | ૯૫.૭૧ | ૬૩.૮૫ | ૬૯.૫૭ |
| ગો.જો. શારદા મંદિર સ્કૂલ | ૨૫૭ | ૨૦૩ | ૫૪ | ૦ | ૧૭ | ૩૭ | ૭૨ | ૫૨ | ૨૫ | ૦ | ૦ | ૨૦૩ | ૭૮.૯૯ | ૬૩.૮૫ | ૬૩.૪૭ |
| એમ.યુ. પટેલ ટેક. હાઇસ્કૂલ | ૩૧૨ | ૨૦૨ | ૧૧૦ | ૩ | ૨૫ | ૪૦ | ૫૯ | ૬૪ | ૧૧ | ૦ | ૦ | ૨૦૨ | ૬૪.૭૪ | ૬૩.૮૫ | ૬૯.૨૧ |
| એસડી. દેસાઇ હાઇસ્કૂલ | ૧૭૩ | ૪૮ | ૧૨૫ | ૦ | ૧ | ૧ | ૪ | ૨૦ | ૨૨ | ૦ | ૦ | ૪૮ | ૨૭.૭૫ | ૬૩.૮૫ | ૫૨.૨૯ |
| | **૯૯૯** | **૭૦૦** | **૨૯૯** | **૧૬** | **૭૯** | **૧૫૮** | **૨૦૮** | **૧૭૭** | **૬૨** | **૦** | **૦** | **૭૦૦** | **૭૩.૪૪** | | **૬૭.૦૪** |
| **ઉચ્ચતર માધ્યમિક વિભાગ** | | | | | | | | | | | | | | | |
| વી.એન્ડ.સી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ | ૧૭ | ૧૫ | ૨ | ૦ | ૩ | ૧ | ૪ | ૪ | ૨ | ૧ | ૦ | ૧૫ | ૮૮.૨૪ | ૮૬.૦૦ | ૬૨.૩૩ |
| આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (સાયન્સ) | ૪૮ | ૪૭ | ૧ | ૦ | ૦ | ૩ | ૧૧ | ૨૨ | ૯ | ૧ | ૧ | ૪૭ | ૯૭.૯૨ | ૯૪.૧૪ | ૫૩.૯૫ |
| **સી.વી.એમ. ઉચ્ચતર માધ્ય. શિ.સંકુલ** | | | | | | | | | | | | | | | |
| આર.પી. ટી.પી. (વિજ્ઞાન પ્રવાહ) | ૮૮૧ | ૭૬૩ | ૧૦૩ | ૦ | ૧૪ | ૫૦ | ૮૦ | ૨૦૧ | ૩૨૨ | ૯૬ | ૦ | ૭૬૩ | ૮૬.૬૧ | ૯૪.૧૪ | ૬૩.૧૭ |
| ટી.વી. પટેલ (સામાન્ય પ્રવાહ) | ૪૨૭ | ૧૮૨ | ૨૪૫ | ૦ | ૧ | ૯ | ૨૬ | ૭૧ | ૭૦ | ૫ | ૦ | ૧૮૨ | ૪૨.૬૨ | ૬૬.૩૫ | ૫૩.૧૮ |
| એસ.એમ. પટેલ (ગૃહ વિજ્ઞાન) | ૬૬ | ૪૪ | ૨૨ | ૦ | ૩ | ૧૯ | ૧૮ | ૨ | ૧ | ૧ | ૦ | ૪૪ | ૬૬.૬૭ | ૬૭.૭૫ | ૭૩.૪૭ |
| | **૧૪૩૯** | **૧૦૫૧** | **૩૭૩** | **૦** | **૨૧** | **૮૨** | **૧૩૯** | **૩૦૦** | **૪૦૪** | **૧૦૪** | **૧** | **૧૦૫૧** | **૭૬.૪૧** | | **૬૧.૨૨** |



સીડીસીમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ લેંગ્વેજ સ્ટડીઝ એન્ડ ઍપ્લાઇડ સોશિયલ સાયન્સીસ(ઈલસાસ)ના ફૅકલ્ટી ડૅવલપમેન્ટ પ્રોગ્રામમાં આઈઆઈએમ-અમદાવાદ પ્રોફેસર રહેલા મનોવૈજ્ઞાનિક ડૉ. ડી.એમ. પેસ્તનજી મુખ્ય અતિથિ અને સીવીએમના માનદ મંત્રી પ્રિ.એસ.એમ. પટેલ  અધ્યક્ષસ્થાને હતા. આ પ્રસંગે સમાજશાસ્ત્રી ડૉ. ગૌરાંગ જાની, વરિષ્ઠ પત્રકાર નંદિની ઓઝા, ઈલસાસના આચાર્ય ડૉ. સન્ની થોમસ અને સીડીસીના નિયામક ડૉ.  હરિ દેસાઈ ઉપસ્થિત હતા.



સીવીએમસંચાલિત સીડીસીમાં ‘લોકસભાની ચૂંટણી અને શ્રી નરેન્દ્ર મોદીનું સત્તારોહણ’ પર વરિષ્ઠ પત્રકાર શ્રી કિશોર મકવાણા અને પ્રદેશ ભાજપના મીડિયા કન્વીનર પ્રા.ડૉ.હર્ષદ પટેલના વાર્તાલાપનું આયોજન થયું હતું. સમારંભમાં  સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલ અને માનદ સહમંત્રી ડૉ. એસ.જી. પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.

V-Vidyanagar 16 (7)
Published on Wednesday, 25.06.2014
ISSN 0976-9809 V-Vidyanagar

July 2014
No. of Pages 40 including cover

Postal Regd. No. AND/318/2012-14
RNI Regd. No. Guj/2009-11/5433
Posted At Vallabh Vidyanagar on 25th of Every Month

The World Heritage



Ranki Vav, Patan, Gujarat

Editor: Dr. Hari Desai

Printed at Anand Press, Anand 388 001

Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388 120, Gujarat